પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
વર્ષ: ૧૪, અંક : ૧૯૩
RNI NO GUJGUJ/2008/34329
ગ્રામ્ય આવૃત્તિ
પાના: ૧૨
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

નૂતન વર્ષાભિનંદન

તા. ૨૧/૧૦/૨૦૨૫ મંગળવાર

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

15 સફળતાના ૧૪ વર્ષ પૂરા કરી ૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

# ઉત્સવ પ્રિય લોકોએ હોંશભેર ઉજવી દિવાળી: આખી રાત ફટાકડા ફૂટયાં

## ૮ થી ૧૦ વાગ્યા સુધી જ ફટાકડા ફોડવાનું જાહેરનામું જોકે ૧૦ વાગ્યા પછી જ ફટાકડાની ધૂમ મચી

## વેપારીઓ દ્વારા સારા મુહુર્તમાં કરાયું ચોપડા-પૂજન: આજે પડતર દિવસ, આવતીકાલે નવા વર્ષની ઉજવણી

### અબતક અંક બંધ

નવા વર્ષના શુકનવંતા આરંભના અવસરે ‘‘અબતક’’ કાર્યાલય બુધવાર, ગુરૂવાર, શુક્રવાર અને શનિવારે સંપુર્ણ રજા રાખશે જેથી અંક પ્રસિદ્ધ થશે નહીં સોમવારથી અંક નિયમિત પ્રસિદ્ધ થશે જેની વાંચકો, વિતરક બંધુઓ અને વિજ્ઞાપનદાતાઓએ નોંધ લેવી.

– મેનેજિંગ તંત્રી

**અબતક, રાજકોટ**

વિક્રમ સંવત ૨૦૮૧ના અંતિમ દિવસ અર્થાત પ્રકાશના પર્વ દિવાળીની ઉત્સવપ્રિય જનતાએ હોંશભેર ઉજવણી કરી હતી. આખી રાત ફટાકડા ફૂટ્યા હતા. આજે પડતર દિવસ એટલે કે ધોકો છે. આવતીકાલે નવા વર્ષની ઉજવણી કરવામાં આવશે. બજારોમાં દિવાળીની શાનદાર રોનક જોવા મળી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર દિવાળીના દિવસે રાત્રીના ૮ થી ૧૦ કલાક દરમિયાન એમ બે કલાક માટે જ ફટાકડા ફોડવાની મંજુરી આપવામાં આવી હતી. આ માટે રાજ્ય સરકાર દ્વારા નોટિફીકેશન પણ પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતુ. પરંતુ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં મોટાભાગના વિસ્તારોમાં રાત્રીના ૧૦ વાગ્યા પછી જ ફટાકડા ફૂટવાનું શરૂ થયું હતુ. રાજકોટમાં તો આખી રાત ફટાકડા ફૂટવાનો અવાજ સતત ગુંજતો રહ્યો હતો. શહેરમાં અનેક જગ્યાએ આગ લાગવાના બનાવો બન્યા હતા જોકે જાનહાની થવા પામી ન હતી. આખી રાત ફટાકડા ફૂટવાના કારણે હવામાં પ્રદુષણનું પ્રમાણ વધી ગયું હતુ. દિવાળીના દિવસે મોડીરાત સુધી બજારોમાં ઘરાકીની રોનક જોવા મળી હતી. વેપારીઓએ શુભ મુહુર્ત ચોપડા પૂજન કરી વિક્રમ સંવત ૨૦૮૨માં ધંધા રોજગારને વેગ મળે તેવી પ્રાર્થના કરી હતી. રાત્રિના ૯ વાગ્યાથી ફટાકડા ફૂટવાનું શરૂ થયું હતુ. આખી રાત સતત ફટાકડા ફૂટવાના

(અનુ. આઠમા પાને)



## ભૂપેન્દ્ર પટેલે એક કોમન મેનની જેમ પૌત્ર સાથે માર્કેટમાં જઈને કરી દિવાળીની ખરીદી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્થાનિક વિક્રેતાઓ પાસેથી દીવડા સહિત જુદી-જુદી વસ્તુઓની ખરીદી કરીને સ્વદેશી અને ’વોકલ ફોર લોકલ’ નો પ્રચાર કર્યો છે. ફેરિયાઓ સાથે વાતચીત કરીને મુખ્યમંત્રીએ તેમને દિવાળીની શુભકામનાઓ પાઠવી છે. મુખ્યમંત્રીની સાદગીથી સ્થાનિક લોકો થયા પ્રભાવિત. સીએમ એટલે ‘‘કોમન મેન‘‘એ ઉક્તિને ભૂપેન્દ્રભાઈએ ફરી એકવાર પોતાની સાદગીથી સાબિત કરી છે.



# આજે ધોકો: કાલથી વિક્રમ સંવત ૨૦૮૨, વર્ષ ૧૩ માસનું હશે

## પીંજલ નામના સંવત્સરનો થશે આરંભ: અધિક માસ તરીકે જેઠ હશે: ગુરૂવારે ભાઈબીજનો તહેવાર

**અબતક, રાજકોટ**

આજે પડતર દિવસ છે. દરમિયાન આવતીકાલથી વિક્રમ સંવત ૨૦૮૨નો મંગલાઆરંભ થઈ રહ્યો છે. આ વર્ષ અધિક માસ હોવાના કારણે વર્ષ ૧૨ નહીં ૧૩ માસનું રહેશે.

સામાન્ય રીતે વર્ષના આરંભે પડતર દિવસ હોય અને અધિક માસ આવતો હોય ત્યારે વર્ષ દરમિયાન કોઈ મોટી ઘટના બનતી હોય છે.

કાલે બુધવાર થી પીંગલ નામના સંવત્સર નો પ્રારંભ થશે બુધવારે સ્વાતિ નક્ષત્ર હોવાથી આ દિવસ ઉત્તમ રહેશે વર્ષમાં ચાર વણ જોયા મુહૂર્ત ના દિવસો આવે છે તેમાં એક કારતક સુદ એકમ એટલે કે બેસતું વર્ષ પણ ગણાય છે આ દિવસે કોઈપણ શુભ કાર્ય કરવા માટે મુહૂર્ત જોવાની જરૂર રહેતી નથી.. આ વર્ષે અધિકમાસ એટલે કે પુરુષોત્તમ માસ પણ છે જેઠ મહિના તરીકે છે આમ આ વર્ષે બે જેઠ મહિના છે

નવા વર્ષે સવારે ઉઠી માતા-પિતા તથા વડીલોને પગે લાગવું. કુળદેવીને પગે લાગવું. પુજા માં ગુરૂ મંત્ર અથવા કુળદેવીના મંત્રની માળા કરવી. આ દિવસે શ્રીકૃષ્ણ ભગવાનને અન્નકુટ ધરાવવાનું પણ મહત્વ છે. કુંભ, મીન મેષ રાશીના જાતકોને સાડા સાતી ચાલી રહી છે. આથી આ રાશીના લોકોએ જીવનના મહત્વના નિર્ણય સમજી વિચારીને લેવા. કુંભ. વૃશ્ચિક. કર્ક રાશીના જાતકોને રાહુ અશુભ ચાલી રહ્યો છે. આથી આ રાશીના જાતકોએ પણ સાવચેતી રાખવી. મહાદેવજી, હનુમાનજીની ઉપાસના કરવી.

સ્વામી રાહુ છે આથી અનાજ મોંઘુ થાય ઝેરી બીમારીઓથી સાવચેત રહેવું ખાસ કરીને વાહન અકસ્માતમાં વધારો થાય વરસાદ સારો થાય આ વર્ષે માર્ચ મહિના દરમિયાન રાહુ મંગળ ગ્રહની કુંભ રાશિમાં યુતિ દેશના અર્થતંત્ર માટે તથા રાજકારણમાં નિર્ણાયક બનશે ખાસ કરીને આ સમય દરમિયાન રાજકારણમાં ગરમાવો આવે અનેકે ફેરફાર થવાની શક્યતા પણ રહેલી છે.



આવતીકાલેબુધવારે લોકો ઉમળકાભેર એકબીજાને નવા વર્ષની શૂભકામના પાઠવશે.

ગુરુવારે ભાઈબીજ નું વ્રત કરવાથી અકાળ મૃત્યુ અકસ્માત મૃત્યુનો ભય રહેતો નથી

બપોર ના ૧૨ વાગ્યે યમના જળ નુ આચમન કરવું ભાઈબીજ એટલે પુરા ભારત વર્ષમાં નહીં પરંતુ આખી દુનિયામાં ભાઈ - બહેનના સ્નેહ અને પ્રેમ નું પર્વ એટલે ભાઈબીજ. આ દિવસે સવારે વહેલા ઉઠી નિત્યકર્મ કરી અને ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યે યમના જળનું આચમન ઘરના બધા જ સભ્યોએ કરવુ. કહેવાય છે કે બપોરે ૧૨ વાગ્યે યમુનાજી સાક્ષાત પધારે છે આથી યમુના જળનું આચમન કરવુ ઉત્તમ છે

એવી એક માન્યતા છે પુરાણોમાં ભાઈબીજ નું મહત્વ અને તેના વ્રતનું ફળ પૌરાણીક કથા પ્રમાણે યમુનાજી પોતાના ભાઈ યમને જમવા બોલાવે છે પરંતુ યમરાજાને ફુરસદ ન હોવાથી તે ભાઈબીજના દિવસે જમવા આવે છે ત્યારે યમુનાજી ભાત ભાતના પકવાન બનાવી પોતાના ભાઈને જમાડે છે અને ત્યારે યમ રાજા કહે છે બહેન આર્શીવાદ માંગ તારે શું જોઈએ છે ત્યારે યમુનાજી કહે છે કે જે બહેનના ઘરે આજના દિવસે જે ભાઈ જમવા જશે તેને યમ યાતના ભોગવી ન પડે તથા તેને અકાળ મૃત્યુ ન આવે યમ રાજા આર્શીવાદ આપે છે આમ આજના દિવસે જે ભાઈ પોતાના બહેનના ઘરે જમવા જાય છે તેને અકાળ મૃત્યુનો ભય રહેતો નથી . આ દિવસે પોતાના બહેનના હાથે બનાવેલી રસોઈ જમવાથી ભાઈને દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ થાય છે અને શત્રુ ભય રહેતો નથી .

આ વર્ષે રવિવારે તારીખ ૨૬ ઓક્ટોબરના દિવસે લાભ પાંચમ છે.

# દિવાળીની રાતે રાજકોટની હવા બની ઝેરી: એકયુઆઈ ૫૦૦ એ પહોંચ્યો

## નાનામવા સર્કલ અને જામ ટાવર ખાતે એર ક્વોલીટી ઈન્ડેક્સ ૫૦૦ નોંધાયો: કોર્પોરેશન ચોકમાં ૪૭૨, સોરઠીયા વાડી ચોકમાં ૪૬૭ અને રામાપીર ચોકડીએ ૪૩૬ એકયુઆઈ, પીએમ ૨.૫ અને પીએ ૧૦ પણ અતિ નુકશાનકારક હદે આંબ્યો

**અબતક, રાજકોટ**

રાજધાની નવી દિલ્હીની માફક રાજકોટ શહેરમાં પણ દિવાળીની રાતે હવા અતિ ઝેરી બની જવા પામી હતી. શહેરમાં પાંચ જગ્યાએ એર કવોલીટી ઈન્ડેકસ અતિ જોખમી બની ગયો હતો. પીએમ ૨.૫ અને પી.એમ. ૧૦ પણ નુકશાનકારક હદે પહોંચી ગયો હતો. ખુબ જ ફટકડા ફુટયા હોવાના કારણે વહેલી સવારે પણ વાતાવરણમાં દારૂ ગોળાની જ વાસ આવતી હતી.



ગઈકાલે રાતે તો ફટાકડાનો ધુમાડો એટલે હવે વધી જવા પામ્યો હતો કે લોકોને આંખો બળવા માંડી હતી.

રાજકોટ મહાનગરપાલિકાના શહેરના અલગ અલગ ૨૦ જગ્યાઓએ સેન્સર મુકવામાં આવ્યા છે. જેમાં ગઈકાલે દિવાળીના દિવસે રાત્રિના ૧૨ વાગ્યે પાંચ સ્થળોએ એર કવોલીટી ઈન્ડેકસ અતિ જોખમ કારક બન્યો હોવાનું નોંધાયું હતું. શહેરના નાના મવા સર્કલ ખાતે અને જામ ટાવર ખાતે એકયુઆઈ ૫૦૦ એ પહોંચી ગયો હતો. આ ઉપરાંત કોર્પોરેશન ચોકમાં એકયુઆઈ ૪૭૨, સોરઠીયા વાડી સર્કલ ખાતે ૪૬૭ અને રામાપીર ચોકડી ખાતે ૪૩૬ નોંધાયું હતું. એકયુઆઈનું સ્ટાન્ડર્ડ વેરિએન્ટ ૧૦૦ સુધીનું માનવામાં આવે છે. ૧૦૦ થી આંક વધે એટલે હવા પ્રદુષીત બની જાય છે. કોર્પોરેશનની ઈસ્ટ ઝોન કચેરીએ એકયુઆઈ ૧૧૦, રેસકોર્સ ખાતે ૧૧૦, જડ્ડુઝ સર્કલ ખાતે ૧૧૬,

(અનુ. આઠમા પાને)

## દિવાળીએ પણ વરસાદ પડયો

### દાહોદના ગરબાડામાં ઝાપટુ

દિવાળીના દિવસે પણ મેઘરાજાએ હાઉકલી કરી હાજરી પુરાવી હતી. ગઈકાલે દિવાળીના દિવસે પણ વરસાદ પડયો હતો. દાહોદ જિલ્લાના ગરબાડામાં ૫ મીમી પાણી પડયું હતું. દરમિયાન નવી સિસ્ટમ સક્રિય થઈ હોય રાજયમાં છુટા છવાય વિસ્તારોમાં સામાન્ય વરસાદ વરસતો રહેશે ચોમાસાએ વિવિવતી વિદાય લઈ લીધી છે. પરંતુ સિસ્ટમો સક્રિય થવાના કારણે સતત વરસાદ ચાલુ છે.




નુતન વર્ષાભિનંદન તથા સ્નેહ મિલન સમારોહ



શ્રી જશાભાઈ ભાણાભાઈ બારડ
પૂર્વ રાજ્યમંત્રી, ગુજરાત રાજ્ય,
પ્રમુખશ્રી અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજ

વિ.સં. ૨૦૮૨ નું નવું વર્ષ દરેક સમાજના તમામ વડીલો યુવાનો ભાઈઓ-બહેનોને સુખદાયી, ફળદાયી, સમૃદ્ધિમય, તેમજ યશસ્વી નીવડે એવી શુભ કામનાઓ સાથે સૌને નુતન વર્ષના હાર્દિક અભિનંદન. તો આવો સૌ સાથે મળી પરસ્પર ભાઈચારા અને એકતાની ભાવના સાથે નુતન વર્ષની ઉજવણી કરીએ છીએ.

સ્નેહ મિલન :- તા. ૨૨/૧૦/૨૦૨૫, ને બુધવાર સમય - સવારના ૮ થી ૨ કલાક સુધી

સ્થળ : અમારા નિવાસ સ્થાન : ચામુંડા કૃપા, નગરપાલિકા કચેરીની સામે, સુત્રાપાડા

લી.

શ્રીજશાભાઈ ભાણાભાઈ બારડ
પ્રમુખશ્રી અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજ
પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
શ્રી રામભાઇ ભાણાભાઈ બારડ
શ્રી દિલીપસિંહ જશાભાઈ બારડ
મહામંત્રી ગીર સોમનાથ જિલ્લા ભાજપ
પ્રમુખશ્રી સુત્રાપાડા માર્કેટિંગ યાર્ડ
શ્રી અજયભાઈ રામભાઇ બારડ
નગરસેવક, નગરસેવા સદન સુત્રાપાડા
પ્રમુખશ્રી સુત્રાપાડા ખરીદ વેચાણ સંઘ

શ્રી નિલેષભાઈ રામભાઈ બારડ
કર્મરાજ દિલીપભાઇ બારડ
પ્રિયાંશ અજયભાઈ બારડ
ક્રિયોનાબેન દિલીપભાઇ બારડ
હેત્વિબેન દિલીપભાઇ બારડ

તથા બારડ પરિવાર

એડ. રામસિંહ મોરી - સુત્રાપાડા

નવું વર્ષ, નવી શરૂઆત, નવા સપના

# જિંદગીનો ઉત્સવ: એક વર્ષ પૂર્ણ, હવે નવા અધ્યાયની શરૂઆત, નવો પડાવ, નવી ઊર્જા

## જન્મદિવસનું નવુ વર્ષ હોય કે નવા વર્ષનું નવું વર્ષ, વાત તો જીવનમાં એક વર્ષ ઉમેરવાની છે: દરેકના જીવનમાં તેમની વાર્તાનું વધુ એક સુંદર વર્ષ દર વર્ષે શરૂ થાય છે : સૌ વાચક મિત્રોને ''અરસ પરસ બધું સરસ સરસ, નવું વર્ષ જશે સરસ સરસ''ની શુભકામના

નવું વર્ષ એ એક એવો દિવસ અથવા સમય છે જ્યારે નવું કેલેન્ડર વર્ષ શરૂ થાય છે અને ગણતરીમાં એક વર્ષનો વધારો થાય છે. આ એક એવો સમય છે જેની ઉજવણી દુનિયાભરની ઘણી સંસ્કૃતિઓ દ્વારા કરવામાં આવે છે. સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ગ્રેગોરિયન કેલેન્ડર મુજબ, નવું વર્ષ એક જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે. ગુજરાતીઓ માટે નવું વર્ષ સામાન્ય રીતે દિવાળીના બીજા દિવસે, એટલે કે કારતક સુદ એકમના દિવસે શરૂ થાય છે. આ દિવસને 'બેસતું વર્ષ' કે 'નૂતન વર્ષાભિનંદન' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે લોકો એકબીજાને ''સાલ મુબારક'' કે ''નૂતન વર્ષાભિનંદન'' કહીને શુભેચ્છાઓ પાઠવે છે.

ભારતમાં, વિવિધ ધર્મો અને પ્રદેશોમાં તેમના પોતાના કેલેન્ડર મુજબ અલગ-અલગ સમયે નવા વર્ષની ઉજવણી કરવામાં આવે છે, જેમ કે ચૈત્ર મહિનામાં હિંદુ નવું વર્ષ (ગુડી પડવો/ઉગાદી), બૈસાખી વગેરે. ગત વર્ષ 'ગમે તેવું' ગયું હોય આવનારૂં વર્ષ 'ગમે તેવું જશે' એવી બધાને ઊંડે ઊંડે આશા હોય છે. આજે આ લેખમાં મારે જન્મદિવસના નવા વર્ષ વાત કરવી છે. ખલિલ જિબ્રાન કહે છે કે, 'જિંદગી કદીય પીછેહઠ નથી કરી શકતી કે ગઈકાલમાં રોકાઈ નથી રહેતી' આમ એ દિવસ તો પાછો આવતો નથી, પણ હા એ તારીખો તો આવતી જ રહે છે આજે ૨૧મી ઓક્ટોબર મારો જન્મ દિવસ છે, એમ કહેવાય કે આજે મારી જન્મ તારીખ છે. તારીખ અને દિવસ કહો શું ફર્ક પડે પણ બન્ને પોતપોતાના સ્થાને સાચા છે. આપણા પરિવારમાં ઉજવાતા વિવિધ પ્રસંગોમાં હવેના યુગમાં જન્મ દિવસનું મહત્વ છે. આ દિવસ 'હેપ્પી' જ હોય છે તેથી હેપ્પી બર્થ ડે કહેવાય છે. આજે તો વિવિધ શુભેચ્છા કાર્ડ, ભેટ સોગાદો સાથે નાના બાળકોના જન્મ દિવસે રિર્ટન ગીફટ સાથે વર્ગખંડમાં કુછ મીઠા હો જાયે સાથે ટેસ્ટી ચોકલેટની જયાફત ઉડે છે. વર્ષોથી સરકારી શાળામાં આજનું ગુલાબ નામનો કાર્યક્રમ પ્રાર્થના સભામાં યોજાતો ને ગરીબ મા-બાપના બાળકનું શાળા પરિવાર હેપીબર્થ ડે ના શાનદાર સમુહ ગીત સાથે ગુલાબ આપીને શૈક્ષણિક નાની કીટ આપીને અભિવાદન કરે ત્યારે બાળકના ચહેરા પર ખુશી છવાઈ જતી, આજે મારે જન્મ દિવસના સંકલ્પ અવસરની વાત સાથે તેની પરંપરા વિશે વાત કરવી છે. ગરીબ હોય કે શ્રીમંત, રાજા હોય કે રંક બધાનો જન્મ દિવસ આનંદીત અર્થાત હેપ્પી જ હોય છે. ગત વર્ષ ગમે તેવું ગયું હોય પણ આવનારું વર્ષ ગતે તેવું જશે જ એવા દઢ સંકલ્પ ઉપર જીવનના લક્ષ્યો તરફથી ૩૬૫ દિવસની યાત્રા એ જ જન્મ દિવસનું સેલિબ્રેશન હોય શકે છે. અસર પરસ. બધુ સરસ સરસ. જેવી ટચુકડી વાત જીવન મર્મ સમજાવે છે. જન્મ દિવસ વ્યકિત કે સંસ્થાનો હોય શકે, સંસ્થા, યુનિટ કે કોઈ મહાન માણસની જન્મતિથી હોય પણ બધાના ઉત્સવો એક સરખા જ હોય છે. સંસ્થા તેનો સ્થાપના દિવસ ઉજવે તે હકિકતે 'બર્થ ડે' ઉજવણી જ છે. ગત વર્ષના વાર્ષિક જીવનના સરવૈયા બાબતે વિચાર કરવાનો પડાવ એટલે જન્મ દિવસ આજ દિવસે આવનારા ૩૬૫ દિવસમાં લક્ષ્ય આધારીત કાર્યોનું માઈક્રોપ્લાનીંગ પણ આજ દિવસે થતું હોવાથી ભૂતકાળને ભવિષ્ય કાળ વચ્ચે વર્તમાન દિવસની ઉજવણી છે.



લગભગ વિશ્વની બધી સંસ્કૃતિમાં જન્મદિવસની ઉજવણી કરાય છે. પાર્ટીઓ યોજાય છે. ક્રિસમસ, બુધ્ધનો જન્મ દિવસ કે ભગવાન કૃષ્ણની જન્માષ્ટમી આદિકાળથી આ પરંપરા ચાલતી આવી છે. આમ જોઈએ તો જન્મ દિવસ અને જન્મતિથી વચ્ચે અંતર છે. ૨૯ ફેબ્રુઆરીએ આવતો બર્થ ડે દર ૪ વર્ષે સેલીબ્રેશન ન કરતાં જન્મતીથી પ્રમાણે કરી શકાય છે.૧૮ કે ૨૧ વર્ષ પૂર્ણ થાય એટલે કાનુની રીતે તમે પુખ્ત ઉંમરના થઈ ગયા તેથી આ જન્મદિવસનું મહત્વ સાથે પરિપક્વતા વિશેષ છે. હવે તો ગરીબોને ભોજન, શૈક્ષણિક કીટ, રમકડા જેવી વસ્તુઓ ગીફટ આપીને બર્થ ડે સેલિબ્રેશન યુવા વર્ગ કરી રહ્યો છે. જે ખુબ જ સારી બાબત છે. વૃધ્ધાશ્રમમાં રહેતા એકલા વૃધ્ધો પણ હવે મનોરંજનથી આનંદ માણતા કે સેલિબ્રેશન કરે છે. ગામ, શહેર, જીલ્લો કે રાજ્ય દેશના પણ જન્મ દિવસ સ્થાપના દિવસ ભવ્ય રીતે ઉજવાય છે. દરેક માણસ ૧૮, ૨૧ કે ૨૫, ૫૦, ૬૦, ૭૫ ના વર્ષે ભવ્ય સેલીબ્રેશન કરે છે. સિલ્વર જ્યુબેલી, ગોલ્ડન જ્યુબેલી કે ૬૦ વર્ષે ષષ્ઠીપૂર્તિ મહોત્સવ કરે છે. તે જન્મ દિવસ સેલિબ્રેશન જ છે. નેપાળ ભારતમાં પ્રથમ જન્મ દિવસે મુંડન કરાવવાનો અવરસ છે. ફિલીપાઈન્સ દેશમાં ૧૮ કે ૨૧ મા વર્ષે, એશિયાઈ દેશોમાં ૬૦ વર્ષના સેલિબ્રેશન, કોરીયામાં પ્રથમ ૧૦૦ દિવસે, જાપાનમાં યુવા ૨૦ વર્ષે, યહુદી યુવાનો ૧૩ મે વર્ષે જન્મ દિવસ ઉજવણી કરી છે. સૌથી વાત વૈશ્વિક રીતે જોઈએ તો નાના બાળકોના બર્થ ડે ખુબ જ ઉલ્લાસથી ઉજવાય છે. જેટલા વર્ષ થાય તેટલા નંબરનું ટીશર્ટ પણ અત્યારની ફેશન છે. દુનિયામાં લગભગ બધા ભાગોમાં આ દિવસે 'કેક' કાપીને ઉત્સવો ઉજવાતા જોવા મળે છે. ઐતિહાસિક રોમન કેથોલિક અને પૂર્વી રૂઢીવાદી દેશો જેવા કે ઈટાલી, સ્પેન, ફ્રાંસ, જર્મની, પોલેંડ, રૂસ, રોમાનીયા, બલ્ગેરીયા, હંગેરી, ગ્રીસ, અમેરિકામાં આ દિવસ 'નામ દિવસ' તરીકે ઉજવાતો હતો, કેટલાક તેને સંત દિવસ પણ કહેતા, રાજાનો વર્ષનો નકકી કરેલ દિવસ અધિકારીક દોર પર જન્મદિવસ ઉજવાતો. આજે જન્મદિવસે મનોરંજન સામેલ થતાં આખો પરિવાર હર્ષોલ્લાસથી ઉજવણી કરે છે. સિયોલ અને દક્ષિણ કોરીયામાં બુધ્ધના જન્મ દિવસે લોટસ લાલટેન મહોત્સવ યોજાય છે. ઈસુમસીહનો ૨૪ કે ૨૫ ડીસેમ્બરે દુનિયાભરમાં નાતાલ ઉત્સવ યોજાય છે. ઓસ્ટ્રેલીયા, ફિજી, કેનેડા અને ન્યુઝીલેન્ડ કે યુનાઈટેડ કિંગડમમાં તેના રાણીનો જન્મ દિવસ અનેરા ઉત્સવ સાથે ઉજવાય છે.

ગ્રેગોરિયન કેલેન્ડરમાં ફેબ્રુઆરી લીપ વર્ષમાં વર્ષના ૩૬૬ દિવસ હમેશા ની જેમ ૩૬૫ દિવસમાં ૨૮ કે ૨૯ દિવસો આવે છે. પ્રાચિન ફારસીયુગમાં ઈસ પૂર્વે ૫મી સદીમાં ફારસી લોકો જન્મ દિવસનો જશ્ન મનાવતા જોવા મળે છે. પ્રાચિન રોમ, યહુદી ધર્મ, પ્રાચીન ચીન, ઈસાઈ ધર્મથી શરુ કરીને અત્યારના આધુનિક યુગમાં જન્મદિવસની ઉજવણી થતી આવી છે.




નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

**આપણી કૌટુંબિક પરંપરામાં જન્મ દિવસનું અનેરૂ મહત્વ છે, નાના બાળકથી લઈને દાદા, દાદીના જન્મ દિવસમાં અનેરો અવસર અને ઉત્સાહ જોવા મળે છે, ભૂતકાળની યાદોને ભવિષ્યના સંકલ્પોના કાર્યો વચ્ચેનો વર્તમાન દિવસ એટલે આપણો જન્મ દિવસ**

# બિલીવ સિસ્ટમ સકારાત્મક, તર્કસંગત અને પ્રગતિશીલ હોય તો જીવન ઉજ્જવળ બને છે

ચિંતનની પાંખે



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

આજના અંકમાં આપણે બિલિવ સિસ્ટમ અર્થાત માન્યતા વિશે જાણીશું. આવતા અંકમાં બિલિવ સિસ્ટમની નકારાત્મક અસરો વિશે જાણીશું. બિલીવ સિસ્ટમ' એટલે આપણી અંદર રહેલા એવા વિચારો અને માન્યતાઓનું જાળું, જે આપણી દરેક ક્રિયા અને પ્રતિક્રિયાનું મૂળ બને છે. આપણી માન્યતા જ આપણા જીવનની દિશા નક્કી કરે છે, જે માણસના જીવનને સફળ કે નિષ્ફળ બનાવી શકે છે. જે આપણું વિચારવાનું, વર્તવાનું અને જીવન જીવવાનું નિર્ધારિત કરે છે - તે છે 'બિલીવ સિસ્ટમ', અર્થાત માન્યતાનું તંત્ર.

બિલીવ સિસ્ટમ એટલે માણસના જીવનનો આધારસ્તંભ. તે આપણા નિર્ણય અને સંબંધો ઉપર ઊંડો પ્રભાવ પાડે છે.જો બિલીવ સિસ્ટમ સકારાત્મક, તર્કસંગત અને પ્રગતિશીલ હોય તો જીવન ઉજ્જ્વળ બને છે. પરંતુ જો તે અંધશ્રદ્ધા, ખોટી માન્યતાઓ અને ભય પર આધારિત હોય તો વ્યક્તિ અને સમાજ બંનેને નુકસાન કરે છે. આથી આપણી બિલીવ સિસ્ટમને સમયાંતરે તપાસતાં - સુધારતાં રહી આધુનિક દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ. બિલીવ સિસ્ટમ એટલે વ્યક્તિ કે સમાજનો વિશ્વાસ, મૂલ્યો, માન્યતાઓ અને વિચારસરણીનો એક સમૂહ. સાદી ભાષામાં કહીએ તો, 'માણસ જે રીતે દુનિયાને જુએ છે અને તેના આધારે જે રીતે વર્તે છે, તે બધું તેની બિલીવ સિસ્ટમ પર આધારિત છે.' બિલીવ સિસ્ટમ જીવનને ઘડતી શકિતશાળી તાકાત છે. માણસે સકારાત્મક વિચારસરણી, તર્કશક્તિ, શિક્ષણ, આત્મજાગૃતિ અને આધ્યાત્મિક શાંતિ અપનાવી હોય તો તે ખોટી માન્યતામાંથી મુક્ત રહેવું જોઈએ. સાચી બિલીવ સિસ્ટમ માણસને સફળ, આનંદમય અને પ્રગતિશીલ જીવન તરફ દોરી જાય છે બિલીવ સિસ્ટમ એક શક્તિશાળી સાધન છે. જો તે સકારાત્મક અને તર્કસંગત હોય તો જીવનને ઊંચાઈ સુધી લઈ જાય છે. પરંતુ જો તે નકારાત્મક હોય તો વ્યક્તિ અને સમાજ બંનેને પછાડે છે.

આથી, આપણે પોતાની માન્યતાઓની ચકાસણી કરી, સુધારણા કરી અને આધુનિકતાને સ્વીકારવાની તૈયારી રાખવી જોઈએ.

માનવજીવન મૂલ્યો, વિચારસરણી અને માન્યતાઓના આધાર પર આગળ વધે છે. દરેક વ્યક્તિના વિચાર, નિર્ણય અને વર્તન પાછળ તેની બિલીવ સિસ્ટમ કાર્યરત હોય છે. દરેક માણસ પોતાના જીવનમાં જે મૂલ્યો, વિચારો, માન્યતાઓ અને અનુભવોથી પ્રેરિત બને છે તે તેની બિલીવ સિસ્ટમ કહેવાય. આમાં ધાર્મિક માન્યતાઓ, સામાજિક નિયમો, વ્યક્તિગત વિચારધારા અને જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ સામેલ છે. જો કોઈ વ્યક્તિ માને કે 'હું ગણિતમાં નબળો છું',તો એ વિચાર તેને પ્રયત્ન કરવાથી અટકાવે છે.પણ જો એ જ વ્યક્તિ માને કે, 'હું સતત પ્રયત્ન કરું તો બધું શીખી શકું છું,' તો તે સફળતા સુધી પહોંચી જાય છે. અથવા કોઈ ખેલાડી માને કે, 'હું જીતી શકું છું', તો તેની અંદર એ જ માન્યતા ઊર્જા બનીને કાર્ય કરે છે.આ જ છે બિલીવ સિસ્ટમની અદ્રશ્ય પણ અદ્ભુત શકિત. કોઈ પણ વ્યક્તિના નિર્ણયો, વર્તણૂક, સંબંધો અને લક્ષ્યો તેની બિલીવ સિસ્ટમથી પ્રભાવિત થાય છે.

**બિલીવ સિસ્ટમની સકારાત્મક અસરો**

**૧. આત્મવિશ્વાસમાં વધારો:** જ્યારે વ્યક્તિ માને છે કે 'હું કરી શકું છું', ત્યારે તે અડચણોને અવરોધ નહીં પણ અવસર તરીકે જુએ છે. આત્મવિશ્વાસ એ દરેક સફળતાનું પ્રથમ પગથિયું છે.

**૨. લક્ષ્ય પ્રાપ્તિમાં સહાયરૂપ:** સકારાત્મક માન્યતા માણસને પોતાના સપનાને હકીકત બનાવવા પ્રેરિત કરે છે. એ માન્યતા તેને સતત પ્રયત્નશીલ રાખે છે.

**૩. સકારાત્મક સંબંધોનું નિર્માણ:** હકારાત્મક માન્યતા ધરાવતો માણસ અન્ય લોકોમાં સારા ગુણો જુએ છે, તેના કારણે સંબંધો પ્રેમભર્યા બને છે.

**૪. મૂલ્યો અને નૈતિકતાનું સંરક્ષણ:** સાચી બિલીવ સિસ્ટમ માણસને સત્ય, અહિંસા, ઈમાનદારી જેવાં મૂલ્યો તરફ દોરી જાય છે.

**૫. માનસિક શાંતિ અને સંતુલન:** ધાર્મિક, આધ્યાત્મિક કે માનસિક સકારાત્મક માન્યતાઓ તણાવ ઘટાડે છે અને જીવનમાં શાંતિ આપે છે.

**૬. સમાજમાં એકતા અને સહકાર:** સામાન્ય મૂલ્યો ધરાવતી માન્યતાઓ સમાજમાં ભાઈચારો, વિશ્વાસ અને સહકાર લાવે છે.

## કાર્યક્રમોની યાદી (અબતક CHANNEL)

**તારીખ ૨૧-૧૦-૨૦૨૫ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કારખાનું)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ઈમ્યુનિટી બુસ્ટર ઢોસો)
૦૩:૩૦ થી ૦૪:૦૦ લોક વાર્તા (જીજ્ઞા ગઢવી)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ન્યૂમરોલોજી (ડો.જીનલ શાહ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ મોતીડાંનો થાળ (નિલેશ પંડ્યા)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ ચસ્કાની મોજ (બિગ બાઈટ સેલેબરાશન)
૦૭:૩૦ થી ૦૮:૦૦ હસાયરો શો
૦૮:૦૦ થી ૦૯:૩૦ ચાલને જીવી લઈએ
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૨-૧૦-૨૦૨૫ બુધવાર**
૦૭:૦૦ થી ૦૭:૩૦ પ્રભાતિયા (ભાસ્કર શુક્લ)
૦૭:૩૦ થી ૧૦:૩૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મેઘાણી કથા (શાંતિલાલ રાણીંગા લોક ગાયક)
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી શંખ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ લોક વાર્તા (જીજ્ઞા ગઢવી)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ન્યૂમરોલોજી (ડો.જીનલ શાહ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ મોતીડાં નો થાળ (નિલેશ પંડ્યા)
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મારી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ ચસ્કાની મોજ (બિગ બાઈટ)
૦૮:૦૦ થી ૦૮:૩૦ હસાયરો શો
૦૮:૩૦ થી ૦૯:૩૦ ચાલને જીવી લઈએ
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૩-૧૦-૨૦૨૫ ગુરુવાર**
૦૭:૦૦ થી ૦૭:૩૦ પ્રભાતિયા (ભાસ્કર શુક્લ)
૦૭:૩૦ થી ૧૦:૩૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મેઘાણી કથા (શાંતિલાલ રાણીંગા લોક ગાયક)
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રામ લડુ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ લોક વાર્તા (જીજ્ઞા ગઢવી)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ન્યૂમરોલોજી (ડો.જીનલ શાહ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ મોતીડાં નો થાળ (નિલેશ પંડ્યા)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ ચસ્કાની મોજ (સોનાલી રેસ્ટોરન્ટ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ સમી સાંજ
૦૮:૦૦ થી ૦૯:૩૦ ચાલને જીવી લઈએ
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૪-૧૦-૨૦૨૫ શુક્રવાર**
૦૭:૦૦ થી ૦૭:૩૦ પ્રભાતિયાં (ભાસ્કર શુક્લ)
૦૭:૩૦ થી ૧૦:૩૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ

## કાર્યક્રમોની યાદી (અબતક CHANNEL)

૧૧:૩૦ થી ૧૨:૦૦ મેઘાણી કથા (શાંતિલાલ રાણીંગા લોક ગાયક)
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કોથે મોમોસ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ લોક વાર્તા (જીજ્ઞા ગઢવી)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ન્યૂમરોલોજી (ડો.જીનલ શાહ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ મોતીડાં નો થાળ (નિલેશ પંડ્યા)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કાર્બન કોપી)
૦૭:૦૦ થી ૦૭:૩૦ ચસ્કાની મોજ (ઈન્ફીનીટી રેસ્ટોરન્ટ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ સમી સાંજ
૦૮:૦૦ થી ૦૯:૩૦ ચાલને જીવી લઈએ
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૫-૧૦-૨૦૨૫ શનિવાર**
૦૭:૦૦ થી ૦૭:૩૦ પ્રભાતિયા (ભાસ્કર શુક્લ)
૦૭:૩૦ થી ૧૦:૩૦ રામ કથા (પુ.મોરારીબાપુ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મેઘાણી કથા (શાંતિલાલ રાણીંગા લોક ગાયક)
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (દાળ કાલબેલિયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ લોક વાર્તા (જીજ્ઞા ગઢવી)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ન્યૂમરોલોજી (ડો.જીનલ શાહ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ મોતીડાં નો થાળ (નિલેશ પંડ્યા)
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુરૂભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ ચસ્કાની મોજ (રાજદીપ આઈસ્ક્રીમ)
૦૮:૦૦ થી ૦૮:૩૦ સમી સાંજ
૦૮:૩૦ થી ૦૯:૩૦ ચાલને જીવી લઈએ
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૬-૧૦-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામ કથા (પુ.મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મેઘાણી કથા (શાંતિલાલ રાણીંગા લોક ગાયક)
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ઉડાન છુ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેજીટેબલ કઠી રોલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ લોક વાર્તા (જીજ્ઞા ગઢવી)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ન્યૂમરોલોજી (ડો.જીનલ શાહ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ મોતીડાં નો થાળ (નિલેશ પંડ્યા)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ચૂપ રહો ખુશ રહો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ ચસ્કાની મોજ (રાજમંદિર ફૂડ ઝોન)
૦૭:૩૦ થી ૦૮:૦૦ સમી સાંજ
૦૮:૦૦ થી ૦૯:૩૦ ચાલને જીવી લઈએ
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૭-૧૦-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામ કથા (પુ.મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૨-૧૦-૨૦૨૫ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** કારતક શુદ એકમ વિક્રમ સંવત ૨૦૮૨નો પ્રારંભ
**નક્ષત્ર** સ્વાતી
**યોગ** પ્રીતિ **કરણ:** કિસ્તુઘ્ન
**સુર્યોદય** ૬.૪૭ **સુર્યાસ્ત:** ૬.૧૫
**ચંદ્ર રાશી** તુલા
**રાશિ અક્ષર** ર.ત.
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૦૮ થી ૧.૫૪

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૧૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | | | ૮ | ૨ |
| | | | ૯ | | ૪ | | | |
| ૨ | ૭ | | | | ૬ | | ૧ | ૪ |
| | | ૪ | | | | ૬ | ૫ | ૭ |
| | | | | ૬ | | | | ૩ |
| | | | | | ૮ | | | |
| | | ૮ | | ૫ | | ૧ | | |
| ૩ | | ૯ | ૧ | ૭ | | | | ૮ |
| | | | ૬ | ૮ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૨૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૯ | ૬ | ૪ | ૮ | ૫ | ૨ | ૭ | ૧ |
| ૮ | ૨ | ૭ | ૧ | ૯ | ૩ | ૫ | ૪ | ૬ |
| ૧ | ૪ | ૫ | ૨ | ૬ | ૭ | ૩ | ૮ | ૯ |
| ૬ | ૮ | ૯ | ૫ | ૩ | ૨ | ૭ | ૧ | ૪ |
| ૪ | ૧ | ૨ | ૯ | ૭ | ૬ | ૮ | ૩ | ૫ |
| ૫ | ૭ | ૩ | ૮ | ૧ | ૪ | ૯ | ૬ | ૨ |
| ૯ | ૬ | ૪ | ૩ | ૫ | ૮ | ૧ | ૨ | ૭ |
| ૨ | ૫ | ૮ | ૭ | ૪ | ૧ | ૬ | ૯ | ૩ |
| ૭ | ૩ | ૧ | ૬ | ૨ | ૯ | ૪ | ૫ | ૮ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૨.૧૦.૨૦૨૫, બુધવાર, સંવંત ૨૦૮૨, કારતક સુદ એકમ, સ્વાતિ નક્ષત્ર, પ્રીતિ યોગ, કિંસ્તુઘના કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** જાહેરજીવનમાં સારું રહે,યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય,શુભ દિન.
**વૃષભ (બ,વ,ઉ) :** સવાર બાજુ નો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવું.
**મિથુન (ક,છ,ઘ) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.
**કર્ક (ડ,હ) :** જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.
**સિંહ (મ,ટ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ) :** બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબત માં સારું રહે.
**તુલા (ર,ત) :** તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈક કરી બતાવી શકો.
**વૃશ્ચિક (ન,ય) :** તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય, સિફતથી કામ લેવું ગુસ્સા માં આવી નિર્ણયો ના કરવા સલાહ છે .
**ધન (ધ,ભ,ફ,ઢ) :** સગા સ્નેહી મિત્રો થી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.
**મકર (ખ,જ) :** વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**કુંભ (ગ ,સ,શ ) :** ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારો થી સારું રહે, લાભદાયક દિવસ.
**મીન (દ,ચ,ઝ,થ) :** અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો.

# મંત્રી કમલેશ પટેલ વ્રજધામના દર્શન થકી થયા ધન્ય

**અબતક, રાજકોટ**

ગુજરાતના નવનિયુકત મંત્રી કમલેશભાઈ પટેલે વ્રજધામ સંકુલની મુલાકાત લીધી હતી અને વ્રજરાજકુમારજી મહોદયના આશીર્વાદ લીધા ઠાકોરજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.




શુભ દિપાવલી
નૂતન વર્ષાભિનંદન
આજના નુતન વર્ષના મંગળ પ્રભાતે જીવનમાં નવો પ્રકાશ, નવો ઉમંગ, નવા મુધર નિર્ણયો અને નવી દ્રષ્ટીથી જગત અને આપણા સમાજને નિહાળવાનો સંકલ્પ કરીએ
સોનગરા એન્ટરપ્રાઇઝ
જીતુભાઈ સોનગરા

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ
નૂતન વર્ષાભિનંદન

ભરતભાઈ વ્યાસ
વ્યાસ ફેશન, ધ્રાંગધ્રા

આપનો ભરોસો એજ અમારી સફળતા...
રજવાડી
ગુજરાત નું No.1 પશુઆહાર
નૂતન વર્ષાભિનંદન
દૂધમાખણ મટકા પશુ આહાર
હિરેનભાઈ સાકરીયા
રજવાડી કેટલફીડ, જસદણ - અમદાવાદ હાઈવે, જસદણ (૩૬૦૦૫૦), રાજકોટ, ગુજરાત. મો : ૯૯૦૮૯૫૪૦૫૪

નૂતન વર્ષાભિનંદન
100% PURE
MASOOM OILS
ડબલ ફીલ્ટર્ડ સીંગતેલ
Groundnut Oil
Cotton Seed Oil
1 Ltr., 5 Ltr., 15 Kg.જાર, 15Kg.ટીન, તથા કનેરમાં ઉપલબ્ધ.
Manufactured & Packed by : Somnath Ginning Factory
Email : masoomoils@gmail.com
Customer Care : +91 70503 55555


DHANANJAY DEVELOPER
ONE WHO WINS WEALTH
અબતક સાંધ્ય દૈનિક
ને દિલ થી હૃદયપૂર્વક શુભકામનાઓ
શૈલેષભાઈ માઉં
હર્ષિલભાઈ માઉં
ધનંજય ડેવલોપર
રાજકોટ

સૌરાષ્ટ્રની ધીંગી ધરાના ખમતીધર અખબાર અબતક ને ગૌરવવંતી શુભકામના
એક શુભેચ્છક

નૂતન વર્ષાભિનંદન

કુલદીપસિંહ ઝાલા
પ્રમુખશ્રી
ધ્રાંગધ્રા નગરપાલિકા

અબતકને ૧૫માં વર્ષમાં
મંગલ પ્રવેશ બદલ હાર્દિક શુભકામનાઓ
એક શુભેચ્છક

મૂલનિષ્ઠ પત્રકારત્વને વરેલા
અબતક દૈનિકને અઢળક શૂભકામના
એક શુભેચ્છક

શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન
ઝગમગતી દિવડાઓની રોશનીથી પ્રકાશીત આ દિપાવલી આપના ઘરમાં સુખ સમૃદિધ અને આશિર્વાદ લઈને આવે એવી શુભકામના સહ....
વિપુલભાઈ પટેલ
તપોવન વિદ્યાલય
ધ્રાંગધ્રા

દિપાવલી પર્વની શુભકામના સહ નૂતન વર્ષાભિનંદન...
તમને અને તમારા પરિવારને દિવાળી અને સમૃધ્ધ નવા વર્ષની શુભેચ્છાઓ... અમે તમને તંદુરસ્ત અને લાભદાયી જીવનની શુભેચ્છા પાઠવીએ છીએ

રીતુલભાઈ પટેલ
તાલુકા ભાજપ પ્રમુખ ધ્રાંગધ્રા
ગામ: ગાજણવાવ

દિવાળીની હાર્દિક શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન
ઝગમગતી દિવડાઓની રોશનીથી પ્રકાશીત આ દિપાવલી આપના ઘરમાં સુખ સમૃદિધ અને આશિર્વાદ લઈને આવે એવી શુભકામના....
જિલ્લા આરટીઓ ઓફિસ
સુરેન્દ્રનગર

દિપોનો આ પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ હજાર, લક્ષ્મીજી બીરાજે આપને દ્વાર, અમારી શુભકામનાઓ કરો સ્વીકાર
શુભ દિપાવલી તથા નુતન વર્ષાભિનંદન
નેવીલ પટેલ
ધ્રાંગધ્રા

તંત્રી લેખ

# ચાલો અંધકારને ઉલેચી પ્રકાશના દીવડા પ્રજ્જવલિત કરીએ

દિવાળીનો તહેવાર અંધકાર પર પ્રકાશ, અન્યાય પર ન્યાય અને નકારાત્મકતા પર સકારાત્મકતાના વિજયનું પાવનકારી પ્રતિક છે.

દિવાળીનો તહેવાર આપણને એ સંદેશ આપે છે કે જ્યારે આપણે પોતાના અંતઃકરણમાં સત્ય, સદાચાર અને આત્મબળનો દીપ પ્રજ્વલિત કરીએ છીએ, ત્યારે આપણા જીવનમાં આશા, સમૃદ્ધિ અને શાંતિનો પ્રકાશ ફેલાય છે.

આ પાવન અવસરે ભારતને ફરી સોનાની ચિડિયા બનાવવા માટે સ્વદેશી ચીજ વસ્તુઓ અપનાવવાનો સંકલ્પ લેવો જોઈએ અને તેનું મક્કમપણે પાલન કરવું જોઈએ.આપણા દેશમાં નિર્મિત વસ્તુઓનો ઉપયોગ કરવી જોઈએ .આપણા દેશના કારીગરો, ખેડુતો અને ઉદ્યોગકારોને સશક્ત બનાવવા જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને પણ સાકાર કરવામાં સહભાગી થવું જોઈએ. ભારતની સંસ્કૃતિ 'વસુધૈવ કુટુંબકમ્'ના આદર્શો પર આધારિત રહી છે, એટલે કે સમગ્ર માનવજાત એક પરિવાર છે. આ જ ભાવનાથી પ્રેરિત થઈને આપણે પર્યાવરણનું સંરક્ષણ, પ્રાકૃતિક સંસાધનોનું સમ્માન અને પ્રાકૃતિક ખેતી જેવા ટકાઉ જીવનમૂલ્યોનો સ્વીકાર કરીને એક ઉજ્જ્વળ, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ભાગીદાર બનવા માટે સતત પ્રયાસો કરવા જોઈએ.દિપાવલીનું પર્વ સૌના જીવનમાં સુખ, શાંતિ, આરોગ્ય અને સમૃદ્ધિનો પ્રકાશ ફેલાવે તેવો પ્રયાસ કરતો રહેવો જોઈએ.દિવાળીને પ્રકાશનું પર્વ એટલા માટે પણ કહેવામાં આવે છે કે જીવનમાં એક નવા જ ઉત્સાહનું નિર્માણ થાય છે.

# વેરાવળ: શિવના સાનિધ્યમાં યોજાનારા કાર્તિકી મેળાની તૈયારીઓ પુરજોશમાં

## મેળાના સુચારૂ આયોજન અંગે કલેકટર એન.વી.ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

જિલ્લા સેવા સદન, ઈણાજ ખાતે કલેક્ટર એન.વી.ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતિ અને કાર્તિકી પૂર્ણિમાના મેળા અંગે બેઠક યોજાઈ હતી.




જિલ્લા માર્ગ સલામતિની બેઠકમાં જિલ્લામાં અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે તેમજ કાર્તિકી પૂર્ણિમાના મેળા અંગેની બેઠકમાં મેળાના સુચારૂ આયોજન અને મેળામાં મહાલવા આવતા નાગરિકો વ્યવસ્થિત મેળો માણી શકે એ માટેના આયોજન વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

ભગવાન શિવના સાન્નિધ્યે તા.૦૧.૧૧.૨૦૨૫ થી ૦૫.૧૧.૨૦૨૦૫ દરમિયાન યોજાનાર કાર્તિકી પૂર્ણિમાના મેળા અંતર્ગતની બેઠકમાં સોમનાથ મંદિરના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ પ્રેઝન્ટેશનના માધ્યમથી મેળાની એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ સહિત, સાંસ્કૃતિક કાર્યક્રમોના મંચ, ખાણી-પીણીના વિવિધ સ્ટોલ, બાળકો માટેની મનોરંજક રાઈડ્સ સહિતની વ્યવસ્થાઓ વિશે વિગતે જણાવ્યું હતું.

કલેકટર અને જિલ્લા પોલીસવડાએ મેળા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા, પૂરતો પોલીસ બંદોબસ્ત, કાર અને બાઈકની પાર્કિંગ વ્યવસ્થા નિશ્ચિત કરવા, વિવિધ સ્થળો પર લોસ્ટ એન્ડ ફાઉન્ડ કાઉન્ટર, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન અંગે ચર્ચા તેમજ આરોગ્ય જાળવણી અને મેળાના સ્થળ પર કાયમી સ્વચ્છતા અને ફાયર ફાઈટર સહિતના મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપી અને નાગરિકોની સુવિધાલક્ષી આયોજન અંતર્ગત વિશેષ તકેદારી રાખવા માટે જણાવ્યું હતું.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલ, સર્વે પ્રાંત અધિકારી વિનોદ જોશી, કે.આર.પરમાર, નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર, સી.પી.ખટાણા, ચૌધરી સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ધ્રાંગધ્રાની બજારોમાં તહેવારોની રોનક: ધુમ ખરિદી


**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં દિવાળીના પર્વની ઉજવણીને અનુલક્ષીને શહેરના બજારોમાં છેલ્લી ઘડીએ ખરીદીનો જોરદાર માહોલ જોવા મળ્યો હતો સવારે ધીમે ધીમે શરૂ થયેલી ખરીદી બોપર પડતાં જ શિખર પર પહોંચી ગઈ હતી, ત્યારે ધ્રાંગધ્રાના મુખ્ય બજારો, સ્ટેશન



રોડ, કોટચૌક વિસ્તાર સહિતના વિસ્તારોમાં જાણે માનવ સમુદ્ર ઉમટી પડ્યો હોય તેવો નજારો જોવા મળ્યો હતો પરિવારો, સ્ત્રીઓ તથા બાળકો ખરીદીમાં વ્યસ્ત જોવા મળ્યા હતા. મીઠાઈ, ફરસાણ, રેડીમેડ કપડાં, ફુટવેર, ફટાકડા, ડ્રાયફ્રૂટ, ગૃહ સુશોભન સામગ્રી અને મુખવાસ જેવી વસ્તુઓની ખરીદી માટે ગ્રાહકો દુકાનેથી દુકાન દોડી રહ્યા હતા. ગ્રાહકો પરિવાર સાથે ખુશીપૂર્વક ખરીદી કરતા દેખાયા હતા. શહેરના વેપારીઓ માટે દિવાળીની છેલ્લી ઘડી આનંદ અને વ્યવસાય બંને લઈને આવી હતી. છેલ્લા કેટલાય દિવસથી મંદી જેવી સ્થિતિનો સામનો કરી રહેલા વેપારીઓના ચહેરા પર ખુશીની ઝલક જોવા મળી હતી.

# ઉપલેટાની સ્વીટ પરી પ્રાથવીનો આજે જન્મદિવસ



ઉપલેટાના સેવાભાવી મુરલીધર કન્ટ્રકશન વાળા ખોબાભાઈ ડાંગર અને પારસબેનની લાડકવાય દિકરી પ્રાથવીનો આજે જન્મ દિવસ છે. અભ્યાસ તેજસ્વી અને વાંચનનો શોખ ધરાવતી પ્રાથવીને આજે જન્મ દિવસ મઢના ભૂવા આતા સાંગભાઈ, વાહણભાઈ પાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, શિક્ષણ સમિતીના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન મનોજભાઈ નંદાણીયા, નગર સેવકો નિમિષ પાનસરા, દિપકભાઈ સુવા, મહેશભાઈ સુવા, ચંદ્રપાલસિંહ જાડેજા, રજાકભાઈ હિગોરા, પત્રકાર ભરતભાઈ રાણપરીયા, ભોલું રાઠોડ, શેહમીદ બાદશાહ, ભાવેશ ગોહેલે અભિનંદન આપ્યા હતા. પ્રાથવીના જન્મ દિવસે મમ્મી - પપ્પા તથા બેન હર્મીએ સાંજે બચ્ચા પાર્ટીનું આયોજન કરેલ છે.

# પ્રદેશ ભાજપ અગ્રણી નીતિન ભારદ્વાજનો આજે જન્મદિવસ



ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી રાજકોટ મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ, બ્રહ્મ સમાજના અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજનો આજે જન્મદિન છે. ચોમેરથી અભિનંદન વર્ષા થઈ રહી છે. મોટાભાઈ અભયભાઈ ભારદ્વાજના પગલે નીતિનભાઈ પણ બાલ્યાવસ્થાથી જ રાષ્ટ્રસેવાના રંગે રંગાયેલા છે. ભાજપના તેઓ પાયાના અને નિષ્ઠાવાન કાર્યકરો પૈકીના એક છે. જ્યારે-જ્યારે પક્ષને તેઓની જરૂર પડી ત્યારે સંકટ મોચન બની તેઓ ઉભા રહે છે. પક્ષ પ્રત્યે તેઓની નિષ્ઠાને ધ્યાનમાં રાખી હાઈકમાન્ડ દ્વારા તેઓને રાજકોટ શહેર ભાજપના અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. આ ઉપરાંત બે વખત રાજકોટ મહાનગર પાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન બનાવવામાં આવ્યા. વિધાનસભામાં રાજકોટ પશ્ચિમ બેઠકના ઈન્ચાર્જ તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે. હાલ પ્રદેશ ભાજપના કારોબારી સભ્ય તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. આજે જન્મદિન નિમિતે તેઓના મોબાઈલ નંબર ૯૮૨૪૦ ૪૩૦૪૩ ઉપર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે. તેઓ જીવનમાં સફળતાના શિખરો સર કરે તેવી શુભકામના ''અબતક'' પરિવાર પાઠવી રહ્યું છે.

# માધુપુર ગીરમાં ડોબરીયા પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો ધર્મોત્સવ

## કારતક સુદ આઠમથી કારતક સુદ પૂનમ સુધીના આયોજન: ભાવિકોને ઉમટી પડવા આહવાન

**અબતક આકોલવાડી**

માધુપુર ગીરમાં ડોબરીયા પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ પારાયણ અને ડોબરીયા પરિવારના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે

માધુપુર ગીર લેઉવા પટેલ સમાજ ખાતે ૩૦/૧૦થી ૫,૧૧સુધી યોજાનનારા આ મહોત્સવ નો પ્રારંભ ૨૯/૧૦સવારે ૬વાગે હેમાદ્રી શ્રવણ થી થશે ૩૦/૧૦ સવારે ૬૩૦ પિતૃ દેવ પૂજન, ૯/૩૦ પોથીયાત્રા.૩૧/૧૦ સાંજે ૫/૩૦ કપિલ જન્મ, ૧/૧૧ સાંજે ૬ વાગે નુંસિંહજી જન્મ પ્રાગટ્ય,૨/૧૧ સવારે ૧૦/૩૦ કલાકે વામનજી જન્મ પ્રાગટ્ય, ૨/૧૧ બપોરે ૧૨ વાગ્યે રામચંદ્રજી જન્મ પ્રાગટ્ય, સાંજે ૫/૩૦ કલાકે શ્રીકૃષ્ણ પ્રાગટ્ય નંદ મહોત્સવ, સાંજે મહાપ્રસાદ, ૩/૧૧ સાંજે ૫/૩૦કલાકે ગીરીરાજ ઉત્સવ,૪/૧૧,૩ વાગે રુક્ષ્મણી વિવાહ ઉત્સવ,૫/૧૧ સવારે ૧૦ વાગે સુદામા ચરિત્ર કથા, અને ત્યારબાદ પરીક્ષિત મોક્ષ કથા યોજાશે


આ મહોત્સવમાં કથાનું રસપાન જુનાગઢ વાળા ભગવત આચાર્ય શાસ્ત્રી મનોજભાઈ પુરોહિત કરાવશે અલૌકિક મનોરથ માં ૩૦/૧૦સવારે ૮ વાગે ઠાકોરજીના સામૈયા ૩/૧૧ રાત્રીના આપ શ્રી ના સામૈયા ૪/૧૧ ૨ બપોરે૧૧ વાગ્યે શ્રીના પલના નંદ મહોત્સવ ૪/૧૧ બપોરે ૧૨ બ્રહ્મસંબંધ૪/૧૧ વાગે ૫ વાગે આપશ્રીના વચનામૃત અને સાંજે ૮વાગે શ્રી લોટીજી ઉત્સવ માલા પહેરામણી સહિતના તમામ કાર્યક્રમમાં દરેક વૈષ્ણવએ ઉપસ્થિત રહી નિયમિત પ્રસાદ ગ્રહણ કરવાની અપીલ કરવામાં આવી છે

આ મહોત્સવને સફળ બનાવવા ડોબરીયા પરિવાર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે

# ગોંડલના મોવિયા ધામમાં સંત ખીમદાસબાપુના સાનિધ્યમાં દીપાવલી-નુતન વર્ષની ભવ્ય ઉજવણી

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**


સંત ખીમદાસ બાપુ ચૈતન્ય સમાધિ મંદિર વડવાળી જગ્યા મોવિયા દીપાવલી મહોત્સવ ના તહેવારની ઉજવણી કરવામાં આવસે દિપાવલી પ્રસંગે સોમવારે વિશેષ શણગાર રોશની દર્શન, રાત્રે ચોપડાપુજન થસે.દીપાવલીના બીજો દીવસ એટલે કે ૨૧તારીખ સંપૂર્ણ પડતર રેહસે.તેમજ કારતક સુદ એકમને બુધવારે તા. ૨૨-૧૦-૨૫નુતન વર્ષ ના દિવસે અન્નકુટ દર્શન સવારથી સાંજ સુધી ખુલ્લા રહેસે... મોવિયા ધામ માં સંત ખીમદાસબાપુ ચૈતન્ય સમાધિ મંદિર વડવાળી જગ્યા મા નવા વર્ષ



ના પ્રથમ દિવસે પુ. મહંત ભરતબાપુ અને અલ્પેશ બાપુના સાનિધ્યમાં ઠાકર મંદિરમાં અન્નકુટ ધરવામાં આવશે.૧૫૧ પ્રકારની મીઠાઈભોગ અને ફરસાણ ભોગના થાળ ધરવામાં આવશે.

મોવિયા ધામ વડવાળી જગ્યા માં ઠાકોરજી ને પ્રથમ થાળ વર્ષો જૂની પરંપરા મુજબ ગોંડલ સ્ટેટના રાજવી પરિવારના કુમાર સાહેબ જ્યોતિર્મયસિહજી ઓફ ગોંડલ સ્ટેટ ના હવા મહેલ પરિવાર દ્વારા ધરવામાં આવસે.આદી અનાદી કાળથી ઠાકર મંદીરમાં નવા વર્ષ ના દિવસે છપ્પનભોગનો પ્રસાદ અઢારે અઢાર વર્ણ ના લોકો ને મળતો રહ્યો છે. આ દીવસે મંદીરમાં નાત જાતના ભેદ ભાવ વગર તમામ વ્યક્તિ ને મીઠાઈ પ્રસાદ સ્વરુપે આપવામાં આવતી હોય છે.

# તાલાલાના હરવાણી પરિવારના આંગણે પુત્રી વિવાહનો મંગલ પ્રસંગ



તાલાલા (ગીર) ખાતે રહેતા સ્વ. ચીમનલાલ મોહનલાલ હરવાણી પરિવાર (નિમંત્રક: લીલાધરભાઈ ચીમનલાલ હરવાણી) તરફથી હર્ષભેર જણાવવામાં આવે છે કે, સ્વ. વડીલના આશીર્વાદ અને પરમ કૃપાથી પરિવારની પુત્રી રાધિકાના શુભ લગ્ન પ્રસંગે તા. ૨૬-૧૦-૨૦૨૫, રવિવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે આહીર સમાજ, રમેજી રોડ, તાલાલા (ગીર) ખાતે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. હરવાણી પરિવાર (મો. ૯૯૯૯૫૨૦૮૮) સર્વ સ્નેહીજનોને આ શુભ પ્રસંગે સહપરિવાર પધારીને ભોજનનો લાભ લેવા તેમજ વર-કન્યાને આશીર્વાદ આપવા ભાવભર્યું નિમંત્રણ પાઠવાયું છે.

જલારામ જયંતિ નિમિતે

# સોમનાથના જલારામ મંદિરનો ૨૧માં વર્ષમાં મંગલ પ્રવેશ: અનેકવિધ કાર્યક્રમોની વણઝાર

**અબતક, રાજકોટ**

વિશ્વપ્રસિધ્ધ સોમનાથ - પ્રભાત પાટણના રામરાખ ચોકમાં આવેલ જલારામ મંદિર સ્થાપનાને ૨૦ વરસ થતાં હોઈ જેના અનુસંધાને જલારામ જયંતિએ દિવ્ય ભવ્ય કાર્યક્રમો યોજવામાં આવેલ છે.



વિદેશ સ્થિત મુકુંદભાઈ તથા મીનાબેન ચુડાસમાએ આ અંગે માહીતી આપતાં જણાવ્યું કે, ૨૫ ઓકટોબરથી ૨૭ ઓકટોબરે મહાપ્રસાદ, રાસ ગરબા અને સત્સંગ કથા જે બ્રહ્મપુરીના હોલ ખાતે યોજાશે.

અને ૨૯ ઓકટોબર જલારામ જયંતિના અવસરે ૨૯ ઓકટોબરે સાંજે ૪ કલાકે પ્રભાસ પાટણ શહેરમાં વાજતે ગાજતે ધુન ભજન સાથે શોભાયાત્રા નીળકશે અને સાંજે મહાપ્રસાદ યોજાશે. સત્સંગ કથાના વ્યાસપીઠે માળીયા હાટીના ભાગવત કથાકાર શાસ્ત્રી કેતનભાઈ પેરાણી રહેશે.

# જૂનાગઢ: પ્રકાશના પર્વે સોરઠ પંથકની બજારોમાં ખરીદીની ધુમ

## બહેનો દ્વારા આસોપાલવ, રંગબેરંગી લાઈટથી આંગણા શણગારાયા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ સાહિત સમગ્ર પંથકમાં દિવાળી પર્વ રંગે ચંગે ઉજવાઈ રહ્યો છે. ત્યાં જ ફટાકડાઓની તળાફળી અને મહિલાઓ દ્વારા ઘરના આંગણે રંગોળીઓ પુરવામાં આવી રહી છે, તો બીજી બાજુ માર્કેટમાં પણ બે દિવસથી ભારે ઘરાકી જોવા મળી રહી છે. શહેરના રાજમાર્ગો દિવાળીના તહેવારને લઈને વાહનોથી ભરચક રહેવા પામ્યા છે. જુનાગઢ શહેર સહિત આસપાસના ફરવા લાયક તથા ધાર્મિક સ્થળો ઉપર પ્રવાસીઓ, ભાવિકોની ભારે ભીડ જોવા મળી રહી છે.



જૂનાગઢમાં છેલ્લા બે દિવસથી દિવાળી પર્વની ઉજવણીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. મહિલાઓ દ્વારા પોતાના ઘરના બારણે આસોપાલવ, આંબાના તોરણ તથા આર્ટિફિશિયલ તોરણોથી અને રંગબેરંગી લાઈટથી ઘરને શણગારી દેવામાં આવ્યા છે. જૂનાગઢના પ્રખ્યાત લક્ષ્મી મંદિર સહિતના દેવ દેવીઓના મંદિરો ઉપર ભાવિક ભજનો મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે.

જુનાગઢના છૂટકથી લઈને હોલસેલ વેપારીઓના જીવમાં જીવ આવ્યો છે. શહેરની તમામ બજારોમાં ભારે ઘરાકી જોવા મળી રહી છે. અને લોકો દ્વારા ખરીદી થઈ રહી છે, શહેરના રેડીમેન્ટ સ્ટોર, સાડી ભંડાર, બાળકોના કપડાની દુકાનો થતાં બુટ ચંપલના શોરૂમમાં ભારે ઘરાકી નીકળતા વેપારીઓ હાશકારો અનુભવી રહ્યા છે.

જુનાગઢના ગિરનાર રોપવે, ગિરનાર તથા દાતાર પર્વત, સકરબાગ ઝુ સહિતના સ્થળોએ ભાવિકો, પ્રવાસીઓની ભારે જોવા મળી રહી છે. આ સાથે સાસણ, પરબધામ, સતાધાર સહિતના ધાર્મિક સ્થળોએ પણ ભાવિક ભકતજનો મોટી સંખ્યામાં નજરે પડી રહ્યા છે.

# ઉના: દ્રોણેશ્વર ગુરૂકુળના વિદ્યાર્થીઓએ બેગપાઈપ બેન્ડ સ્પર્ધામાં મેદાન માર્યું

## રાજ્યકક્ષાએ ઝળકેલી ટીમ હવે વડાપ્રધાન સમક્ષ કરશે પરફોર્મન્સ

**અબતક, ઉના**

ગુજરાતની રાજયકક્ષાએ યોજાયેલ બેગપાઈપ બેન્ડ સ્પર્ધામાં ગીરગઢડા તાલુકાના દ્રોણેશ્વર ગુરૂકુલનો વિદ્યાર્થી રાજયમાં પ્રથમ નંબરેવિજેતા બન્યો હતો. ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાની સ્વામિનારાયણ ગુરુકુલ માતુ આર.ડી. વરસાણી કુમાર અને કન્યા વિદ્યાલય, બંને ટીમોએ ભાગ લીધો હતો જેમાં સ્વામિનારાયણ ગુરૂકુલ કુમાર વિદ્યાલયની ટીમે બેન્ડ સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે અને સ્વામિનારાયણ ગુરુકુલ કન્યા વિદ્યાલયની ટીમે સમગ્ર ગુજરાતમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરીને સમગ્ર એસજીવીપી ગુરૂકુલ પરિવારનું નામ રોશન કર્યું છે. આ પ્રસંગે એસએસજીવીપી ગુરૂકુલના અધ્યક્ષ શાસ્ત્રી માધવપ્રિય દાસજી સ્વામી બાલકૃષ્ણદાસજી સ્વામીએ બંને ટીમોને તેમજ રાત્રી દિવસ આ બેન્ડ ગ્રુપ તૈયાર કરવામાં જેમનો અથાગ પ્રયત્ન છે એવા ધાનાણી અને કુમારભાઈ યાદવને આશીર્વાદ પાઠવ્યા હતા.



આ સ્પર્ધામાં કુલ ૫૧ જેટલી ટીમ હતી .

જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે આવેલ ટીમને ઈનામ વિતરણ સમારોહમાં અમદાવાદના ડી.આઈ.જી, એસ.પી, ડી.એસ.પી, અને તેમનો સમગ્ર સ્ટાફ તેમજ શિક્ષા સચિવ અધિકારી ઓ, પદાધિકારીની ઉપસ્થિતિમાં ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો

હવે પછી એસજીવીપી દ્રોણેશ્વર ગુરુકુલની કુમાર વિદ્યાલયની બેન્ડની ટીમ ૩૧ ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં પર્ફોર્મન્સ કરશે.

# ઉનાના ભીંગરણ ગામે બોટમાંથી રૂ.૧૧ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## કટીંગ વેળાએ એલ.સી.બી.એ દરોડો પાડી ૭૨૧૧ બોટલ શરાબ મળી રૂ.૧૬.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો: પાંચની શોધખોળ

### ગિર સોમનાથ જિલ્લાના દરિયામાંથી વધુ એક દારૂની હેરાફેરીનો પર્દાફાશ



**અબતક, ઉના**

દારૂના બૂટલેગરોને ગીર સોમનાથ જિલ્લાનો દરિયા કાંઠો લેન્ડિંગ કરવા અનુકૂળ હોય તેથી ગુજરાત માં વિદેશી દારૂ નો જથ્થો ના ઘૂસે તે માટે રેન્જ આઈ જી. પી. નિલેશ ભાઈ જાજડીયા અને ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાની સૂચનાથી ગીર સોમનાથ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઈન્સ્પેકટર એમ. વી. પટેલ, પી. એસ. આઈ. એ. સી. સિંધવ, પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણ ભાઈ મોરી, ગોવિંદ સિંહ વાળા, કમલેશ ભાઈ પીઠિયા, ધર્મેન્દ્ર સિહ ગોહિલ, સંદીપ સિંહ ઝનકાટ, રવિસિંહ બારડ અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ઊના તાલુકા ના ભીંગરણ ગામ ની સીમ માં સ્મશાન પાસે એક ખાડીમાં અજમેરી સાગર નામની બોટ અને બાજુમાં એક નાની હોડી માં અમુક લોકો હેરા ફેરી કરી માલ ઉતરતા હતા તેમજ એક બંધ મૂર્ધા ફાર્મ માં છૂપાવેલ વિદેશી દારૂ નો જથ્થો પોલીસ કબજો કરી મોટી બોટ અને નાની બોટ માં રાખેલ તેમજ મૂર્ધા ફાર્મ માં રાખેલ પર પ્રાંત ની ઈંગ્લીશ દારૂ ની જુદી જુદી બ્રાન્ડ ની બોટલો નંગ ૭૨૧૧ જેની કિંમત રૂપિયા ૧૧લાખ ૦૫હજાર ૨૨૫/નો દારૂ એક મોટી બોટ ની કિંમત ૫લાખ, મોબાઈલ ફોન નગ ૨, નાની હોડી એક બન્ને ની કિંમત રૂપિયા ૨૦૦૦૦/ મળી કુલ રૂપિયા ૧૬ લાખ ૨૫ હજાર ૨૨૫/ ના મુદામાલ સાથે જેન્તી જગાભાઈ મજીઠીયારે. ભીંગરણ, દિલીપ હાજી ભાઈ સિંગડ રે. રામેશ્વર, પકડી પડેલ છે જયારે રોહિત મોહન ભાઈ વાજા, રોહિત ડાયાભાઈ ચુડાસમા , વિજય રાયસિંગ ચૂડાસમા, રણજીત ઉર્ફે કોટ્વાલ નાનું ભાઈ,જગદીશ ઉર્ફે ટીકુ હમીર ભાઈ બાંભણિયા ફરાર છે. બે આરોપીને મુદામાલ સાથે નવાબંદર મરીન પોલીસ સ્ટેશન લાવી ગુનો દાખલ કર્યો હતો. પાંચ ફરાર આરોપીને પકડવા તજવીજ શરૂ કરી છે.

## મુર્ગા ફાર્મમાંથી રૂ.૫.૨૮ લાખનો વિદેશી દારૂ પકડાયો

### એલસીબી ત્રાટકીને ૫૨૮૦ બોટલ શરાબનો જથ્થો કબજે કર્યો: સાતની શોધખોળ

**અબતક, જયેશ પરમાર, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ભીંગરણ ગામે મુર્ગા ફાર્મમાં એલસીબી દરોડો પાળી રૂપિયા ૫.૨૮ લાખની કિંમતનો ૫૨ ૮૦ બોટલ વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો છે જ્યારે નાસી છૂટેલા સાત શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. વધુ વિગત મુજબ ગીર સોમનાથ જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ કરવા જિલ્લા પોલીસવાળા જયદીપસિંહ જાડેજાએ આપેલી સૂચનાને પગલે એલસીબીના પીઆઈ એમ વી પટેલ સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે ભીંગરણ ગામના દરિયા ખાડી કાઠે આવેલ પડતર મુર્ગા ફાર્મમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની હેડ કોન્સ્ટેબલ ગોવિંદજી વાળા અને કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ગોહિલ સહિતના સ્ટાફને મળેલી બાતમીના આધારે પીએસઆઈ એસી સિંધવ સહિતની ટીમે દરોડો વાડી રૂપિયા પાંચ પોઈન્ટ ૨૮ લાખની કિંમતનો પાંચ ૨૮૦ બોટલ વિદેશી દારૂનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે પોલીસની પ્રાથમિક તપાસમાં આ દારૂનો જથ્થો ભીંગરણ ગામના જયંતિ જગા મજેઠીયા , દિલીપ હાજા સિંગડ રોહિત મોહન વાજા રોહિત ડાયા વાજા વિજય રામસિંગ ચુડાસમા રણજીત નાનું અને જગદીશ હમીર બાંભણિયા ના શખ્સોની સંડોવણિ ખુલતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# પડધરી: તરઘડી નજીક ગાય આડી ઉતરતા મહિલાનું બાઈક પરથી પટકાતા મોત

### દાહોદ પંથકના રહેવાસી અને હાલ તરઘડીમાં રહેતા મહિલા પુત્ર સાથે બાઈક પર બેસી ખરીદી કરવા જતા રસ્તામાં કાળનો ભેંટો

**અબતક, રાજકોટ**

મૂળ દાહોદના રાણીપુરાના વતની અને હાલ પડધરી તાલુકાના તરઘડીમાં રહેતા માતા-પુત્ર બાઈક લઈ પડધરી ખરીદી કરવા માટે જતા હતાં. દરમિયાન તરઘડી નજીક પેટ્રોલ પંપ પાસે ગાય આડી ઉતરતા બાઈકચાલક પુત્રએ કાબુ ગુમાવતા પાછળ બેઠેલા તેના માતા રોડ પર પટકાતા ગંભીર ઈજા થવા સબબ તેમનું મોત થયું હતું. બનાવ અંગે પડધરી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. દિવાળીના તહેવાર સમયે જ પરિવારના સભ્યનું મોત થતાં શ્રમિક પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ મૂળ દાહોદના સિંગવડ તાલુકાના રાણીપુરાના વતની અને હાલ તરઘડી ગામે રાધે કાઠીયાવાડી હોટલ પાછળ મેકસવેલ ઈન્ડસ્ટ્રીઝની ઓરડીમાં રહેતો સંતોષ ગોવિંદભાઈ ડામોર અને તેના માતા શાંતાબેન ગોવિંદભાઈ ડામોર(ઉ.વ ૩૪) બંને ગઈકાલે બપોર બાદ બાઈક પર જતા હતા. રાજકોટ-જામનગર હાઈવે પર તરઘડી ગામ નજીક ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપથી થોડે દૂર પહોંચતા રોડ પર ગાય આડી ઉતરતા બાઈક ચાલક યુવાન સંતોષે કાબુ ગુમાવ્યો હતો અને તેના માતા શાંતાબેન બાઈક પરથી નીચે પટકાયા હતા. જેથી તેમને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી જેથી ૧૦૮ મારફત પ્રથમ એઈમ્સ બાદમાં વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અહીં ટૂંકી સારવાર બાદ મહિલાનું મોત થયું હતું.

અકસ્માતના આ બનાવને લઈ પડધરી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.અકસ્માતના બનાવ અંગે વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, શ્રમિક પરિવાર છેલ્લા ૧૫ વર્ષથી અહીં રહે છે. અકસ્માતમાં મોતને ભેટનાર મહિલા શાંતાબેનને સંતાનમાં બે પુત્ર છે પતિ ગોવિંદભાઈ મજૂરીકામ કરે છે દિવાળીનો તહેવાર હોય જેથી માતા-પુત્ર બાઈક લઈ તરઘડીથી પડધરી ખરીદી કરવા માટે જતા હતા દરમિયાન અકસ્માતની આ ઘટના બની હતી.

# પાટડી: બુટલેગર રાકેશ તરેટીયા પાસાના પિંજરે પુરાયો

### દારૂ અને મારા મારીના ગુનામાં સંડોવાયેલા શખ્સની અટકાયત કરી સુરતની જેલ ધકેલાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં અલગ અલગ ગુન્હામાં સંડોવાયેલા આરોપીઓ વિરુદ્ધ પોલીસ તેમજ વહીવટી તંત્ર દ્વારા પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે પાટડી તાલુકામાં પ્રોહીબિશન મારામારી સહિતના ગુનાઓમાં સંડોવાયેલ આરોપી વિરુદ્ધ એલસીબી પોલીસે પાસા હેઠળ કાર્યવાહી કરી જેલ હવાલે કર્યો છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ પાટડી પોલીસ મથકના મારામારી તેમજ પ્રોહીબિશન સહિતના અનેક ગુનાઓમાં સંડોવાયેલ આરોપી રાકેશ દશરથભાઈ તરેટીયા ઉર્ફે રાક્લો ઉમર વર્ષ ૨૯ છેલ્લા ઘણા સમય થી અનેક ગુનાઓમાં સંડોવાયેલ હતો. તેમજ થોડા મહીના પહેલા એક યુવકને ઢોર માર પણ માર્યો હતો. જે બાબતનું મનદુઃખ રાખી તાજેતરમાં રાકેશના ત્રણ ભાઈઓએ પણ યુવક પર હુમલો કર્યો હતો. આમ છેલ્લા ઘણાં સમય થી પાટડી તાલુકામાં ત્રાસ વધતા સુરેન્દ્રનગર કઈઈ પોલીસે આરોપી વિરુદ્ધ પાસા હેઠળ દરખાસ્ત કરી જીલ્લા મેજીસ્ટ્રેટને મોકલતા આરોપી વિરુદ્ધ પાસા વોરંટ ઈસ્યુ કરતા એલસીબી પોલીસે આરોપી રાકેશ તરેટીયાની પાસા હેઠળ અટકાયત કરી સુરતની લાજપોર મધ્યસ્થ જેલ હવાલે કરી કાર્યવાહી હાથ ધરી છે.



# આટકોટમાં જૂની અદાવતના કારણે તરૂણ પર પાડોશી માતા પુત્રનો હુમલો

### તરૂણ ગેરેજમાં કામ કરતો હોય અને જૂના મનદુખના કારણે છરી ઝીંકી

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં દિવસે મારામારીના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે આટકોટમાં રહેતા ૧૬ વર્ષથી તરુણ પર પાડોશીઓ દ્વારા છરી વડે હુમલો કરતા પ્રથમ આટકોટ કે.ડી પરવાડીયા હોસ્પિટલ ત્યારબાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો આ બનાવ ની જાણ થતા આટકોટ પોલીસ ત્યાં દોડી ગઈ હતી અને તપાસની કાર્યવાહી હાથ ધરી હતી આ અંગે મળતી માહિતી મુજબ જસદણ તાલુકાના આટકોટ ગામમાં રહેતા આશિષ ભરતભાઈ સાકરીયા ઉંમર વર્ષ ૧૬ વર્ષીય તરુણ વાઘાભાઈ ની વાડીએ ગઈકાલ રાત્રે ૧૧:૦૦ વાગે આસપાસ હતો ત્યારે સામા વાળા રાહુલભાઈ અને વિજુબેન ઝઘડો કરી છરી વડે હુમલો કરતા માથામાં ગંભીર ઈજાઓ થતા પ્રથમ આટકોટ કેડી પારેવાડીયા હોસ્પિટલ ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો આશિષ ગેરેજમાં નોકરી કરતો હોય તેમ જ રાહુલ વિજુબેન દીકરો હોય જૂના મન દુઃખના કારણે હુમલો થયાનું પ્રાથમિક માહિતી મળી રહી છે બનાવની જાણ થતા આટકોટ પોલીસ ઘટના સ્થળ ઉપર દોડી ગઈ હતી તપાસ ના ચક્રો ગતિ માન કર્યા હતા એવું જાણવા મળેલ છે.

# ધ્રાંગધ્રા: યુવાનના હાથમાં બોમ્બ ફૂટતા ગંભીર

### દિવાળીની મોજમાં બેદરકારી બની ભયાનક!

**અબતક**

**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રાઃ દિવાળીના તહેવારોમાં આનંદની વચ્ચે એક દુઃખદ બનાવ ધાંગધ્રા શહેરના મફતિયા પરા વિસ્તારમાં બન્યો હતો. શિખર સ્કૂલની પાછળ રહેતા એક યુવાનના હાથમાં નાઝી બોમ્બ ફૂટતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યો હતો. માહિતી મુજબ, યુવાને દિવાળીના ફટાકડા ફોડતા સમયે પૂરતી સાવચેતી ન રાખતાં નાઝી બોમ્બ અચાનક હાથમાં જ ફાટી ગયો હતો. ઘટનાના તરત બાદ સ્થાનિક લોકોએ ઈજાગ્રસ્ત યુવાનને ધાંગધ્રા સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાંથી તબીબોએ તેની હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સુરેન્દ્રનગરની હોસ્પિટલ ખાતે રીફર કર્યો હતો આ બનાવે શહેરમાં ચકચાર મચાવી દીધી છે.

# ભાવનગર: ચોરાઉ બાઈક સાથે તસ્કર ઝડપાયો

### એલસીબીએ દરોડો પાડી ગંગાજળીયા પોલીસ મથકમાં નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલ્યો

**અબતક, આનંદ રાણા, સિહોર**

ભાવનગર શહેરના બુલબુલ કોમ્પ્લેક્સ સામે એવી સ્કૂલ સામે ગ્રાઉન્ડ પાસે ચોરાઉ બાઈક સાથે તસ્કરને ઝડપી લઈ ગંગાજળીયા પોલીસ મથકમાં નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વધુ વિગત મુજબ ભાવનગર શહેર અને જિલ્લામાં વધતા-જતા આર્થિક ગુનાઓ અટકાવવા અને વણઉકેલ ગુનાઓનો ભેદ ઉકેલવા એસ.પી. નિતેશ પાંડેય દ્વારા આપેલી સૂચનાને પગલે એલસીબીના પીઆઈ એ.આર.વાળા સહિતના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યું હતું ત્યારે કુંભારવાડામાં રહેતો વિશાલ રમેશ રાઠોડ નામનો શખ્સ એવી સ્કૂલના ગ્રાઉન્ડ પાસે શંકાસ્પદ હાલતમાં ઉભો હોવાની બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી વિશાલ રાઠોડના કબ્જામાં રહેલ બાઈકના નંબર પોકેટ એપમાં સર્ચ કરતા ચોરાઉ હોવાનું ખૂલતા તેની અટકાયત કરી ગંગાજળીયા પોલીસ મથકને હવાલે કર્યો છે.



# પીએસઆઈની માતાના ગળામાંથી ચેઈનની ચિલઝડપ કરનાર રીઢો તસ્કર ઝડપાયા

### રાજકોટના સાધુવાસવાણી રોડ પર પરોઢીયે મંદિરે દર્શન કરવા જતાં ૬૨ વર્ષીય વૃદ્ધાના ગળામાં ઝોંટ મારી બે લાખનો ચેઈન સેરવી જનાર મેહુલ ઉર્ફે ભૂરીને એલસીબી ઝોન-૨ ટીમે દબોચ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટના સાધુ વાસવાણી રોડ પર પરોઢીયે મંદિરે દર્શન કરવા જતાં પીએસઆઈના ૬૨ વર્ષીય વૃદ્ધ માતાના ગળામાંથી બે લાખના સોનાના ચેઈનની ચિલઝડપ કરનાર રીઢા તસ્કરને એલસીબી ઝોન-૨ ટીમે ગણતરીની કલાકોમાં જ ઝડપી લીધો હતો.

બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો શહેરના સાધુ વાસવાણી રોડ પર ઉત્સવ પાર્ક શેરી નંબર-૧ વાઈબ્રન્ટ હોસ્પિટલવાળી શેરીમાં રહેતા વિજયાબેન જીવરાજભાઈ કાસુન્દ્રા (ઉ.વ. ૬૨) નામના વૃધ્ધાએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૯/૧૦ ના સવારના સાતેક વાગ્યે આસપાસ તેઓ ઘર પાસે સાધુ વાસવાણી રોડ ગંગોત્રી ડેરીથી ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા માટે ચાલીને જતા હતા. દરમિયાન સામેથી આવતા અજાણ્યા સફેદ કલરના એકટીવાચાલકે તેનું વાહન વૃદ્ધાની પાસે ચલાવી તેમના ગળામાં ઝોંટ મારી શખસ નાસી ગયો હતો. વૃદ્ધા ગભરાઈ જઈ અહીં બેસી ગયા હતા. ઝપાઝપીમાં વૃદ્ધાએ પહેરેલ ચેનનું પેન્ડલ પડી જતા તેમના હાથમાં આવી ગયું હતું પરંતુ સોનાનો ચેન ૨૦ ગ્રામ કિંમત રૂપિયા બે લાખ લઈને આ શખસ નાસી ગયો હતો. બાદમાં તેમણે પોતાના પુત્ર-પતિને આ બાબતે વાત કર્યા બાદ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે સમડીને ઝડપી લેવા તપાસ હાથ ધરી હતી. બનાવવાની ગંભીરતાને ધ્યાને રાખી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ દ્વારા ચિલઝડપના ગુનાનો તાત્કાલિક ભેદ ઉકેલવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર એચ ઝાલાની ટીમ બનાવ સ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ તથા કમાન્ડ એન્ડ કંટ્રોલના કેમેરા ફુટેજ ઉપરાંત ખાનગી બાતમીદારો અને ટેકનિકલ સોર્સના આધારે ચીલઝડપનો ગુનો ડિટેક્ટ કરવા પ્રયત્નશીલ હતી દરમિયાન સંયુક્ત રાહે મળેલી હકીકતના આધારે રીઢા તસ્કર મેહુલ ઉર્ફે ભૂરી ઉર્ફે મામો ધનજીભાઈ જેઠવા (ઉવ ૨૮ રહે. નવલનગર શેરી નં. ૯ ના ખૂણે, કૈલાશ નગર-૨, બંધ શેરી, ચામુંડા નિવાસ મકાન, રાજકોટ)ને રૂ.૨ લાખની કિંમતનો સોનાનો ચેન અને સફેદ કલરનું સુઝુકી એક્સેસ મોટરસાયકલ જેના નંબર જીજે૦૩-એનજે-૯૫૪૨ મળી કુલ રૂ.૨.૭૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલ શખ્સ વિરુદ્ધ ચોરી સહિતના ૧૨ ગુના નોંધાઈ ચૂક્યાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. અત્રે નોંધનીય છે કે, ચિલઝડપનો ભોગ બનેલ વૃદ્ધા રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરજ બજાવતા પીએસઆઈ રવિ કાસુન્દ્રાના માતા હોવાના સામે આવ્યુ છે.

આ કામગીરીમાં એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર એચ ઝાલા, એએસઆઈ જયંતીભાઈ ગોહિલ, રાજેશભાઈ મીયાત્રા, હેડ કોસ્ટેબલ રાહુલભાઈ ગોહેલ, શકિતસિંહ ગોહિલ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, અંકિતભાઈ નિમાવત અને અમીનભાઈ ભલુર રોકાયા હતા.



# ધારીના દુધાળા નજીક પ્રતાપ દુધાત પર હુમલામા બે શખ્સોની અટકાયત

### અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત સરદાર પટેલ સન્માન યાત્રા' માંથી પરત ફરતાં હતા ત્યારે કાફલા પર હુમલો કર્યો હતો

**અબતક મેહુલ ત્રિવેદી, ધારી**

અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતના કાફલા પર ધારીનાં દૂધાળા નજીક ૩ કાર સાથે અજાણ્યા શખ્સોએ તેમની કાર પર હુમલાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે હુમલાનો ભેદ ઉકેલ બે શખ્સની ધરપકડ કરી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વધુ વિગત મુજબઅમરેલી જિલ્લા કોંગ્રેસનાં પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતની કાર પર ૨૩ સપ્ટેમ્બરની મોડી રાત્રે હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગીર-સોમનાથ જિલ્લાની 'સરદાર સન્માન યાત્રા' માંથી પરત ફરતી વખતે ધારીના દૂધાળા નજીક . ૩ કારનાં કાફલા સાથે પરત ફરી રહેલા પ્રતાપ દુધાત પર અજાણ્યા શખ્સો દ્વારા હુમલો કરાયો હતો. ધારી પોલીસ વિભાગ દ્વારા ટેકનિકલ અને ખાનગી બાતમીના આધારે ગૌતમ રામકુભાઈ અને જીલી ભાકાભાઈ સહિત બે શખ્સોની અટકાયત કરવામાં આવી છે. આ હુમલો કરવાનું કારણ શું તેના માટે ઝડપાયેલા બંને શખ્સની તપાસ માટે રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.


ગૌતમભાઈ રામકુભાઈ


જીલુભાઈ ભાકાભાઈ

# અંજારના વરસામેડીમાં હેરોઈન સાથે એક ઝડપાયો

### એસઓજીએ દરોડો પાડી રૂ.૫.૧૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો: પંજાબી શખ્સની શોધખોળ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

નશાબંધી વિરોધી ઝુંબેશ હેઠળ પૂર્વ કચ્છ એસ.ઓ.જી. (એસઓજી) ટીમે એક મોટી સફળતા મેળવી છે. ખાનગી બાતમીના આધારે અંજારના વર્ષામેડી બસ સ્ટોપ પાસેથી પ્રભજીતસિંગ અનોપસિંગ મજબી નામના ઈસમની ધરપકડ કરવામાં આવી છે. તેના કબજામાંથી ૫,૦૫,૦૦૦/- ની કિંમતનું ૧૦.૧૦ ગ્રામ ગેરકાયદેસર માદક પદાર્થ હેરોઈન, મોબાઈલ અને રોકડ સહિત કુલ ૫,૧૧,૩૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી, વધુ તપાસ માટે અંજાર પોલીસને સોંપવામાં આવ્યો છે. એક અન્ય આરોપી લખબીરસિંગ ઉર્ફે સાજન બિટુસિંગ મજબી (રહે. પંજાબ)ને પકડવાનો બાકી હોવાનું પોલીસે જણાવ્યું છે. આ કામગીરી એસ.ઓ.જી પીઆઈ ડી.ડી.ઝાલા તથા એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.



# ધોરાજીની નાભિરાજ સોસાયટી નજીક જાહેરમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

### પોલિસને જોઈ જુગારીઓએ પૈસા-પાના જુગારના પટ્ટમાંથી નાસી જવા પ્રયાસ કર્યો : તમામની ધરપકડ, રૂ.૧૮,૩૫૦ ની રોકડ કબ્જે

**અબતક, રાજકોટ**

ધોરાજી પોલીસની ટીમે દિવાળીની રાત્રે ફટાકડા ફોડવાની જગ્યાએ પત્તા ટીંચતા છ શખ્સોને ઝડપી રોકડ રૂ.૧૮,૩૫૦ ની રોકડ કબ્જે કરી હતી.

જુગારના પ્રથમ દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર ધોરાજી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ નારણભાઈ પંપાણીયા, કોન્સ્ટેબલ જશપાલસિંહ ઝાલા અને રાજુભાઈ ભોળદરીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન ધોરાજીના નાભિરાજ સોસાયટી પાસે પહોંચતા અમુક શખ્સો જાહેરમાં ગોળ કુંડાળું વળી ગંજીપત્તાના પાના વડે જુગાર રમતા ધ્યાને આવ્યા હતા. જુગારીઓ પોલીસને જોઈ પૈસા - પાના પટમાં ફેંકી ઉભા થઈ ભાગવા લાગ્યા હતા પરંતુ પોલીસની ટીમએ તમામ જુગારીઓને કોર્ડન કરી ત્યાં જ બેસાડી પત્તા ટીંચતા કલ્પેશ અમૃતલાલ સૂચક, બોદુ કરીમભાઈ સિપાઈ, રજાક ઉમરભાઈ સમા, ઈલ્યાસ યુનુશભાઈ સોરા, ઈકબાલ મુસાભાઈ નોતીયાર અને રહીમ ઉસ્માનભાઈ થૈયમની ધરપકડ કરી જુગારના પટમાંથી રૂ.૧૮,૩૪૦ ની રોકડ કબજે કરી હતી.

જયારે જુગારના બીજા દરોડામાં ભાડલા પોલીસની ટીમ ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ભાડલા ગામે વીરપર જવાના રસ્તે ચોકડી નજીક પહોંચતા જાહેરમાં બે શખ્સો હાથમાં પૈસા રાખી શંકાસ્પદ હાલતમાં ઉભેલ જોવા મળ્યા હતા. બંને શખ્સો ચલણી નોટ ઉપર લખેલ નંબર ઉપર રોનખાલનો એકી-બેકીનો જુગાર રમતા હોય ભાડલા પોલીસની ટીમે હનુ બાવકુભાઈ ખાચર અને લાલજી લવાભાઈ સોલંકીની ધરપકડ કરી રોકડ રૂ.૨૫,૮૦ કબજે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# મોરબી જીલ્લામાં દિવાળીના દિવસે કાળચક્ર ફરી વળ્યું: ચારના અપમૃત્યુ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં દિવાળીના પાવન દિવસે આનંદ વચ્ચે ચાર અલગ-અલગ અપમૃત્યુના બનાવો બનતાં જીલ્લામાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

જ્યારે બીજો બનાવ મોરબી તાલુકાના બગાથાળામાં બન્યો જેમાં રોહીતભાઈ અશોકસિંહ કનીજીયા ઉવ.૨૫ વીરાના કારખાનાની લેબર કોલોનીમાં લાકડાની બાલ્કની પરથી નીચે પડી જતા ગંભીર ઈજા થતાં મોત નિપજ્યું હતું.

મોરબી તાલુકા અમનભાઈ ઉર્ફે લોકેશ ઉર્ફે બાહુબલી ચતુર્વેદી રેલવે ટ્રેન સાથે અથડાતા ઈજા પહોંચી બાદમાં સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતા. લાલપર ગામમાં કુમા અમિતકુમાર કુમારી ઉવ.૨૦ એ અજાણ્યા કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

જ્યારે પાંચમાં બનાવમાં રફાળેશ્વર વેલ્સા કારખાનાની લેબર કોલોનીમાં રહેતા ગોપાલભાઈ હુકમસિંહ ઉર્ફે હોકમસિંહ યાદવ ઉવ.૨૦ એ વેલ્સા કારખાનાની બાજુમાં ઝાડ પર લટકી આત્મહત્યા કરી લીધી હતી.

# માળીયા (મિ.)નજીક ત્રિપલ અકસ્માતમાં સગીર સહિત ત્રણના મોત

## બાઈક, બુલેટના ચાલક અને રિક્ષાના મુસાફરના મૃત્યુથી પરિવારમાં અરેરાટી: બે ઘવાયા

**અબતક, ઋષીમહેતા, મોરબી**

માળીયા(મી) તાલુકાના નવલખી જતાં રોડ પર શીવાંશ કોલ સામે સી.એન.જી. રીક્ષાના ચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારી બુલેટ અને સ્પ્લેન્ડર બાઈકને ટક્કર મારી ત્રિપલ અકસ્માત સર્જ્યો હતો. જેમાં સ્પ્લેન્ડર અને બુલેટ ચાલક તેમજ રીક્ષામાં પાછળની સીટમાં બેસેલ સગીર સહિત ત્રણ વ્યકિતના મૃત્યુ નિપજ્યાનો બનાવ સામે આવ્યો છે.જ્યારે રીક્ષા ચાલક સહિત બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ મામલે માળીયા(મી) પોલીસે રીક્ષા ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

માળીયા(મી) તાલુકાના મોટાદહીંસરા અને વર્ષામેડી વચ્ચેના નવલખી જતા રોડ પર શીવાંશ કોલ સામે બનેલા ગંભીર અકસ્માતમાં ત્રણ યુવકોના મોત થયા અને બેને ગંભીર ઈજા પહોંચી છે. બનાવ અંગે મળતી વિગતો મુજબ તા. ૧૯/૧૦ની મધરાતે રીક્ષા રજી. નં. જીજે-૩૯-યુ-૦૩૯૮ ના ચાલકે પોતાનું વાહન બેફામ ઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી રસ્તા ઉપર જઈ રહેલ સ્પ્લેન્ડર બાઈક રજી. નં. કીજે-૩૭-ક્યુ-૨૧૫૬ અને બુલેટ બાઈક રજી. નં. જીજે-૩૬-એચ-૪૯૪૯ સાથે અથડામણ કરતા ભયાનક અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં સ્પ્લેન્ડર બાઈક ચાલક સમીરભાઈ રહેમનભાઈ મુસાણી ઉવ.૨૨ રહે. મકરાણીવાસ મોરબી, બુલેટ ચાલક ઈમરાનશા સમીરશા સહમદાર ઉવ.૧૮ રહે. મકરાણીવાસ મોરબી અને રીક્ષામાં બેસેલા રહીમભાઈ અવેસભાઈ સંધવાણી ઉવ.૧૬ રહે. કાજરડા વાળાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મૃતકો ઝીંઝુડા ખાતે ઉર્ષમાં જતાં હતાં ત્યારે આ અકસ્માત બન્યો હતો. આ સિવાય અબ્દુલભાઈ અબ્બાસભાઈ કાજડિયા ઉવ.૩૦ રહે. કાજરડા સહિત બે અન્ય વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થઈ છે જેઓ હાલ સારવાર હેઠળ છે.

અકસ્માતના આ બનાવ અંગે ફરીયાદી મહમદભાઈ હાજીભાઈ મુસાણી ઉવ.૪૦ રહે. મકરાણીવાસ મોરબી વાળાએ માળીયા(મી) પોલીસ મથકે રીક્ષા ચાલક વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે.

# મોરબી: યંગ ઈન્ડિયા ગૃપે જરૂરિયાતમંદ બાળકોને વહેંચી ખુશીઓ: ફટાકડા-મીઠાઈનું કરાયું વિતરણ



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

દિવાળી માત્ર દીવા અને ફટાકડાંનો તહેવાર નથી, પરંતુ એ હૃદયના અંધકારને દૂર કરીને માનવતાનો પ્રકાશ ફેલાવવાનો ઉત્સવ છે. મોરબીના યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા આ વર્ષે દિવાળીની ઉજવણી વિશેષ રીતે કરવામાં આવી. ગ્રુપના સભ્યોએ શહેર અને આસપાસના વિસ્તારોમાં જઈ આશરે ૩૦૦૦ જેટલા બાળકોને ફટાકડાની કીટ, મીઠાઈ અને ભરપૂર ભોજન કરાવીને પ્રકાશપર્વનો સાચો અર્થ દિપાવ્યો હતો. સાથે જ ૨૦૦ જેટલા આર્થિક રીતે નબળા પરિવારોને રાશન કીટનું વિતરણ કરીને તેમના ઘરમાં પણ આનંદના અજવાળા ફેલાવ્યા હતા. આ અભિયાનનો મંત્ર છે આપવાનો આનંદ જ જીવનનો સાચો આનંદ. ગ્રુપ એવા પરિવારો સાથે તહેવાર ઉજવે છે, જેઓ તહેવારની ખુશીથી વંચિત હોય છે, અને એમને પરિવાર જેવી આત્મિયતા અને પ્રેમનો સ્પર્શ આપે છે.

યંગ ઈન્ડિયા ગ્રુપના સંસ્થાપક દેવેનભાઈ રબારીએ જણાવ્યું કે, તમારી જેવી જિંદગી વિશ્વના ફક્ત દસ ટકા લોકોના નસીબમાં લખાયેલી છે. બાકી ૯૦ ટકા લોકો એવી જિંદગી જીવવાનું સ્વપન જોતા હોય છે. જો આપણે દિલમાં માનવતા, ઉદારતા અને પ્રામાણિકતાનો દીવો ઝગમગતો રાખી શકીએ, તો આખું વિશ્વ ઉજાસથી ભરાઈ જશે.

# હળવદ: જુની અદાવતમાં યુવક ઉપર ચાર ઈસમોએ કર્યો હુમલો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

હળવદમાં આંબેડકર કોમ્પ્લેક્ષ સામે આવેલ પાનનાં ગલ્લે સિગરેટ પીવા આવેલ યુવક ઉપર અગાઉની અદાવતનો ખાર રાખી ચાર જેટલા ઈસમો લાકડાના ધોકા અને લોખંડના પાઈપ સાથે આવી યુવકને આડેધડ માર માર્યો હતો.

મળતી વિગતો મુજબ, હળવદ ટાઉનમાં બસ સ્ટેશન પાછળ રહેતા કલ્પેશભાઈ હસમુખભાઈ રાઠોડ ઉવ.૧૯એ હળવદ પોલીસ મથકમાં આરોપી મનસુખ પૂંજાભાઈ રાઠોડ, મુકેશભાઈ લવજીભાઈ રાઠોડ, ઉત્તમભાઈ પ્રવીણભાઈ રાઠોડ તથા જીતુભાઈ જગાભાઈ રાઠોડ બધા રહે. આંબેડકરનગર-૧ હળવદ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદમાં જાહેર કર્યું કે, ફરિયાદી કલ્પેશભાઈ ગત તા.૧૯/૧૦ના સવારના સાડા સાતેક થી પોણા આઠેક વાગ્યાના અરશામા હળવદ આંબેડકર કોમ્પલેક્ષ સામે આવેલ વાંસગી પાનના ગલ્લાએ સિગરેટ પીવા માટે ગયેલ ત્યારે કલ્પેશભાઈના પરીવારને હળવદ જુનાવાસમા રહેતા રાઠોડ પરીવાર સાથે જુના ઝઘડાઓ થયેલ હોય જેનુ મનઃદુખ રાખી ચારેય આરોપીઓ હાથમાં લોખંડના પાઈપ, લાકડાના ધોકા લઈ આવી એક સંપ કરી ફરિયાદી કલ્પેશભાઈને અપશબ્દો આપી બેફામ માર માર્યો હતો, ત્યારે આ દરમિયાન ચા ની દુકાનમાં હાજર સાહેદ તેઓને બચાવવા વચ્ચે પડતા, આરોપીઓએ તેઓને પણ માર માર્યો હતો.

# પોલીસ ફરિયાદનો ખાર રાખી યુવક અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી

## રાત્રિના સમયે અજાણ્યા શખ્સોએ ઘરમાં ફટાકડા ફેંકી ભય ફેલાવ્યો

**અબતક,ઋષી મહેતા, મોરબી**

મોરબી શહેરમાં ફરિયાદનો ખાર રાખીને યુવક અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો તેમજ ઘરમાં ફટાકડા ફેંકી ડરાવવાનો પ્રયાસ કરાયો હોવાનું સામે આવ્યું છે. જેની ફરિયાદ મુજબ, જયભાઈ પ્રવીણભાઈ અંબાણી ઉવ.૩૨ રહે. પંચવટી સોસાયટી કન્યા છાત્રાલય પાછળ મોરબી વાળાએ આરોપી માધવ દિનેશભાઈ મકવાણા રહે. મોરબી કંડલા બાયપાસ ધર્મસૃષ્ટિ સોસાયટી તથા અજાણ્યા બે એકટીવા ચાલક વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, તા. ૨૦/૧૦/૨૦૨૫ના રોજ રાત્રે તેમના ઘરમાં અચાનક મોટો ધડાકો સંભળાયો હતો. જેથી બહાર આવી જોતા ઘર પાસે સુતળી બોમ્બ ફેંકાયેલો જોવા મળ્યો. ત્યારબાદ સી.સી.ટી.વી. ફૂટેજમાં ચેક કરતા એક્ટિવા પર બે અજાણ્યા વ્યક્તિઓ દેખાયા હતા, જેમાં પાછળ બેઠેલો વ્યક્તિ ઘરના દરવાજા તરફ ફટાકડો ફેંકતો જોવા મળ્યો હતો. ફરિયાદીનો આરોપ છે કે થોડા દિવસ પહેલાં તેઓએ ટંકારા તથા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં દિનેશભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી, જેનો ખાર રાખી, તા. ૧૮/૧૦/૨૦૨૫ની રાત્રે ફરિયાદી જયભાઈ પોતાના પરિવાર સાથે જતા હતા ત્યારે દિનેશભાઈનો પુત્ર માધવ સ્કોર્પિયો કારથી તેમનો પીછો કરીને ખુલ્લેઆમ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે આરોપી માધવે કહ્યું હતું કે તમે મારા પપ્પા પર ફરિયાદ કરી છે, હવે તને અને તારા આખા પરિવારને જીવતા નહીં રાખું. આ ઉપરાંત ફરિયાદી જયભાઈએ શંકા વ્યક્ત કરી છે કે દિનેશભાઈ ઉપર કરેલ ફરિયાદનો ખાર રાખી ઘરમાં ફટાકડા ફેકવાનું કૃત્ય દિનેશભાઈ ગગુભાઈ મકવાણા તથા તેના માણસો દ્વારા કરાયું હોઈ શકે છે. હાલ જયભાઈની ફરિયાદને આધારે પોલીસે આરોપી માધવ દિનેશભાઈ મકવાણા તથા બે અજાણ્યા એક્ટિવા સવાર વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

## દિવાળીની રાત રક્તરંજીત

# વાંકાનેર: યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા

## સમાધાન દરમિયાન થયેલી બોલાચાલીમાં પાંચ શખ્સોએ ઢીમ ઢાળી દીધું

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

દિવાળીના પર્વ દરમિયાન દિવાળીની રાત્રીના વાંકાનેર શહેર નજીક નવાપરામાં વાસુકી દાદા મંદિર સામે રોડ પર જુના ઝઘડાના સમાધાનમાં ગયેલા યુવાનો વચ્ચે તકરાર સર્જાતા પાંચ શખ્સોએ યુવાનને બેફામ માર મારી છરીનો ઘા ઝીંકી યુવાનની ઘાતકી હત્યા કરી નાખતા ખળભળાટ મચી ગયો છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર શહેરના નવાપરામાં પંચાસર રોડ પર મીટ્ટીકુલ સામે રહેતા ધ્રુવ પ્રફુલ્લભાઈ કેરવાડીયા (ઉ.વ.૨૦) નામના યુવાનના મિત્ર દિપક મનસુખભાઈ પરેચાને અન્ય શખ્સો સાથે માથાકુટ થઈ હોય, જેથી ધ્રુવ, દિપક પરેચા અને વિપુલ સાથલીયા ત્રણેય મિત્રો આરોપીઓ સાથે વાત કરવા નવાપરા વાસુકી દાદાના મંદિર સામે રોડ પર જતા સાહિલ દિનેશભાઈ વિજવાડીયા, ઋત્વિક જગદીશભાઈ કોળી, અનિલ રમેશભાઈ કોળી, વિશાલ સુરેશભાઈ વિજવાડિયા અને કાનો દેગામાએ ત્રણેય મિત્રોને ઘેરી મારમારી આરોપીઓએ ધ્રુવ પ્રફુલ્લભાઈ કેરવાડીયાને છાતીના ભાગે છરીનો ઉંડો ઘા કરી દેતાં યુવાન ઢળી પડ્યો હતો. જે બાદ યુવાનને તાત્કાલિક સારવાર માટે વાંકાનેર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાતા ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવમાં વાંકાનેર સિટી પોલીસે મૃતક યુવાનના પિતા પ્રફુલભાઈ કેશુભાઈ કેરવાડિયાની ફરિયાદ પરથી પાંચ આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ચોટીલાના માંડવ વન વિસ્તારમાં રોડ પર દીપડો દેખાયો હોવાનો વીડિયો વાયરલ

## વાયરલ વીડિયોને આધારે વન વિભાગની ટીમે તપાસ હાથ ધરી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકામાં આવેલ માંડવ વન સહિતના જંગલ વિસ્તારોમાં અવાર નવાર દીપડા સહિતના હિંસક પ્રાણીઓ દેખાઈ આવવાના બનાવો અગાઉ બની ચૂકયાં છે ત્યારે ચોટીલાના ઝરિયા મહાદેવ મંદિર તરફ જવાના રસ્તા પર દીપડાનો વીડિયો વાયરલ થતા દોડધામ મચી જવા પામી છે.આ અંગે મળતી માહિતી મુજબ ચોટીલા નજીક આવેલ માંડવવન સહિતના જંગલ



વિસ્તારમાં દીપડા સહિતના હિંસક પ્રાણીઓ અવાર નવાર પાણી અને ખોરાકની શોધમાં આવી ચડતાં હોય છે. અગાઉ પણ ચોટીલા તાલુકામાંથી દીપડાએ દેખા દેતા વન વિભાગની ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. ત્યારે ચોટીલાના ઝરીયા મહાદેવ મંદીર તરફ જવાના રસ્તા પર વન વિસ્તારમાં દીપડા લટાર મારતો હોય તેવો વિડીયો રસ્તા પર થી પસાર થતા એક વાહન ચાલકે ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. વાયરલ વીડિયોમાં દીપડો બિન્દાસ ઝાડી ઝાંખરા વચ્ચે હરતો ફરતો જણાઈ આવ્યો હતો. જ્યારે ચોટીલા તાલુકામાં ફરી દીપડાએ દેખા દીધી હોય તેવો વિડીયો વાયરલ થતા સ્થાનિક રહીશો સહિત ઝરીયા મહાદેવ મંદિરે દર્શનાર્થે આવતા લોકોમાં ડર નો માહોલ ઉભો થયો છે.

# ગાંધીધામ: મંત્રી ત્રિકમભાઈ છાંગાએ અંજારની બજારોમાં ફરી વેપારીઓને કર્યા રામ રામ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગુજરાત સરકારના નવ નિયુક્ત મંત્રી અંજાર ધારાસભ્ય ત્રીકમભાઈ છાંગાએ અંજાર શહેરની મુખ્ય બજારોમાં વ્યાપારીઓ અને નાગરિકોની મુલાકાત લઈ દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી જેમાં તેઓએ પાંજરાપોળ, ગંગારનાકાથી ૧૨ મીટર રોડ થઈ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમા સુધી સર્વે વેપારીઓ અને નગરજનોને શુભેચ્છા પાઠવી હતી તેઓની સાથે નગરપાલિકાના હોદ્દેદારો, ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા અંજાર વિધાનસભા ભારતીય જનતા પાર્ટી પરિવારે જહેમત ઉઠાવી હતી.

# મોરબી એબીવીપી દ્વારા સેવા વસ્તીના બાળકો સાથે દિવાળીની ઉજવણી



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ મોરબી દ્વારા સ્ટુડન્ટ ફોર સેવા કાર્યક્રમ અંતર્ગત સેવા વસ્તીના બાળકો સાથે દિવાળીની ઉજવણી કરવામાં આવી. દિવાળી એ આનંદ, એકતા અને પ્રકાશનો તહેવાર છે. આ પાવન પ્રસંગે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ મોરબી દ્વારા સ્ટુડન્ટ ફોર સેવા કાર્યક્રમ અંતર્ગત સમાજના પછાત વર્ગના બાળકો સાથે માનવતાભરી દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માળીયા ફાટક પાસે આવેલી સેવા વસ્તીમાં રહેતા બાળકો સાથે ઉજવણી કરવામાં આવી હતી. એબીવીપીના કાર્યકરો દ્વારા બાળકોને નાસ્તો, કપડાં તેમજ ફટાકડાંનું વિતરણ કરીને ખુશીની પળો વહેંચી હતી.

# વાંકાનેર: ગેલેક્સી એવોર્ડ ફંક્શનમાં ૨૫૦થી વધુ પ્રતિભાવંતોને કરાયા સન્માનીત



**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરની જાણીતી સામાજીક સંસ્થા ગેલેક્સી ચેરિટેબલ ટ્રસ્ટ અને ગેલેક્સી ક્રેડિટ કો. ઓ. સોસાયટી દ્વારા છેલ્લા બે દાયકાથી ચાલુ પ્રતિભા સન્માનની પરંપરા અંતર્ગત, આ વર્ષે ૨૦મો ગેલેક્સી એવોર્ડ ફંક્શન - ૨૦૨૫ ભવ્ય રીતે યોજાયો હતો. વાંકાનેરના ગેલેક્સી હોલ ખાતે રવિવારના રોજ યોજાયેલ કાર્યક્રમમાં ૨૫૦થી વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ, સરકારી નોકરી મેળવનાર કર્મચારીઓ તેમજ વિશેષ સિદ્ધિ હાંસલ કરનારી વ્યક્તિઓને માનપત્ર અને સન્માનચિહ્ન અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય મોહમ્મદ જાવેદ પીરઝાદા અને અધ્યક્ષ ઈરફાન પીરઝાદા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનો પોતાના સંબોધનમાં જણાવ્યું કે - મોમીન સમાજના યુવાનો શિક્ષણ અને મહેનતના માર્ગે સતત આગળ વધી રહ્યા છે, જે આખા સમાજ માટે ગૌરવની બાબત છે.

# પ્રમાણિકતાથી કમાયેલી સંપતિ સુખ આપે છે. બીજાને દુભાવીને મેળવેલી લક્ષ્મી શાંતિદાઇ નથી હોતી: પ્રભુ સ્વામી

## સ્વામીનારાયણ ગુરુકુળમાં કરાયું ચોપડા પુજન



**અબતક, ઉના**

ગીર સોમનાથના ઉના ખાતેના આનંદગઢ રોકડિયા હનુમાન પાસે આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં આજે ગુરુવર્ય શ્રી દેવ કૃષ્ણદાસજી સ્વામી તથા મહંત સ્વામી શ્રી દેવપ્રસાદજી અને ધર્મભલવદાસજી સ્વામીની પ્રેરણાથી ચોપડા પૂજન કરવામાં આવેલ હતું.

સ્વામી હરિવદનદાસજીના માર્ગદર્શન અનુસાર પ્રભુ સ્વામી, સત્યપ્રકાશદાસજી સ્વામી, શાસ્ત્રી સર્વજ્ઞદાસજી સ્વામી , અભય સ્વામી તથા પ્રેમનંદનદાસજી સ્વામીએ ચોપડા પૂજન કરેલ હતું.

પ્રારંભમાં ગણપતિ પૂજન, લક્ષ્મી પૂજન , તથા શારદા પૂજન બાદ સંતોએ ચોપડાઓમાં કંકુથી ચાંદલા કરેલ.

શ્રી પ્રભુ સ્વામીએ કહ્યું હતું કે ભગવાન સ્વામિનારાયણે ૨૦૦ વર્ષ પૂર્વ શિક્ષાપત્રીમાં કહ્યું છે કે ગૃહસ્થ એ પોતાના ઉપજ ખર્ચનું નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે નામું લખવું. ઉપરાંત તેઓએ કહેલું કે ઉપજને અનુસારે ખર્ચ કરવો. અન્યથા મોટું દુખ થાય છે. આજે લોકો તગડા વ્યાજે પૈસા લઈને પછી ભરપાઈ ન થઈ શકતાં આત્મ હત્યા કરે છે,

ત્રણ પ્રકારની લક્ષ્મી છે. સાત્વિક, રાજસ ને તામસ . પ્રમાણિકતાથી કમાયેલી સંપતિ સુખ આપે છે. બીજાને દુઃખવીને લાંચ રૂશ્વત આદિથી મેળવેલ લક્ષ્મી સુખદાઈ કે શાંતિદાઈ નથી હોતી. એ વ્યસન, ફેશન કે વ્યભિચાર જેવા બરબાદીના માર્ગે જ વેડફાય છે.

અંતમાં શ્રી પ્રભુ સ્વામીએ કહ્યું હતું કે વધુ પ્રમાણમાં ફટાકડા ફોડીને પ્રદૂષણનું દૂષણ ન વધારીએ, પશુપક્ષીઓની તથા વૃદ્ધોની પરેશાની ન વધારીએ તો લક્ષ્મીજી વિશેષ પ્રસન્ન થશે.

# ભવ્ય આતશબાજી અને મ્યુઝીકલ નાઈટથી ગુજયું ઉપલેટા

## ધારાસભ્ય ડો.પાડલીયા પાલિકા પ્રમુખ ગજેરાએ નગરજનોને દિપાવલીની શુભેચ્છા પાઠવી



તસ્વીર: શહેઝાદ બાદશાહ

**અબતક,કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા નગરપાલીકા દ્વારા દિપાવલીનાં પાવન પર્વ પર શહેરના મુખ્ય બાવલા ચોકમાં આતશબાજી અને મ્યુઝીકલ નાઈટનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતુ.

શહેરના બાવલા ચોકમાં દિપાવલીની પૂર્વ સંધ્યાએ વિશાળ શહેરીજનોની હાજરીમાં આતશબાજી યોજાતા સમગ્ર શહેરનું આકાશ રંગબેરંગથી ઝગમગી ઉઠ્યું હતુ. સાથે દેશભકિતના સથવારે મ્યુઝીકલ નાઈટ યોજાતા શહેરીજનો ઝુમી ઉઠ્યા હતા. આ તકે ધારાસભ્ય ડૉ. મહેન્દ્રભાઈ પાડલીયા પાલીકા પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, શિક્ષણ સમિતિના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઈ નંદાણીયા સહિતનાઓએ નગરજનોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ નગરપાલીકા આયોજીત પ્રોગ્રામમાં નગરપાલીકાના સભ્યો ભારતીય જનતા પાર્ટીનાં હોદેદારો, વિવિધ સમાજના આગેવાનો વેપારીઓ સામાજીક સંસ્થાના આગેવાનો પત્રકારો સહિત વિશાળ સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા હિન્દુના દિપાવલીના તહેવારને શુભેચ્છા આપવા પાલીકાના લઘુમતી સમાજના સુધરાઈ સભ્યો જોડાતા ભાઈ ચારાની ભાવના જોવા મળી હતી.

# "વિક્રમ સંવત-૨૦૮૨" રાશિવાર ભવિષ્ય કથન

## મેષ

૨૦૮૨નું આ વિક્રમ સંવત મેષ રાશિના જાતક માટે આ વર્ષ ના પ્રથમ બે માસ દરમિયાન આવક કરતા ખર્ચ અધિક થવાની આંશિક સંભાવના. દેખીતી રીતે ન સમજાય તેવી સમસ્યાનો સામનો કરવો પડે તેવી સ્થિતિ જોવા મળે તેવી શક્યતા. સગવડના ભૌતિક સાધનોમાં વૃદ્ધિ થશે, પરંતુ માનસિક અસંતોષ જોવા મળી શકે સંભાવના. ધંધા, ઉદ્યોગમાં ભાગીદાર સાથે અસંતોષ એવમ સરેરાશ વ્યવહાર રહેવાની પૂર્ણ સંભાવના. છતાં પણ આ બાબતને લઈને કોઈ પ્રતિકૂળતા જણાશે નહીં.

વિક્રમ સંવત ૨૦૮૨માં પણ આગલા વર્ષ માફક, મોટા ઉદ્યોગ ધંધામાં જોખમ ઉઠાવીને આ વિશિષ્ટ લાભ મેળવી શકાશે. આ વર્ષે પણ ઔદ્યોગિક, વ્યાપાર-વાણિજ્ય એવમ વ્યવસાય ક્ષેત્રે ધન એવમ અન્ય, અનેક પ્રકારના લાભ મળવાની પૂરી શક્યતા. ધન સંપદામાં વધારો થઈ શકે છે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી. પોષ મહિના સુધી સરેરાશ સમય જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી એકમના કર્મચારી માટે આ વર્ષ અત્યાધિક લાભદાયક નીવડશે, છતાં પન્નોતિનો ઉપાય સમયસર કરી લેવો આવશ્યક એવમ ઈશ્વર કૃપા ગણાશે. તદુપરાંત, વાદ વિવાદ તથા ઉતાવળ, આવેગ, કામચોરી, અવૈધ કામકાજથી સો ગજ દૂર રહેવું.

આ વર્ષમાં સ્થળાંતર થઈ શકે તેવી સંભાવના, અથવા લાંબા પ્રવાસ એવમ વિદેશ પ્રવાસ થાય તેવી પૂર્ણ સંભાવના. શેર બજાર કે સટ્ટા બજાર થી લાભ થઈ શકે તેમ છે, પરંતુ વિશેષ કાળજી રાખી હશે અને હોમવર્ક કર્યુ તેને જ લાભ મળવાની સંભાવના.વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સાનુકૂળ નીવડશે. ડિસ્ટ્રેક ન થઈ જવાય તેનું ખાસ ધ્યાન રાખવું. નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી માટે આ વર્ષ અતિ લાભદાયક નીવડશે.

## વૃષભ

ઔદ્યોગિક, વ્યાપાર-વાણિજ્ય ક્ષેત્રે, નજીકના લોકો દ્વારા છળ કપટ થવાની પૂર્ણ સંભાવના. મોટા વ્યાપારી જૂથોએ આ બાબત ને લઈને વિશેષ કાળજી રાખવી, તેમ ચાંપતી નજર પણ રાખવી એ ઈશ્વર કૃપા નીવડશે. છૂટક એવમ નાના કે ફેરી કરતા વ્યાપારી માટે આ વર્ષ બહુ લાભદાયક નીવડશે સાથે હળવો સંઘર્ષ એવમ પ્રતિકૂળતા પણ જણાશે. લલિત કલાના એકમના જાતક તથા સર્વિસ બિઝનેસના જાતક માટે આ વર્ષ હળવું દોડધામ વાળું પરંતુ અત્યાધિક લાભદાયક જણાશે.

દશમ સ્થાનેથી રાહુ ભ્રમણ હોતાં, સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી એકમના કર્મચારી વર્ગ માટે આ વર્ષ હળવું હળવું લાભદાયક નીવડશે. તેમજ કાર્ય સ્થળ પર, ઉપરી અધિકારી સાથે નાના મોટી બોલચાલ થવાની પૂર્ણ સંભાવના.

કર્મ ભવનના આ રાહુના કારણે, ધંધા, વ્યવસાય કે ઉદ્યોગમાં કોઈ મોટી યોજના કે પ્લાન બનાવવો નહીં. આ માટે તજજ્ઞ એવમ નિષ્ણાતની પરામર્શ અનુસાર જ નવા કાર્યનું પ્રયાણ કરવું. નહીં તો આખું વર્ષ વ્યર્થ પરિશ્રમના ચક્રમાં પસાર થશે.

વિદ્યાર્થી, એવમ નિવૃત માટે આ વર્ષ અતિ ઉત્તમ નીવડશે, જ્યારે ગૃહિણી અને મહિલા કર્મીએ વિશેષ તો લાગણીકીય સંબંધ કે ઓનલાઈન પ્રશંસા કરતા લાઈક કોમેન્ટ વાળા લોકોથી વિશેષ રૂપે, ખરાઈ + ખાતરી કરીને સાચવવું. અન્યથા, છેતરાવાનો પ્રસંગ બહુ નજીક આવતા વાર નહીં લાગે.

આ વર્ષ દરમિયાન વૃષભ રાશિના જાતકએ સંબંધમાં, લાગણીને બદલે સમ્યક બુદ્ધિ સાથે આવશ્યક પરિપક્વતા રાખશે તો આ વર્ષ બહુ શાંતિપૂર્ણ નીવડશે, સાથે આ વર્ષ અતિ આનંદમયી પણ નીવડશે.

## મિથુન

મોટા ઔદ્યોગિક, વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ વર્ષ દરમિયાન હળવો હળવો પરિશ્રમ કરવો પડશે, નાના ઔદ્યોગિક એકમ ના જાતક, છૂટક એવમ નાના કે ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ વર્ષ અર્ધ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. સર્વિસ બિઝનેસના જાતક માટે આ વર્ષ હળવું લાભદાયક તથા અતિશય મગજમારી વાળું નીવડશે. એકંદર આ વર્ષ મિશ્ર પરિણામ વાળું રહે તેવી પૂર્ણ સંભાવના.

સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી એકમના કર્મચારી વર્ગ માટે આ વર્ષના પ્રથમના ૪ મહિના સાવ મધ્યમ નીવડશે. બાકીના મહિના આંશિક લાભદાયક નીવડે પૂર્ણ સંભાવના.

વિદ્યાર્થી માટે વિદ્યા-શિક્ષણ ક્ષેત્રે આ વર્ષ અતિ સાનુકૂળ એવમ લાભદાયક નીવડશે. ઉચ્ચ શિક્ષણ હેતુ વિદેશના યોગની સંભાવના નકારી શકાતી નથી. કર્મ સ્થાનેથી શનિનું ભ્રમણ હોતાં પરિશ્રમી મધ્યમ વર્ગ તથા અતિ પરિશ્રમી એવા નવ સાહસિક માટે વર્ષના છેલ્લા છ મહિના બહુ લાભદાયક નીવડશે.

ભાગ્ય ભવનથી રાહુનું ભ્રમણ આર્થિક રીતે પૈસાનો અતિ વ્યય. અવૈધ સંબંધ, કબુતરબાજી દ્વારા વિદેશ ગમન અને ત્યાંથી ફરીથી ડિપોર્ટ થવું, હવાલા દ્વારા અવૈધ પૈસાના વ્યવહાર એવમ વેશ્યાગમન, મહા આળસ, સુસ્તી, ડિપ્રેશન, તનાવ જેવા અનેક વિધ દૂષિત સંયોગનું પણ નિર્માણ કરે છે, આથી, અતિ યત્ન, પરિશ્રમ, અને ન્યાયિક માર્ગથી આ તમામ બાબતથી બચી શકાય તેમ છે. અને આ જ તેનો ઉપાય છે. અને જરુર પડે તો નિષ્ણાતની પરામર્શ લેવી.

## કર્ક

ઔદ્યોગિક એકમના જાતક વ્યાપાર-વાણિજ્ય ક્ષેત્રના જાતક માટે આ વર્ષ આર્થિક રૂપે અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. જથ્થાબંધ વ્યાપારી જાતક માટે આ વર્ષ અર્ધ લાભદાયક તથા સાનુકૂળ રહેશે. અવૈધ સટ્ટા બજારના જાતક માટે આ વર્ષ અતિ પ્રતિકૂળ જણાશે. તમામ પ્રકારના સર્વિસ બિઝનેસના જાતક માટે આ વર્ષ અત્યાધિક લાભદાયક નીવડશે એવમ ધનસંચય વાળુ નીવડશે. ઉદ્યોગ, ધંધા, સેવા-વ્યવસાય માટે વિદેશ પ્રવાસ એવમ દેશમાં અનેક લાંબા પ્રવાસ થવાની સંભાવના.

કર્ક રાશિના જાતકના જન્માક્ષરમાં દૂષિત યોગ વાળા જાતકએ જ્યોતિષજ્ઞ કે અથવા અન્ય પરામર્શકની પરામર્શ લઈ આગળ વધવું. આ મર્યાદાને અભ્યાસમાં લ્યે તો ભવિષ્ય માટે પ્લાનીંગનું એકદમ સરળ એવમ સાનુકૂળ વર્ષ નીવડશે. પિત પ્રકોપ વાળા જાતકે હળવી હળવી કાળજી લેવી. તેમજ મદ્યપાન કરતા જાતકે વિશેષ રૂપે સાચવવું. આ સિવાય અન્ય કોઈ રોગ કે પ્રકોપની સંભાવના જણાતી નથી, એકંદરે આ વર્ષ દરમિયાન આરોગ્ય સુદ્રઢ જ રહેશે.

સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી એકમના કર્મચારી વર્ગ માટે આ વર્ષના પ્રારંભના બે મહિના સરેરાશ રહેશે ત્યારે પછીનું આ વર્ષ હળવું હળવું લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, શિક્ષક માટે વિદ્યા-શિક્ષણ ક્ષેત્રે આ વર્ષ અતિ સાનુકૂળ એવમ ફેવરેબલ નીવડશે. તેમ છતાં જ્યાં જરૂર લાગે ત્યાં વિદ્યા શિક્ષણ હેતુ શિક્ષિત દીક્ષિત શિક્ષણાચાર્યની પરામર્શ લેવી હિતાવહ રહેશે. મધ્યમ વર્ગ તથા નવ સાહસિક માટે આ વર્ષ આર્થિક એવમ ભૌતિક રીતે અતિ લાભદાયક નીવડશે. સાથે ધંધા વ્યવસાય અનેક વિધ નવા અવસર એવમ સ્ત્રોત પણ આપશે. મહિલા કર્મી એવમ ગૃહિણી તેમજ નિવૃત્ત લોકો માટે આ વર્ષ પણ લાભદાયક નીવડશે.

## સિંહ

ઔદ્યોગિક એકમના જાતક વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક આ વર્ષ દરમિયાન આર્થિક લાભ મળશે, જથ્થાબંધ વ્યાપારી જાતક માટે આ વર્ષ બહુ લાભદાયક એવમ પ્રગતિકારક નીવડશે. ધન સંચય તથા અનેક પ્રકારના આર્થિક લાભની સંભાવના. તમામ પ્રકારના સર્વિસ બિઝનેસના જાતક માટે આ વર્ષ સૌભાગ્ય એવમ માંગલ્યપૂર્ણ નીવડશે. ઉદ્યોગ-ધંધા- સેવા વ્યવસાય હેતુ વિદેશગમન થવાની પૂર્ણ રૂપે શક્યતા, સાથે સાથે વિદેશથી અનેકવિધ લાભ પણ મળશે.

યોગ- આયુર્વેદ, જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર જેવા પ્રાકૃત વિજ્ઞાનના જાતક માટે આ વર્ષ દરમિયાન ધન પ્રાપ્તિના અનેક દ્વાર-દિશાની પ્રાપ્તિ, ભાગ્યોદય તથા પ્રસિદ્ધિ, પુરસ્કાર જેવા બહુવિધ લાભ મળશે.

સરકારી ક્ષેત્રના કર્મચારી ખાનગી એકમના કર્મચારી માટે આ વર્ષ હળવું હળવું લાભદાયક અને નિરાંત વાળુ નીવડશે. જણાશે. ખાસ કરીને તો શિક્ષક, આચાર્ય એવમ ઉપાધ્યાય વર્ગ માટે વિશેષ રૂપે.

સપ્તમસ્થાનેથી શનિનું ભ્રમણ પતિ એવમ પત્નીના સંબંધ વચ્ચે, એવમ ધંધાકીય ભાગીદારમાં ક્યારેક ક્યારેક કામ ચલાઉ, વિસંવાદિતા આપે તેવી પૂર્ણ સંભાવના.

વિદ્યાર્થી માટે વિદ્યા-શિક્ષણ ક્ષેત્રે સાનુકૂળ સમય. વિદ્યા શિક્ષણ હેતુ ડ્રોપ લેવાનો થાય કે પછી ફેકલ્ટી બદલવાના સંયોગ પણ સર્જાય છે. યથામતિ નિર્ણય લેવો. મધ્યમ વર્ગના જાતક એવમ તથા ઉદ્યોગ, ધંધા, વ્યવસાય ક્ષેત્રમાં પ્રારંભ કર્તા નવ સાહસિક માટે આ વર્ષ લાભદાયક એવમ સાનુકૂળ નીવડશે. મહિલા કર્મી એવમ ગૃહિણી તેમજ નિવૃત્ત લોકો માટે આ વર્ષ લાભદાયક નીવડે તેવી સંભાવના.

## કન્યા

ઔદ્યોગિક એકમના જાતક, વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ વર્ષ મધ્યમ અથવા સાવ સરેરાશ રહે તેવી પૂર્ણ સંભાવના, ખાસ કરીને ૨૦૮૨ના પ્રથમ ચાર મહિના સાવ સરેરાશ નીવડશે. ત્યાર બાદ હળવા હળવા, સળંગ નહીં કટકે કટકે આર્થિક રીતે લાભ મળે તેવી પૂર્ણ સંભાવના. તમામ પ્રકારના સર્વિસ બિઝનેસના જાતક માટે આ વર્ષ શ્રેષ્ઠ સાબિત થવાની સંભાવના. છતાં વર્ષના પ્રથમ બે મહિના સરેરાશ નીવડશે.

૨૦૮૨ના અંતિમ ત્રણ મહિના દરમિયાન આવક કરતા જાતકનું પ્રમાણ દેખાશે, તો યથામતિ વહીવટ વ્યવહાર કરવા, જરૂર લાગે તો, ધંધા વ્યવસાયના એકમમાં નિષ્ણાત પરામર્શકની પરામર્શ લેવી.

તેમજ સ્થાવર મિલકતમાં ધન વ્યયના સંયોગ સર્જાશે આથી, યોગ્ય અનુભવી નિષ્ણાતની વ્યવસાયિક પરામર્શ લેવી ઈશ્વર કૃપા ગણાશે,ધન સંચય કરી શકાશે તેવી સંભાવના નકારી શકાતી નથી, પરંતુ અન્યત્ર, લાંબા ગાળાના રોકાણ કરી શકાશે તેવી પણ પૂર્ણ સંભાવના નકારી શકાતી નથી.

સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી એકમના કર્મચારીઓમાંથી માટે અમુક જાતક માટે આ વર્ષ સાનુકૂળ રહેશે તો અમુક જાતક માટે આ વર્ષ હળવું લાભદાયક નીવડશે.

વિવાહિત જીવનમાં ખાસ કાળજી રાખવી, વિવાહ વિચ્છેદ કે પ્રતિયોગ થવા ની હળવી હળવી સંભાવના. તેમજ અવૈધ સંબંધ થવાની તેમજ તે ભંગ અને જાહેર થવાની પણ એટલી જ સંભાવના. વિદ્યાર્થી માટે વિદ્યા-શિક્ષણ ક્ષેત્રે આ વર્ષ બહુ મૂલ્યવાન સાબિત થશે. વિદ્યા શિક્ષણ હેતુ વિદેશ ગમનની પણ સંભાવના. મધ્યમ વર્ગ તથા નવ સાહસિક માટે આંશિક લાભદાયક વર્ષ જણાશે.

## તુલા

ઔદ્યોગિક એકમના જાતક વ્યાપાર-વાણિજ્યના જાતક માટે આ વર્ષ દરમિયાન હળવો હળવો સંઘર્ષ રહેવાની પૂર્ણ સંભાવના, ઉદ્યોગ ધંધાના વિકાસ માટે તેમજ અપેક્ષા કરતાં વધારે માર્કેટિંગ સ્ટ્રેટેજી નો ઉપયોગ કરવો પડશે, એવમ કઠોર પરિશ્રમ પણ કરવો પડે તેવી સ્થિતિ સર્જાશે. ત્યાર બાદ જ આંશિક રૂપે આર્થિક લાભની સંભાવના જણાશે સાથો સાથ, ઉછીના પૈસા એવમ ઉધારી બાબતે વિશેષ રૂપે સંભાળવું પડશે.

શેર બજાર એવમ સટ્ટા બજારના જાતકે બહુ સંભાળીને વ્યવહાર વહીવટ કરવા, કારણ આ વર્ષ આ તુલા રાશિના જાતક માટે થોડું પ્રતિકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના.

સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી એકમના કર્મચારી માટે આ વર્ષ દરમિયાન બદલીના સંયોગ જણાશે. સાથે નિલંબન જેવો કુયોગ સાંપડવાની સંભાવના આથી વિશેષ તકેદારી રાખવી.. વિદ્યાર્થીઓ માટે વિદ્યા-શિક્ષણ ક્ષેત્રે આ વર્ષ બહુ સાનુકૂળ જણાશે, છતાં, ધાર્યા પરિણામ મેળવવા માટે અભ્યાસ/અધ્યયન ક્ષેત્રે થોડા વધારે પ્રમાણમાં પરિશ્રમ કરવો પડશે. પિતૃ પક્ષે થોડું સંભાળવું. પ્રશંસા- પદ-પ્રતિષ્ઠાના અવસર આવશે તેવી પૂર્ણ રૂપે સંભાવના. લગ્ન-વેવિશાળના યોગ, કૌટુંબીક સુખમાં વધારો થવાની સંભાવના. આસપાસ રહેલા છુપા શત્રુથી જાળવવું અથવા તેના ચેતીને ચાલવું. આ વર્ષ દરમિયાન પારાવાર પરિશ્રમ રહેવા છતાં આખું વર્ષ આનંદ અને ખૂશીઓ સાથે પસાર કરી શકાશે. રાહુ શનિનું ગોચર ભ્રમણ અહીં આ રાશિ ને આ વર્ષ માટે સરેરાશ ફળ આપનાર છે. મધ્યમ વર્ગ તથા નિમ્ન વર્ગ. એવમ ધંધા ઔદ્યોગિક ક્ષેત્રે નવ-સાહસિક માટે આ વર્ષ હળવું હળવું લાભકારી નીવડશે. મકાન મિલકતની ખરીદી માટે તથા નવા વાહનની ખરીદી માટે આ વર્ષ બહુ સાનુકૂળ નીવડશે. સ્ત્રીઓએ ગાયનેક સંબંધિત સમસ્યાથી વિશેષ કાળજી અથવા સારવાર લેવી. મહિલા કર્મી, ગૃહિણી માટે આ ૨૦૮૨નું વર્ષ સાનુકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના.

## વૃશ્ચિક

વૃશ્ચિક રાશિ માટે ૨૦૮૨નું વિક્રમ સંવત એટલે નવા ઉદ્યોગ ધંધા વ્યવસાય માટે યોગ્ય અને માંગલ્યપૂર્ણ વર્ષ. ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપાર-વાણિજ્ય જાતક માટે આ વર્ષ દરમિયાન પારાવાર વિત્ત લાભ થવા/મળવાની સંભાવના નકારી શકાતી નથી. ધન સંચય એવમ સ્થાવર સંપતિમાં મોટું રોકાણ કરી શકાશે તેવી સંભાવના નકારી શકાતી નથી. રંગ, રસાયણ, ઔષધિના નિર્માણ ક્ષેત્રે તથા વિક્રય ક્ષેત્રે સાથે જોડાયેલ તમામ જાતક માટે આ વર્ષ અત્યાધિક લાભદાયક નીવડશે.

આ વર્ષ દરમિયાન, સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી એકમના કર્મચારી અચાનક બદલીના સંયોગ જણાશે. સાથે બઢતી જેવા આકસ્મિક લાભ મળવાની પૂર્ણ સંભાવના. વિદ્યાર્થી માટે વિદ્યા-શિક્ષણ ક્ષેત્રે વિદ્યાભ્યાસ કે ઉચ્ચ શિક્ષણ માટે, આ વર્ષ સાનુકૂળ તથા લાભદાયક નીવડશે. અનેક વિધ નવી નવી તક સાંપડશે.મધ્યમ વર્ગ તથા નવ સાહસિક માટે આ વર્ષ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. સાથે, વિદેશ ગમન તક મળવાની સંભાવના. તેમ, વિદેશ વ્યાપારથી અનેક પ્રકારના લાભ થશે તેમજ અનેક નવા સંપર્ક વધશે.

આ વર્ષ દરમિયાન ઘરના મકાન થવાની સંભાવના પણ પ્રબળ જણાય રહી છે. સાથે અન્ય સંપદા પણ ખરીદી શકાશે તેવી પણ સંભાવના દર્શાય રહી છે.

રોગ-બીમારી અંગે થોડી વધારે કાળજી અથવા દરકાર રાખી. અગ્નિ તત્વના અસંતુલન અથવા દૂષિત થવાને કારણે જન્મ ગુણ (તાસીર) પર હાનિ થવાની પૂર્ણ સંભાવના. ખાસ કરીને, પિત્ત પ્રકૃતિ વાળા જાતકો એ વિશેષ કાળજી રાખવી. અથવા શિક્ષિત આયુર્વેદાચાર્યની જરૂર લાગે ત્યાં પરામર્શ, સારવાર લેવી એ ઈશ્વર કૃપા ગણાશે. મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ ૨૦૮૨નું વર્ષ સાનુકૂળ નીવડશે તેવી પૂર્ણ સંભાવના.

## ધન

૨૦૮૨નું આ વર્ષ પણ, ધન રાશિના જાતક લાભદાયક અને સફળ નીવડશે. તૃતિય ભાવેથી ભ્રમણ કરી રહેલા રાહુ આકસ્મિક લાભ આપી શકે છે, તો નવમ ભાવેથી ભ્રમણ કરતો કેતુ અધ્યાત્મના માર્ગ પણ ખોલી આપે છે તો સાથે સાથે અણધારી આપત્તિ પણ નોતરી આપે છે. આથી, રાહુ કેતુની પ્રતિમાના દર્શન એવમ પ્રદક્ષિણા શ્રેષ્ઠ ઉપાય રહેશે. અન્ય ઉપાય, ખોટા વાદ વિવાદ અને લોભ અને મોહ જેવા રિપુ થી દૂર રહેવું.

મોટા વિશાળ ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા કે જથ્થાબંધ વ્યાપાર-વાણિજયના જાતક માટે ચૈત્ર મહિના સુધીનો સમય દરેક રીતે ભાવે સાનુકૂળ એવમ લાભકારી રહેશે. પછીનો સમયગાળો લાભદાયક ની સાથો સાથ હળવાં સંઘર્ષ વાળો જણાશે. તેમજ નાના ઔદ્યોગિક એકમના જાતક તથા નાના વ્યાપારી એકમના જાતક માટે આ વર્ષ અત્યાધિક લાભકર્તા નીવડશે.

ખાનગી સેવા પ્રદાન કરતા તમામ પ્રકારના કલા એવમ વ્યવસાયિક એકમના જાતક માટે આ

વર્ષ અત્યાધિક લાભદાયક નીવડશે, પરંતુ, આ વર્ષ સતત, કઠિન પરિશ્રમ કરાવશે જ. આથી, આ અગત્યની બાબતને લક્ષમાં લઈને, આ વર્ષના વ્યવસાયિક આગામી કામકાજ + કાર્યક્ષેત્ર વિશે પ્લાન બનાવવા.

સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી એકમના કર્મચારી વર્ગ માટે સાવ અણધાર્યા બદલીના સંયોગ જણાય તેવી પૂર્ણ સંભાવના, સાથે આ વર્ષ તેમના માટે લાભદાયક નીવડશે. વિદ્યાર્થી માટે વિદ્યા-શિક્ષણ ક્ષેત્રે આ વર્ષ યોગ્ય નીવડશે તેમજ વિદેશાભ્યાસ માટે પણ આ વર્ષ સાનુકૂળ અને સરળ રહે તેવી પૂર્ણ સંભાવના.

વિજ્ઞાન શાખામાં ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ વર્ષ હળવું હળવું લાભદાયક નીવડે તેવી સંભાવના.

## મકર

મકર રાશિના જાતક માટે વિક્રમ સંવત ૨૦૮૨નું અત્યાધિક લાભદાયક નીવડશે, અથવા સાવ મધ્યમ નીવડે તેવી પૂર્ણ સંભાવના. પરંતુ જે જે જાતકને, મોટી પન્નોતિના કારણે આવેલ સમસ્યા ના કારણે જે જે આર્થિક નુકસાન ભોગવવું પડયું હોય તેની ભરપાઈ આ વર્ષમાં ચાલુ જ રહેશે. તેવી જ રીતે, પન્નોતિને કારણે વણસેલા સંબંધ, આ વર્ષ દરમિયાન પુનઃ સંધાય/સધાય જશે. આ વર્ષ, આ રાશિના જાતક માટે વિશેષ રૂપે ધાતુમાં રોકાણ કરવું બહુ લાભદાયક નીવડશે. આ વિશેષતા કેવળ આ રાશિને, ૨૦૮૨નો શ્રેષ્ઠ ઉપહાર સાબીત થશે.

તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક એવમ તમામ કદ/પ્રકારના વ્યાપારી એકમના જાતક માટે આ વર્ષ કાં તો અત્યાધિક લાભદાયક નીવડશે. અથવા આ વર્ષ સાવ મધ્યમ નીવડશે તેવી પૂરે પૂરી શકયતા. આથી, સમયની ચાલ અને વ્યવસાયિક તજજ્ઞની પરામર્શ લઈને આગળ વધવું.

જેમાં શારીરિક પરિશ્રમ વધારે તેવા વ્યાપારી + છૂટક -- ફેરી કરતા વ્યાપારી એકમના જાતક અને ઔદ્યોગિક એકમના જાતક માટે આ વર્ષ એકંદરે સારું નીવડશે. તેમ આવતા વર્ષ માટેનું સારા આયોજનના બીજારોપણ કરવા માટે આ વર્ષ સરવાળે શ્રેષ્ઠ સાબિત થશે.

સેવા પ્રદાન કરતાં તમામ પ્રકારના અને તમામ કદના સર્વિસ બિઝનેસના જાતક માટે આ વર્ષ અતિ પરિશ્રમ કરાવશે, તેની સામે અઢળક અઢળક આર્થિક સમેત અન્ય લાભ પણ આપશે, પૂર્ણ સંભાવના.

સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી એકમના કર્મચારી માટે આ વર્ષ હળવું હળવું લાભદાયક નીવડશે, પરંતુ વચ્ચે વચ્ચે ક્યાંક અડચણ આવવાની પૂર્ણ સંભાવના.

વિજ્ઞાન શાખાના વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ ૨૦૮૨નું આ વર્ષ હળવું હળવું સાનુકૂળ એવમ લાભદાયક નીવડે તેવી સંભાવના.

## કુંભ

તમામ પ્રકારના મોટા ઔદ્યોગિક એકમના જાતક તથા તમામ કદના, વ્યાપાર-વાણિજય ક્ષેત્રના જાતક માટે આ વર્ષ હળવું હળવું સંઘર્ષ પૂર્ણ જણાશે અથવા મધ્યમ રહેશે. વચ્ચેના સમય ગાળામાં હળવો લાભ થશે, પરંતુ કાળજી અને આયોજન પૂર્વક ધંધા વ્યવસાય કે ઉદ્યોગ સંબંધિત કામકાજ કરવાં, જ્યાં જરૂર લાગે ત્યાં તજજ્ઞની પરામર્શ લેવી ઈશ્વર કૃપા સાબિત થશે.

કુંભ રાશિના જાતક માટે, વર્ષ દરમિયાન લાંબા ગાળા માટે કરેલા, ધાતુમાં રોકાણ, ભવિષ્યમાં બહુ મોટા લાભ આપશે તેવી પૂર્ણ સંભાવના નકારી શકાતી નથી. ધાતુ સંબંધિત ઉદ્યોગ એવમ ધંધાના પ્રારંભ માટે આ વર્ષ આગળ જતાં અતિ લાભદાયક નીવડશે. છૂટક એવમ નાના તથા ફેરી કરતા પરિશ્રમી વ્યાપારી જાતક માટે આ આખુ વર્ષ પણ હળવું લાભદાયક નીવડશે.

સેવા પ્રદાન કરતા તમામ પ્રકારના સર્વિસ બિઝનેસના જાતક માટે આ વર્ષ દરમિયાન પારાવાર આવક આપશે સામે તેટલી જ જાતક આપશે આથી, યોગ્ય આયોજન કરીને પોતાનો વ્યવસાય કરવો, જરુર લાગે તો નિષ્ણાત કે અનુભવીની પરામર્શ લેવી.

વાત- પિત્તની મિશ્ર પ્રકૃતિ વાળા જાતકે આરોગ્ય પ્રત્યે વિશેષ રૂપે કાળજી લેવી તેમજ સમયાંતરે શિક્ષિત આયુર્વેદાચાર્યની પરામર્શ લેવી ઈશ્વર કૃપા ગણાશે.

સરકારી કર્મચારીઓ તેમજ ખાનગી એકમના કર્મચારીઓ માટે આ આખું વર્ષ સુખરૂપ અને નિર્વિઘ્ને પસાર થશે. પરંતુ વર્ષે પણ કામકાજ કે વાણીમાં ઉગ્રતા + ઉતાવળ ન દાખવવી.

વિદ્યાર્થીઓ માટે વિદ્યા-શિક્ષણ ક્ષેત્રે આ વર્ષ પણ સારું નીવડશે. સાથે વિદેશાભ્યાસની સંભાવના પણ નકારી શકાતી નથી, ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવાનો અવસર આ વર્ષ આપશે.

નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ વિક્રમ સંવત ૨૦૮૨નું આ વર્ષ હળવું હળવું સાનુકૂળ એવમ લાભદાયક નીવડે તેવી સંભાવના.

## મીન

નાના પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા તમામ કદના ,વ્યાપાર-વાણિજ્ય ક્ષેત્રના જાતક માટે આ વર્ષ ગત વર્ષની તુલનાએ બહુ લાભકારી નીવડશે નહીં તેવી પૂરી શક્યતા. સાથે આ આખું વર્ષ દરમિયાન સતત ને સતત વ્યસ્ત રહેવાના સંયોગ સંભાવના.

તમામ પ્રકારના વિશાળ મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ વર્ષ કઠણ પરિશ્રમ વાળું નીવડશે. પન્નોતિનો પ્રભાવ આવશે જ, અગર પન્નોતિનો ઉપાય કર્યો હશે તો બહુ સાનુકૂળતા રહેશે, અન્યથા..... આ તમામ, જાતક માટે આ વર્ષ દરમિયાન પુષ્કળ ધન લાભ પ્રાપ્તિની અપેક્ષા ઓછી રાખવી. આ વર્ષે ગત વર્ષની તુલના આર્થિક પ્રવાહ હળવો અથવા મંદ અથવા સાવ મધ્યમ નીવડે તેવી પૂર્ણ રૂપે સંભાવના.

વ્યસાયિક શુલ્કી સેવા પ્રદાન કરતા તમામ પ્રકારના કલા એવમ વ્યવસાયિક એકમના જાતક માટે આ વર્ષ હળવું હળવું સંઘર્ષપૂર્ણ નીવડશે તેવી સંભાવના. સાથે વ્યવસાય હેતુ સ્થળાંતર થવાની સંભાવના નકારી શકાતી નથી.

સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી એકમના કર્મચારી માટે આ આખું વર્ષ, સરેરાશ રીતે અર્ધ સાનુકૂળ અથવા હળવું પ્રતિકૂળ નીવડશે, વચ્ચે વચ્ચે, સારો સમય આવતો જણાશે.

વિદ્યાર્થી માટે ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવાના ઉત્તમ સંયોગ સંભાવના, અભ્યાસ માટે વિદેશ ગયેલા વિદ્યાર્થી માટે ડિપોર્ટ થવાના પણ સંયોગ બને છે, આથી, આ બાબતને લઈને તજજ્ઞની પરામર્શ લેવી ઈશ્વર કૃપા સાબિત થશે.

તમામ શાખાના વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ ૨૦૮૨નું આ વર્ષ પણ સાનુકૂળ એવમ આંશિક લાભદાયક નીવડે તેવી પૂરી શક્યતા.


જય ભારત, જય આર્યાવર્ત

**પં.ડો. હિતેષ એ. મોઢા**

જ્યોતિષ-વાસ્તુ તજજ્ઞ,
ત્રિપલ ગોલ્ડ મેડાલીસ્ટ,
આર્ય ગૌરવ પુરસ્કાર વિભૂષિત
101 RD ચેમ્બર્સ છાયા ચોકી
પોરબંદર ફોન. 09879499307
--https://wa.me/
+919879499307
www.ishanastrovastu.in
www.ishanastrovastu.blogspot.com

-:: સંક્ષિપ્ત પરિચય ::-

છેલ્લા ૩૫ વર્ષથી વૈદિક જ્યોતિષ-વાસ્તુશાસ્ત્ર જેવા પ્રાકૃત વિજ્ઞાનના આજીવન છાત્ર. અનેક ગોલ્ડ મેડલ અને પુરસ્કારથી સન્માનિત. સરકાર તરફથી બે ગોલ્ડ મેડલ તથા યુનેસ્કો સંલગ્ન એયુજીપી યુનિવર્સિટી તરફથી એક ગોલ્ડ મેડલ. ફુલછાબ, અબતક તથા ખબર જગતના કટાર લેખક.


**વિશેષ મહત્વની નોંધઃ** આ ફળકથન રાષ્ટ્રીય પંચાંગના આધારે લખ્યુ છે. આ ફળકથન વર્ષના ગોચરના ગ્રહોના આધારે લખ્યુ છે. આથી, સામાન્ય હોતા, અંતિમ ન માનવુ, વિશેષ તથા સચોટ સંભાવના વ્યક્ત કરવા માટે જાતકની જન્મ કુંડલી + ગૃહ સ્થિત વાસ્તુદોષનો સૂક્ષ્મ અભ્યાસ કરવો પણ એટલો જ જરૂરી હોય છે.

# જામનગર ક્રાઈમ ડાયરી

## વૃંદાવન સોસાયટીના વેપારીના ઘરમાં હાથ ફેરો કરનાર રીઢો તસ્કર ઝડપાયો

### રોકડ અને સોનાના ઘરેણા મળી રૂ. ૧૫.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, જામનગર**

જામનગરમાં ત્રણ દિવસ અગાઉ શહેરના રણજીતસાગર રોડ પર વૃંદાવન સોસાયટીમાં ફ્રુટના વેપારીના ઘરમાં ખાતર પડ્યું હતું. તસ્કરો રૂપિયા સાડા છ લાખની રોકડ રકમ અને અઢી લાખ રૂપિયાની કિંમતના સોનાના દાગીના સહિત રૂપિયા ૯,૦૨,૦૦૦ નો મુદ્દામાલ ઉસેડી ગયા હતા. જે ગુન્હાનો ભેદ ઉકેલી નાંખવામાં પોલસી સફળ થઇ છે. આરોપીને દબોચી લઈ રોકડ રકમ ઉપરાંત સોનાના દાગીના સહિત કુલ રૂા.૧૫.૬૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.



વિગત અનુસાર રણજીતસાગર રોડ પર આવેલ વૃંદાવન સોસાયટી શેરી નં.૧ માં રહેતા ફ્રૂટના વેપારી તરૂણભાઈ મોહનભાઈ રાયઠઠ્ઠા ગત તા ૧૬-૧૦-૨૦૨૫ ના રોજ પોતાના નાનાભાઈ બહારગામ ગયા હોય અને તેઓના માતા નાનાભાઈના ઘરે એકલા હોવાથી પોતાના પત્ની અને બાળકો સાથે નાનાભાઈના ઘરે રાત્રી રોકાણ માટે ગયા હતાં. આ મોકાનો લાભ લઈ તસ્કરો તરૂણભાઈના ઘરે ખાબકયા હતાં અને કબાટમાં રાખેલી રૂપિયા સાડા છ લાખની રોકડ રકમ તેમજ પોતાની પત્નીનું સોનાનું મંગળસૂત્ર, બુટીયા,વિટી, પેન્ડન્ટ સેટ સહિતના દાગીના કે જેની કિંમત ૨,૫૨,૦૦૦ જેટલી થાય છે, જે મળી કુલ ૯,૦૨,૦૦૦ની માલમતા ઉસેડી ગયા હતાં. જે મામલે ફરિયાદ બાદ પોલીસે આરોપીને પકડી પાડયો છે.

ફ્રુટના એક વેપારીને ત્યાં ચોરી કરનાર આરોપી ચાંદીબજાર સર્કલ પાસે આટા ફેરા મારે છે. આ ચોક્કસ બાતમીના આધારે સિટી એ ડિવિઝન પોલીસ મથકની ટીમ તાત્કાલિક ચાંદીબજાર ખાતે પહોંચી હતી અને શિવાભાઈ જેરામભાઈ વાજેલીયા (ઉ.વ.૫૫, રહે.નીકાવા ગામ ખરેડી રોડ ઉપર ખળધોરાજી ગામની સામે તા.કાલાવડ જી. જામનગર) નામના શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે આ શખ્સ પાસેથી ચોરી કરેલ કુલ રૂા.૯,૧૭,૮૦૦ ના દાગીના તથા રૂા.૬,૫૦,૦૦૦ રોકડા કુલ રૂા.૧૫,૬૭,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગર જિલ્લામાં બોગસ બોટ રજીસ્ટ્રેશન કૌભાંડનો પર્દાફાશ

### સાડા છ વર્ષમાં ૩૦ બોટનું રજીસ્ટ્રેશન થઈ ચૂક્યુ, બોટ માલિકો સહિત ૩૪ શખ્સો સામે ગુન્હો, સરકારી સહાય સહિતના લાભ લેવા કૌભાંડને અંજામ અપાયો?

**અબતક, જામનગર**

જામનગર જિલ્લામાંથી બોગસ બોટ રજીસ્ટ્રેશન કૌભાંડનો જામનગરના એસઓજી પોલીસે પર્દાફાશ કર્યો છે. આરોપીઓ માછીમારીની જુની ફીશીંગ બોટને નવી ફીશીંગ બોટ બતાવીને ગેરરીતિ કરતા હતા. સાડા છ વર્ષમાં ૩૦ બોટનું રજીસ્ટ્રેશન થઈ ચૂક્યું હોવાની પોલીસની તપાસમાં સામે આવ્યું છે. હાલ આ પ્રકરણની બોટ માલિકો સહિત ૩૪ શખ્સો સામે ગુન્હો નોંધાયો છે.

અગાઉ દેવભૂમિ દ્વારકા બાદ હવે જામનગર જિલ્લામાં પણ બોટ રજીસ્ટ્રેશન કૌભાંડનું ભૂત ધૂણ્યું છે. બેડી, રસુલનગર, સચાણા, સિક્કાના દરિયા કીનારેથી દરીયામાં માછીમારી કરવા જતી જુની બોટને નવી બોટ તરીકે દર્શાવીને રજીસ્ટ્રેશન કરાવીને બોટનું લાયસન્સ મેળવવાનું વ્યવસ્થિત રીતે કૌભાંડ ચાલતું હતું. જેમાં ગત તા.૧૮,૨,૨૦૧૭ થી તા.૧૭,૯,૨૦૨૩ સુધીના સાડા છ વર્ષ કરતા વધુ સમય ગાળા દરમિયાન ફીશીંગ બોટના ૩૦ માલિકોએ પોતાની ફિશીંગ બોટના નવી ખરીદ કરેલના ખોટા બીલ અરોપી અનવર અજીજભાઈ ગાઘ, ઈસાફ ઈબ્રાહીમભાઈ માણેક અને અખ્તર ઈબ્રાહીમભાઈ માણેકએ આરોપી તરુણ સવાઈલાલ રાજપુરા પાસેથી મંગાવી હતી. બાદમાં જુની ફિશીંગ બોટના રજીસ્ટ્રી સર્ટીફીકેટ (કોલ)ના હોય તેવી ફિશીંગ બોટને રીબીલ્ટ (સુધારા વધારા) દર્શાવી ફીશરીઝ વિભાગ જામનગર ખાત ઓનલાઈન સબમિશન કરી જુની ફિશીંગ બોટને નવી બનેલ બોટ તરીકે દર્શાવી હતી.

૩૦ રજીસ્ટ્રી સર્ટીફીકેટ (કોલ) તથા બોટનું લાયસન્સ મેળવીને ગુનો કર્યો હોવાનું સામે આવ્યું હતું. જેથી એસઓજીએ ૩૦ ફીશીંગ બોટના માલિકો તેમજ ૩ વચેટીયા અને બીલ બનાવી આપનાર ૧ સહિત ૩૪ સામે બેડી મરીન પોલીસ સ્ટેશન ગુનો નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

## બેડ ગામે જૂના મનદુઃખનું વેર વાળવા આધેડ ઉપર હુમલો

### ગત દીવાળીએ ફટાકડો નાંખવા બાબતે અને ચુંટણીના મનદુઃખનો ખાર રાખીને પાંચ શખસોએ મારમાર્યો

**અબતક, જામનગર**

જામનગર નજીકના બેડ ગામે મોટી બબાલ થઈ હતી. જૂના મનદુઃખનું વેર વાળવા માટે યુવાનને બાઈક ટકરાવી હુમલો કરાયો હતો. ગત વર્ષની દીવાળીએ ફટાકડો નાંખવા બાબતે અને ચુંટણીનું મનદુઃખનો ખાર રાખીને પાંચ શખસોએ બાઈક ટકરાવીને રોકીને હુમલો કરીને છરી મારવાની કોશિષ કર્યાની ફરિયાદ સિક્કા પોલીસ મથકમાં નોંધાઈ છે.

જામનગરમાં રહેતા મુળ બેડ ગામના દોલતસિંહ ચંદ્રસિંહ જાડેજા નામના ૫૯ વર્ષીય આધેડના ઘર ઉપર ગત વર્ષે બેડ ગામના રહીશો એવા રાજેન્દ્રસિંહ લાલુભા જાડેજા, હરદેવસિંહ લાલુભા, લગધીરસિંહ જોરુભા જાડેજા, મહાવીરસિંહ લગધીરસિંહ તથા રાજેન્દ્રસિંહનો પુત્ર દુષ્યંતસિંહ જાડેજાએ ગયા વર્ષની દીવાળીએ ફટાકડા નાંખતા દોલતસિંહ અને આરોપીઓને બોલાચાલી થઈ હતી.

આ પછી આ શખસો સાથે ફરિયાદી દોલતસિંહને ચુંટણીનું મનદુઃખ સર્જાયું હતું. તેથી તા.૧૫મીની રાત્રે ૮ વાગ્યાના અરસામાં દોલતસિંહ વાહનમાં પસાર થતા હતા ત્યારે રાજેન્દ્રસિંહએ પોતાનું મોટરસાયકલ અથડાવીને છરી લઈને મારવા જતાં ફરિયાદીએ છરી પકડી લીધી હતી. તેથી રાજેન્દ્રસિંહ અને હરદેવસિંહએ ફરિયાદીને ઢીંકાપાટુ મારવા માંડ્યા હતા. આ વેળાએ મહાવીરસિંહ અને દુષ્યંતસિંહએ પણ પહોંચીને ફરિયાદીને મુંઢ માર માર્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની દોલતસિંહએ તા.૧૮ની રાત્રે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## ફટાકડાના છ વેપારી સામે કાર્યવાહી

### લાયસન્સ વગર ફટાકડાનું વેચાણ કરતાં છ શખ્સોને પોલીસે ઝડપી પાડયા

**અબતક, જામનગર**

જામનગર શહેરમાં દિવાળી પર ગેરકાયદેસર રીતે લાયસન્સ વગર ફટાકડાનું વેચાણ કરતાં છ શખ્સોને પોલીસે ઝડપી પાડીતમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સિટી એ ડિવિઝન પોલીસે સુમેર કલબ રોડ પર દિ.પ્લોટ ૧૭/બી ની સામે ગેરકાયદે ફટાકડાનું વેચાણ કરતાં અલ્કેશભાઈ શાંતીભાઈ ગંઢા (ઉ.વ.૫૧, રહે.દ્વારકાપુરી રોડ ખંભાળીયાગેટ પાસે જામનગર) નામના શખ્સને ઝડપી લીધો હતો. સિટી બી ડિવિઝન પોલીસે ગુલાબનગર રાજપાર્ક હનુમાનજી ના મંદિર પાસેથી વિજયભાઈ વલ્લભભાઈ મકવાણા (ઉ.વ.૪૦, રહે.ગુલાબનગર રામવાડી જાનકી નિવાસ, જામનગર) ને ઝડપી લીધો હતો. સિટી સી ડિવિઝન પોલીસે સમર્પણ સર્કલ નજીકથી આશીષભાઈ જયેશભાઈ લીંબડ (ઉ.વ.૨૪, રહે.રેલ્વેસ્ટેશન રોડ ગોજીયા એન્જીનીયરીંગ સામેની ગલી જામ ખંભાળીયા જી.દેવભુમી દ્વારકા) નામના શખ્સને પકડી પાડ્યો છે. ઉપરાંત એરફોર્સ રોડ રોઝી પંપ પાસેથી રાજેશ નારણભાઈ ઠાકેડા (ઉ.વ.૨૯, રહે.ઈદ મસ્જિદ સુભાષપરા, શેરી નં.૧, જામનગર) અને આ જ વિસ્તારમાંથી દિપક પરસોતમભાઈ સદારગાણી (ઉ.વ.૪૧, રહે.નિલકંઠનગર, આરાધના શેરી, જામનગર) નામના શખ્સને પકડી પાડ્યાં હતાં.

## વાંસજાળીયા ગામથી જુગાર રમતા ૬ પકડાયા

**અબતક, જામનગર**

જામજોધપુર તાલુકાના વાંસજાળીયા ગામમાં પોલીસે રેડ પાડી જુગાર રમતા ૬ પત્તાપ્રેમીઓને પકડી પાડ્યા હતા.

વાંસજાળીયા ગામમાં જુગારની જમાવટ જામી હોવાની પોલીસને કાને વાત પડી હતી. જુગાર નો દરોડો પાડ્યો હતો, અને વાંસજાળીયા ગામમાંથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા મહેશ ધીરુભાઈ ડાભી, દર્શન અશોકભાઈ ફળદુ, ભુરાભાઈ કેશુભાઈ ધુવા, દિનેશ કેશુભાઈ ડાભી, અબુભાઈ ઈસ્માઈલભાઈ ચાવડા તેમજ રમેશ પોપટભાઈ ઘરસંડિયાની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૩,૬૨૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

---

### અંગ્રેજો કે જમાને કે...!

## દરેક પાત્રમાં ઢળી જનારા અભિનેતા અસરાનીની ચીર વિદાય

### ૫૦ વર્ષની ફિલ્મ કારકિર્દિમાં ૩૦૦થી વધુ ફિલ્મ આપનાર ગોવર્ધન અસરાનીએ ૮૪ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા

**અબતક, મુંબઈ**

અંગ્રેજો કે જમાને કે જેલર... બ્લોકબસ્ટર શોલે ફિલ્મના અભિનેતા, બોલીવુડના સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર અને ચરિત્ર અભિનેતા ગોવર્ધન અસરાની, જેમને ચાહકો પ્રેમથી અસરાની તરીકે ઓળખતા હતા, તેમનું સોમવારે ૮૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. આ સમાચાર ત્યારે આવ્યા જ્યારે દેશભરમાં દિવાળીના તહેવારોની ઉજવણી થઈ રહી હતી તેમજ તેમણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર મિત્રો અને ચાહકો સાથે દિવાળીની શુભેચ્છાઓ શેર કરી તેના થોડા કલાકો પછી જ તેમના મૃત્યુના સમાચાર આવ્યા હતા. તેમના અવસાનથી ફિલ્મ જગત અને તેમના લાખો ચાહકોમાં શોકની



મુજબ, સોમવારે સાંજે ૪ વાગ્યાની આસપાસ તેમના નિધનની જાણ કરવામાં આવી. રસપ્રદ વાત એ છે કે, આ દુઃખદ સમાચાર તેમના દ્વારા સોશિયલ મીડિયા પર મિત્રો અને ચાહકોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવ્યાના થોડા જ કલાકો પછી આવ્યા. જોકે તેમના મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ તેમના મેનેજર બાબુભાઈ થિબાએ જણાવ્યું કે તેઓ છેલ્લા ૧૫ દિવસથી નબળાઈ અનુભવી રહ્યા

લહેર ફરી વળી છે, જેને કારણે દિવાળીની ખુશીઓ પર શોકનું વાદળ છવાઈ ગયું. તેમના પરિચિત ચહેરા અને નાકના અવાજે લગભગ ૫૦ વર્ષના ભવ્ય કરિયરમાં ૩૦૦થી વધુ ફિલ્મો દ્વારા પેઢી દર પેઢીના દર્શકોના ચહેરા પર સ્મિત લાવવાનું અમૂલ્ય કાર્ય કર્યું છે. જાણવા મળ્યા

હતા અને ચાર દિવસથી શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી, જેના કારણે તેમને જુહુની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અભિનેતા લાંબા સમયથી બીમારી સામે ઝઝૂમી રહ્યા હોવાના અહેવાલો છે. જાન્યુઆરી ૧૯૪૧માં જયપુરમાં જન્મેલા અસરાનીએ સિનેમામાં કારકિર્દી બનાવતા પહેલા તેમનું શાળાકીય અને કોલેજનું શિક્ષણ પૂર્ણ કર્યું હતું.

અસરાનીની ઓળખ માત્ર હાસ્ય કલાકાર તરીકે જ સીમિત નહોતી, તેમણે 'અભિમાન'માં સિંધી સેક્રેટરી તરીકે અને 'ચુપકે ચુપકે'માં પીકે શ્રીવાસ્તવ તરીકે અમિતાભ બચ્ચનને સક્ષમ સમર્થન આપ્યું હતું, તો 'કોશિશ', 'નિકાહ' અને 'અબ ક્યા હોગા' જેવી ફિલ્મોમાં ગ્રે શેડ્સના વધુ સૂક્ષ્મ અભિનય પણ વ્યક્ત કર્યા. તેમની યાદગાર ભૂમિકાઓમાં 'રોટી', 'પ્રેમ નગર', 'છોટી સી બાત', 'રફૂ ચક્કર', 'બાલિકા બધુ', 'ફકીરા' અને 'અનુરોધ'નો સમાવેશ થાય છે. અભિનેતા અક્ષય કુમારે પણ શોક વ્યક્ત કરતાં કહ્યું કે ''અસરાનીજીના અવસાન પર હું નિઃશબ્દ છું... તેમનો કોમિક ટાઈમિંગ ખૂબ જ સુપ્રસિદ્ધ હતો. અમને હસવાના લાખો કારણો આપવા બદલ આભાર.'' તેમની અંતિમ યાત્રા સાંતાક્રુઝ સ્મશાનગૃહમાં પત્ની મંજુ અને મિત્રોની હાજરીમાં કરવામાં આવી, પરંતુ ''અંગ્રેઝો કે જમાને કે જેલર'' તરીકેની તેમની પંક્તિ અને ભૂમિકા હંમેશા દર્શકોના મનમાં જીવંત રહેશે.

## સુરેન્દ્રનગર મનપા કચેરી ખાતે વઢવાણ ઝોનના કોન્ટ્રાક્ટ બેઈઝ સફાઈ કામદારો હલ્લાબોલ

### અંદાજે ૧૦૦ જેટલા કોન્ટ્રાકટ બેઈઝ સફાઈ કામદારોને કોન્ટ્રાકટર દ્વારા દિવાળી બોનસ નહીં ચૂકવતા રોષ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મહાનગર પાલિકામાં અનેક કોન્ટ્રાક્ટ બેઈઝ સફાઈ કામદારો ફરજ બજાવે છે અને દિવસ રાત સફાઈ સહિતની કામગીરી કરે છે ત્યારે દિવાળી ટાણે જ વઢવાણ ઝોનના કોન્ટ્રાક્ટ બેઈઝ સફાઈ કામદારોને બોનસ ચુકવવામાં નહી આવતા હડતાળ પર જઈ વિરોધ કર્યો હતો તેમજ મનપા કચેરી ખાતે હલ્લાબોલ પણ હતો.

સુરેન્દ્રનગર મનપા કચેરીના અલગ અલગ ઝોનમાં અનેક સફાઈ કામદારો ફરજ બજાવે છે. જેમાં વઢવાણ ઝોનમાં ફરજ બજાવતા અંદાજે ૧૦૦ થી વધુ કોન્ટ્રાક્ટ બેઈઝ સફાઈ કામદારોને કોન્ટ્રાક્ટર આશિષ પટેલ દ્વારા દિવાળી બોનસ ચુકવવામાં નહી આવતા આર્થિક મુશ્કેલી ભોગવવાનો વારો આવ્યો છે અને દિવાળી ટાણે જ બોનસ નહીં મળતા દિવાળી સારી રીતે મનાવી શકશે નહી તેવી સ્થિતિ સર્જાઈ છે.

અગાઉ પણ કોન્ટ્રાક્ટ બેઈઝ સફાઈ કામદારોએ દિવાળી પહેલા બોનસ ચુકવવા સહિતની માંગ સાથે કોન્ટ્રાકટર તેમજ મનપા તંત્રને રજૂઆત કરી હતી પરંતુ તેમ છતાંય કોન્ટ્રાકટર દ્વારા પોતાની મનમાની ચલાવી સફાઈ કામદારોને બોનસ નહીં ચૂકવતા રોષે




ભરાયેલા કોન્ટ્રાક્ટ બેઈઝ સફાઈ કામદારોએ દિવાળીના દિવસે જ હડતાળ પર જઈ વિરોધ કર્યો હતો અને મનપા કચેરી ખાતે પણ હલ્લાબોલ કરી રોષ દાખવ્યો હતો. તેમજ જ્યાં સુધી દિવાળી બોનસ ચુકવવામાં નહી આવે ત્યાં સુધી હડતાળ શરુ રાખવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

## સોમનાથના સાનિધ્યે દીપાવલી પર્વની ઓનલાઈન ઉજવણીઃ ગણેશ-લક્ષ્મી પૂજનમાં ભક્તો જોડાયા

### સોમનાથ ટ્રસ્ટે ભારતીય સંસ્કૃતિની પરંપરાને આધુનિક સ્વરૂપ આપ્યું

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના પાવન સાનિધ્યમાં, અશ્વિન કૃષ્ણ અમાવસ્યા અને દીપાવલીના શુભ પર્વ નિમિત્તે, સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભક્તોને ઓનલાઈન માધ્યમથી વિધિવત ગણેશ-લક્ષ્મી પૂજન, લેખની અને રોજમેળ પૂજન કરાવીને એક અનોખો ધાર્મિક ઉત્સવ યોજવામાં આવ્યો હતો. આ આયોજન દ્વારા દૂર રહેતા ભક્તોને પણ સોમનાથના પવિત્ર સાનિધ્યમાં લક્ષ્મી પૂજનનો લાભ મળ્યો હતો.



છેલ્લા ત્રણ વર્ષથી, શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના 'વસુધૈવ કુટુંબકમ્' ના સૂત્ર સાથે, ટ્રસ્ટ ભક્તોને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી ઉત્તમ ધાર્મિક અનુભવ પ્રદાન કરવા માટે સતત પ્રયત્નશીલ છે. આ વિચારને આગળ વધારી, આ વર્ષે પણ દેશભરમાંથી મોટી સંખ્યામાં પરિવારોને ઓનલાઈન જોડીને સોમનાથ મહાદેવના આશીર્વાદ સહ લક્ષ્મી પૂજનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પૂજન માટે અગાઉથી નોંધણી કરાવેલ શ્રદ્ધાળુઓનો સંપર્ક કરીને તેમને સુચારુ રૂપે ઓનલાઈન પ્લેટફોર્મ સાથે જોડવામાં આવ્યા હતા. આ ઐતિહાસિક પૂજનમાં દેશભરમાંથી મોટી માત્રામાં ભક્તો ઓનલાઈન માધ્યમથી શ્રી સોમનાથ મંદિર સાથે જોડાયા હતા.

ઓનલાઈન પૂજનમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શ્રી યંત્ર, લક્ષ્મી માતા, શ્રી ગણેશ, રોજમેળ અને લેખનીનું વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું. ઓનલાઈન જોડાયેલા ભાવિકોના રોજમેળ (એકાઉન્ટ બુક)નું સોમનાથ ખાતે પંડિતજી દ્વારા ખાસ પૂજન કરવામાં આવ્યું હતું. પૂજનમાં, શ્રી સોમનાથ મહાદેવને પ્રાર્થના કરવામાં આવી હતી આજે આધુનિક સમયમાં બહુમાળી ભવનો અને ઘરોથી દૂર રહેનાર લોકોને દિવાળીની લાગણી અને પૂજા નો લાભ મળે, તેજ રીતે ભારતીય સંસ્કૃતિની દીપાવલી પર લક્ષ્મી પૂજનની પ્રણાલીને આધુનિક સ્વરૂપમાં ભકતોને ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.


ઓનલાઈન માધ્યમથી સોમનાથ જ્યોતિર્લિંગના સાનિધ્યે લક્ષ્મી પૂજનનો લાભ મેળવનાર યજમાનોએ ટ્રસ્ટના આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને વિશ્વવ્યાપી પૂજનના આ અભિગમને ખૂબ વખાણ્યો હતો અને આ ઉત્કૃષ્ટ આયોજન બદલ સોમનાથ ટ્રસ્ટ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

## દીવાળીના તહેવાર સકારાત્મક વિચારો અને પુરૂષાર્થની પ્રેરણા આપે છેઃ રમેશભાઈ ઓઝા

### દિવાળી-નૂતનવર્ષની દેશવાસીઓને ભાઈજીની શુભકામના

**અબતક,રાજકોટ**

વિશ્વ પ્રસિધ્ધ ભગવતાચાર્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ દિવાળીના તહેવારોને સકારાત્મક વિચારો અને પુરૂષાર્થની પ્રેરણા આપતો પર્વ ગણાવી દેશવાસીઓને દિવાલી-નવા વર્ષની શુભકામના પાઠવી છે. શુભેચ્છા સંદેશામાં ભાઈશ્રીએ જણાવ્યું છે કેસત્યમેવ જયતે એ આપણું રાષ્ટ્રીય સૂત્ર પણ છે. એટલે સકારાત્મક વિચારોથી, શુભ સંકલ્પોથી યુક્ત થઈ આપણે આશાના દીવડાને પ્રગટાવીએ. વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રનું ઉત્થાન થાય એના માટેની પ્રાર્થના કરવી જોઈએ.સૌને આ વિચારો સાથે દીપાવલી અને એ પછી પ્રારંભ થતા નવવર્ષની શુભકામના પાઠવી જણાવ્યું હતુ કે, આપણે દીવડા પ્રગટાવીશું, રાત્રીના અંધકાર સાથે લડીશું તો એ પછીની સવારનો સૂર્ય આપણા જીવનમાં જરૂર પ્રગટ થશે જ અને આપણે પ્રાતઃકાલે એના ઓવારણા લઈ એને પ્રણામ કરી અને નવવર્ષની શરૂઆત કરીશું..



## રાજકોટઃ રાષ્ટ્રીય શાળા ખાતે નવા વર્ષ નિમિતે કાલે સ્નેહમિલન

**અબતક,રાજકોટ**

મહાત્મા ગાંધી સ્થાપિત રાષ્ટ્રીયશાળા રાજકોટનાં જાહેર જીવનનું કેંદ્ર રહ્યું છે. અહીંની પરંપરા રહી છે કે સમાજ જીવનનાં અને નગરના શ્રેષ્ઠીઓ નવા વર્ષની શરૂઆત સાથે મળીને ગાંધીજીની આ પવિત્ર ભૂમિ ઊપર કરતા રહ્યા છે. આજ શૃંખલાને આગળ વધારવા તાઃ ૨૨/૧૦/૨૦૨૫, બુધવારનાં રોજ સવારનાં ૯:૦૦ થી ૧૦:૩૦ કલાકે સ્નેહ મિલન'' રાષ્ટ્રીયશાળાનાં પ્રાંગણમાં રાખવામા આવેલ છે. જેમાં તમામ શહેરીજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

(પહેલા પાનાનું ચાલું)

### દિવાળી...

અવાજો સંભળાતા હતા. આકાશમાં અવનવા ફટાકડાની જાણે રંગોળી પુરાય હોય તેવો મનમોહક માહોલ જોવા મળ્યો હતો. ઉત્સવપ્રિય લોકોએ હોંશભેર દિવાળીની ઉજવણી કરી હતી. દરમિયાન આજે પડતર દિવસ છે. આવતીકાલે નવા વર્ષની ઉજવણી કરવામાં આવશે. સૌરાષ્ટ્રના અનેક ગામોમાં આજે જ નવા વર્ષની ઉજવણી કરી દેવામાં આવી છે.લોકોએ એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓની આપલે કરી હતી.

### ઝેરી હવા...

ગ્રીન લેન્ડ ચોકડી ખાતે ૧૦૮, દેવપરા ખાતે ૧૧૫, રેલવે સ્ટેશન ખાતે ૧૦૩, ત્રિકોણબાગ ખાતે ૧૦૨ એક્યુઆઈ નોંધાયું હતું.આ ઉપરાંત આ પાંચ સ્થળોએ પીએમ ૨.૫ અને પીએમ ૧૦ પણ અતિ ખતરનાક સ્તરે પહોચ્યા હતા. કોર્પોરેશન ચોકમાં પીએમ ૨.૫ ૩૪૪.૨૬, જામટવાર ખાતે ૪૮૪.૭૬, રામાપીર ચોકડીએ ૨૯૬.૮૦, સોરઠીયા વાડી સર્કલ ખાતે ૩૩૭.૩૩, અને નાના મવા સર્કલ ખાતે પીએમ ૨.૫ ૫૨૬ નોંધાયું હતું. જ્યારે પીએમ ૧૦ લેવલ કોર્પોરેશન ચોકમાં ૪૫૯.૭૨, જામટાવર ખાતે ૭૨૦.૮૮, રામાપીર ચોકડીએ ૨૯૬.૮૨, સોરઠીયા વાડી સર્કલે ૩૩૭.૫૨, અને નાનામવા સર્કલ ખાતે ૫૨૬.૨૪ નોંધાયું હતું.રાજકોટમાં આખી રાત ફટકડા ફૂટવાના કારણે હવા પ્રદુષીત બની હતી સવારે પણ વાતાવરણ ધુમાડા ભર્યુ જોવા મળ્યું હતું.

## દુઃખદ અવસાન

### સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**મોરબીઃ** મૂળ મકાજી મેઘપર હાલ મોરબી નિવાસી સ્વ.મગનલાલ મેઘજીભાઈ ત્રિવેદીના પુત્ર, સ્વ.દીનેશભાઈ, સ્વ.કાંતિલાલના ભાઈ, રમણીકલાલ મગનલાલ ત્રિવેદી (રમણીક મામા શાસ્ત્રી) તે વિમલભાઈ, પિયુષભાઈ, રાજુભાઈ, મંદાકિનીબેનના પિતા, હર્ષિલ, કૌશલ, સ્મિત, ધ્રુવીલના દાદાનું તારીખ ૨૦/૧૦/૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે. સદગતનુ ઉઠમણું તારીખ ૨૩/૧૦ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ પંચમુખી હનુમાનજી મંદિર વેજીટેબલ રોડ મોરબી -૨ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. લુહાર વાસંતીબેન કિશોરભાઈ સિદધપુરા (ઉ.વ.૭૩) તે કિશોરભાઈ સિદધપુરાના પત્ની, દિપકભાઈ, ચેતનભાઈ, નિમલબેનના માતા, નંદલાલ, વિજયભાઈના ભાભી, હર્ષભાઈ, વિરભાઈના દાદીમાનું તા. ૧૯ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૩ ને ગુરુવારે બપોરે ૪ થી ૬ પર્ણકુટિ સોસાયટી હોલ, રાજનગર ચોક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ. :** ગુજરાતી શ્રીગૌડ માળવિય બ્રાહ્મણ ગિરીશભાઈ ભટ્ટ (ઉ.વ. ૭૦) તે જયંતીલાલ જટાશંકર ભટ્ટના પુત્ર તે સ્વ. બિપીનભાઈ, સ્વ. અરુણભાઈ તથા અરવિંદભાઈના લઘુબંધુ તે સ્વ. ધિરેન્દ્રભાઈ તથા પ્રકાશભાઈના વડીલ બંધુ, તે મૃણાલભાઈ (રાજા), કૃણાલભાઈ તથા નિધિબેન ચિંતનકુમાર વ્યાસ, કિંજલબેન (રિધ્ધિ) સંદીપકુમાર શુકલના પિતા તે જયંતીલાલ ભાઈશંકર મહેતાના જમાઈ તે ઘનશ્યામભાઈના બનેવી તે સ્વ. વિજયભાઈ, રક્ષિતભાઈ, હાર્દિકભાઈ, મૌલિકભાઈ, પિનાકીનભાઈના દાદાનું તા. ૧૮/ ૧૦/૨૦૨૫ના રોજ અવસાન થયું છે. સદગતનું બંને પક્ષનું ઉઠમણું તથા બેસણું તા. ૨૪/ ૧૦/ ૨૦૨૫ને શુક્રવારે સાંજે ૪:૩૦ થી ૬ સુધી ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર માસ્તર સોસાયટી રાજકોટ ખાતે રાખ્યું છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પાંચ જિલ્લાના ૧૮ તાલુકાઓ માટે રૂ.૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર

## વાવ-થરાદ અને પાટણ જિલ્લા માટે પ્રથમવાર અલગથી ૨૫૦૦ કરોડની જોગવાઈ કરાશે જરૂર પડશે તો ૫૦૦૦ કરોડ ફાળવાશે

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા પાંચ જિલ્લાના ૧૮ તાલુકાઓ માટે રૂ.૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. વાવ-થરાદ અને પાટણ જિલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યા રહેતી હોય એવા ખેડૂતોની સમસ્યા નિવારવા પ્રથમવાર ૨૫૦૦ કરોડની જોગવાઈ કરાશે જરૂર પડશે તો ૫૦૦૦ કરોડ ફાળવાશે.

કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ ખેડૂતોના હિત માટે અનેકવિધ પગલાંઓ લીધા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ખેડૂતોના હિતને વરેલી રાજ્ય સરકારે ખેડૂતોને કુદરતી આપત્તિમાં બેઠા કરવા માટે ઓગસ્ટ અને સપ્ટેમ્બર-૨૦૨૫ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન માટે થયેલ નુકસાની ભરપાઈ કરવા સહાય આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.




કૃષિ મંત્રીએ ઉમેર્યુ હતું કે ઓગસ્ટ અને સપ્ટેમ્બર- ૨૦૨૫ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન માટે અસરગ્રસ્ત ખેડૂતોને સહાય રૂપ થવા એસડીઆરએફની જોગવાઈ મુજબ રૂ.૫૬૩ કરોડ રાજ્ય બજેટમાંથી કુલ રૂપિયા રૂ.૩૮૪ કરોડની વધારાની સહાય ઉમેરી કુલ રૂ.૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું છે. જેમાં ૫ જિલ્લાઓના ૧૮ તાલુકાઓના નુકસાનગ્રસ્ત ખેડૂતોને આ સહાય ચૂકવાશે

મંત્રીએ કહ્યુ કે, ઓગસ્ટ અને સપ્ટેમ્બર-૨૦૨૫ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન માટે અસરગ્રસ્ત ખેડૂતોને સહાય ચુકવવામાં આવનાર છે. જેમાં જુનાગઢ, પંચમહાલ, કચ્છ, પાટણ અને વાવ-થરાદ જીલ્લામાં પાક નુકસાનીના અહેવાલો મળતાં જીલ્લા વહીવટીતંત્ર તરફથી ૫ જીલ્લાના ૧૮ તાલુકાઓના ૮૦૦ ગામોમાં સર્વે કરી પાક નુકસાનીના અહેવાલો મળ્યા છે. જેમાં ખરીફ ઋતુમાં વાવેતર કરેલ પાકો પૈકી મુખ્યત્વે દિવેલા, ઘાસચારો, બાજરી, કપાસ, મગફળી, શાકભાજી અને કઠોળ પાકોમાં તેમજ બહુવર્ષાયુ દાડમ જેવા બાગાયતી પાકોમાં નુકસાન થયાનું જણાયું છે.

રાજ્ય સરકાર દ્વારા આ ૫ જિલ્લાઓના ૧૮ તાલુકાઓના નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેના માટે એસડીઆરએફની જોગવાઈ મુજબ રૂ.૫૬૩ કરોડ અને રાજ્ય સરકાર દ્વારા ઉદાર અભિગમ અપનાવી રાજ્ય બજેટ માંથી કુલ રૂપિયા રૂ.૩૮૪ કરોડની વધારાની સહાય ઉમેરી કુલ રૂ.૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરાયું છે.

તેમણે ઉમેર્યુ કે, વાવ-થરાદ અને પાટણ જીલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં વિશેષ ભૌગોલિક પરિસ્થિતિના કારણે ભારે વરસાદ અને નદીઓના પુરની પરિસ્થિતિમાં વારંવાર ખેતીલાયક જમીનમાં લાંબા સમય સુધી પાણી ભરાવવાની સમસ્યા ઉપસ્થિત થાય છે. આ વિસ્તારના અસરગ્રસ્ત ખેડૂતોની સમસ્યા ના નિવારણ માટે રાજ્યમાં સૌ પ્રથમવાર અલગથી રૂ.૨૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવશે અને વધુ જરૂર પડશે તો રૂ.૫૦૦૦ કરોડ કે તેથી વધુની જે જરૂર પડે એની પણ જોગવાઈ કરાશે તેમ તેમણે ઉમેર્યું હતું.

**રાજ્ય સરકારે પાક નુકસાની સહાય માટે નિયત કરેલા ધોરણો આ મુજબ રહેશે.**

અ) ખરીફ ૨૦૨૫-૨૬ ઋતુના વાવેતર કરેલ બિનપિયત ખેતી પાકોમાં ૩૩ % કે તેથી વધુ નુકસાન માટે એસડીઆરએફના નોમ્સ મુજબ વાવેતર વિસ્તારની મર્યાદામાં પ્રતિ હેક્ટર મળવાપાત્ર રૂ.૮,૫૦૦/- ની સહાય તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ.૩,૫૦૦/- એમ કુલ રૂ.૧૨,૦૦૦/- પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨(બે) હેક્ટરની મર્યાદામાં સહાય.

બ) વર્ષાયુ/પિયત પાકોના ૩૩ % કે તેથી વધુ નુકસાન માટે એસડીઆરએફના નોમ્સ મુજબ વાવેતર વિસ્તારની મર્યાદામાં પ્રતિ હેક્ટર મળવાપાત્ર રૂ.૧૭,૦૦૦/- ની સહાય તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ.૫,૦૦૦/- એમ કુલ રૂ.૨૨,૦૦૦/- પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨(બે) હેક્ટરની મર્યાદામાં સહાય. ક) બહુવર્ષાયુ બાગાયતી પાકોમાં ૩૩ % કે તેથી વધુ નુકસાન માટે એસડીઆરએફના નોમ્સ મુજબ વાવેતર વિસ્તારની મર્યાદામાં મળવાપાત્ર રૂ.૨૨,૫૦૦/- ની સહાય તેમજ રાજય બજેટ હેઠળ રૂ.૫,૦૦૦/- એમ કુલ રૂ.૨૭,૫૦૦/- પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨(બે) હેક્ટરની મર્યાદામાં સહાય.

ડ) આ ઉપરાંત, વાવ-થરાદ અને પાટણ જિલ્લામાં ભારે વરસાદને કારણે હજુ સુધી પાણી ભરાયેલ હોય તેવા વિસ્તારોના અસરગ્રસ્ત ખેડૂતોને વધુ આર્થિક સહાય મળી રહે તે માટે રાજ્ય સરકાર તરફથી ઉદાર અભિગમ અપનાવીને આ વિસ્તારના અસરગ્રસ્ત ખેડૂતોને જમીન સુધારણાની કામગીરી માટે રાજ્ય બજેટ માંથી ખાસ કિસ્સામાં ઉદાર હાથે રૂ.૨૦,૦૦૦/- પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨(બે) હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવાશે.

# ભાજપ લાભ પાંચમ બાદ સંગઠન માળખાની રચનાની કાર્યવાહી હાથ પર લેશે

## સંગઠન મહામંત્રી પદે રત્નાકરજી યથાવત રહેશેઃ સરકારમાંથી પડતા મૂકાયેલા રાજકોટ શહેરને મહામંત્રી પદ આપી સંગઠનમાં સાચવી લેવાશે?

**અબતક,રાજકોટ**

ભાજપના નવ નિયુકત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા લાભ પાંચમ બાદ હવે ગમે ત્યારે પ્રદેશ ભાજપનું સંગઠન માળખું જાહેર કાશે સંગઠન મહામંત્રી તરીકે રત્નાકરજીને યથાવત રાખવામાં આવશે જયારે સરકારમાંથી પડતા મૂકાયેલા રાજકોટ શહેરને સંગઠનમાં મહામંત્રી પદ આપી સાચવી લેવામાં આવે તેવી પ્રબળ સંભાવના પણ હાલ જણાય રહી છે. શહેર અને જિલ્લાના સંગઠન માળખાની પણ રચના કરવા ટુંક સમયમાં નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવશે.

ગત ૪ ઓકટોબરના રોજ ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે જગદીશભાઈ વિશ્વકર્મા વિધિવત રીતે સત્તારૂઢ થતા તેઓને રાજ્ય સરકારમાં રાજયકક્ષાના મંત્રી તરીકે પડતા મૂકવામાં આવ્યા છે. કારણ કે કોઈપણ વ્યકિત માટે સરકાર અને સંગઠન એમ બંનેમાં જવાબદારી નિભાવવી ખૂબજ મૂશ્કેલ હોય છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના આડે હવે માત્ર ચાર મહિનાનો સમય બાકી રહ્યો છે. ત્યારે પક્ષના સંગઠન માળખાને વધુ મજબુત બનાવવા પર તેઓ પુરતુ ધ્યાન આપી શકે ચૂંટણી લક્ષી કામગીરી પર પણ પુરતુ ધ્યાન આપી શકે તે માટે તેઓને સરકારમાંથી મૂકત કરવામાં આવ્યા છે.

હાલ રાજયભરમાં ઉત્સવનો માહોલ છવાયો છે. લાભ પાંચમથી ભાજપ દ્વારા નવા સંગઠન માળખાની રચના માટેની પ્રક્રિયા હાથ પર લેશે પ્રમુખ પદ માટે ચારમ મહામંત્રીની જગ્યા મહત્વપૂર્ણ માનવામાં આવતી હોય છે.દાયકાઓ બાદ રાજકોટ શહેરના રાજય સરકારમાં સ્થાન મળ્યું નથી આવામાં હાલ એવી ચર્ચા ચાલી રહી છે કે મહામંત્રી પદ આપી રાજકોટ શહેરને સંગઠનમાં સાચવી લેવામાં આવશે. હાલ પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ તરીકે સેવા આપી રહેલા ડો. ભરત બોઘરાને મહામંત્રી બનાવવામાંઆવે તેવી શકયતા વધુ પ્રબળક મનાય રહી છે.બીજી શકયતા એવી પણ છે કે ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાને પણ પક્ષમહામંત્રી બનાવવા અંગે હાલ વિચારણા કરી રહ્યું છે. આ ઉપરાંત ત્રણથી ચાર બીજા નામો પણ ચર્ચામાં છે રાજકોટ શહેરને મહામંત્રી પદ ઉપરાંત પ્રદેશ સંગઠન માળખામાં અન્ય એકથી બે હોદાની ફાળવણી કરવામાં આવે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના આડે ખૂબજ ઓછો સમય બાકી રહ્યું છે. રાજયના તમામ શહેર અને જિલ્લાના પ્રમુખોના નામ જાહેર કરી દેવાયાને મહિનાઓ વિતી ગયા છે.પરંતુ હજી સુધી સંગઠનની ટીમ જાહેર કરવામાં આવી હતી. આવામાં હવે ભાજપ હાઈકમાન્ડ દ્વારા સંગઠન માળખામાં અનુભવીઓને વધુ પ્રાધાન્ય આપવામાં આવશે કારણ કે, મજબૂત સંગઠન ન હોયતો ચૂંટણીમાં પક્ષે નુકશાની વેઠવી પડે અને આ વાત ગુજરાતમા ભાજપને કોઈ વાતે પાલવે તેમ નથી. લાભ પાંચમ બાદ તુરંત જ સંગઠન રચનાની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે જેમાં સૌ પ્રથમ પ્રદેશનું સંગઠન માળખું જાહેર કરી દેવામાં આવશે. ત્યારબાદ શહેર અને જિલ્લાની ટીમ જાહેર કરવામાં આવશે સરકારમાં સ્થાન મેળવવા માટે પ્રબળ દાવેદાર હોવા છતાં કોઈ કારણોસર જેઓને સરકારમાં સ્થાન મળી શકતું નથી. તેઓને સંગઠનમાં સાચવી લેવાના પણ પ્રયાસો કરવામાં આવશે.

હાલ ભાજપમાં રજા જેવો માહોલ છે. પ્રદેશના સંગઠન માળખામાં સ્થાન મેળવવા ઈચ્છુક નેતાઓ કયાં છેડા લગાવવાથી હોદેદાર બની શકાય તેના તાર શોધી રહ્યા છે. દિવાળીની રજાઓ પૂર્ણ થતાની સાથે જ સંગઠન માળખાની રચનાની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે.

# રાજ્યમાં ૨૦૩૦ સુધીમાં પાણીની ખપત વધીને 30% તો ૨૦૫૦ સુધીમાં ૧૧૪% સાથે સવાઈ થશે

## ૨૦૨૪માં પાણીની કુલ માંગ ૮,૮૦૪ એમએલડી હતી. જે ૨૦૩૦ સુધીમાં ૩૨% વધીને ૧૧,૬૪૨ એમએલડી, તો ૨૦૫૦ સુધીમાં ૧૧૪% થી વધીને ૧૮,૯૨૭ એમએલડી થવાની સંભાવના

**અબતક, રાજકોટ**

પાણી, માત્ર એક રાસાયણિક સંયોજન નહીં, પણ આપણી સૃષ્ટિના ધબકારનું મૂળ છે. તે જીવનનું અમૃત છે, જેણે પૃથ્વી પર લાખો સ્વરૂપોને પાંગરવાનો અવકાશ આપ્યો છે. નદીના કલકલમાંથી લઈને સમુદ્રના ગહન મૌન સુધી, પાણી દરેક સ્વરૂપમાં એક અદ્ભુત રહસ્ય અને શકિત છુપાવે છે. જોકે, આ અનમોલ ભેટ મર્યાદિત છે. જ્યારે ગુજરાત જેવા રાજ્ય વિકાસની નવી ઊંચાઈઓ આંબી રહ્યા છે, ત્યારે વધતી વસ્તી અને જરૂરિયાતો વચ્ચે પાણીની દરેક બુંદનું મૂલ્ય સમજવું અને તેનું સંરક્ષણ કરવું એ આપણી આવનારી પેઢીઓ માટે એક પવિત્ર ફરજ છે. જળની જાળવણી એ જ જીવનની જાળવણી છે.

ગુજરાત જેણે એક સમયે પાણીની કટોકટીનો સામનો કર્યો હતો અને સરદાર સરોવર પ્રોજેક્ટ પૂર્ણ થવાની રાહ જોઈ હતી, તે ફરી એકવાર જળ સંકટના પડછાયા હેઠળ આવી શકે છે. રાજ્ય સરકારના એક અભ્યાસ મુજબ, ગુજરાતમાં વધતી વસ્તી અને ઝડપી વિકાસના કારણે આગામી વર્ષોમાં પાણીની માંગમાં ખૂબ મોટો ઉછાળો આવવાની ધારણા છે. જો પાણીના સ્ત્રોતોમાં પ્રમાણસર વધારો કરવામાં નહીં આવે, તો ૨૦૫૦ સુધીમાં રાજ્યની જળ જરૂરિયાતો વર્તમાન માંગ કરતાં બમણીથી વધુ થઈ જશે, જેનાથી ભવિષ્યમાં ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ શકે છે.

રાજ્યના જળ સંસાધન વિભાગ દ્વારા હાથ ધરાયેલા તાજેતરના અભ્યાસના આંકડા ચિંતાજનક છે. ૨૦૨૪માં પાણીની કુલ માંગ ૮,૮૦૪ એમએલડી (દિવસ દીઠ મિલિયન લિટર) હતી. આ માંગ ૨૦૩૦ સુધીમાં ૩૨% વધીને ૧૧,૬૪૨ એમએલડી થવાનો અંદાજ છે. સૌથી મોટો વધારો તો ૨૦૫૦ સુધીમાં જોવા મળશે, જ્યારે પાણીની માંગ ૧૧૪% વધીને ૧૮,૯૨૭ એમએલડી થવાની સંભાવના છે. આ આંકડા માત્ર ઘરેલુ ઉપયોગની માંગ પર આધારિત છે, પરંતુ અધિકારીઓના મતે, ઔદ્યોગિક અને સિંચાઈ માટેની માંગમાં પણ ૨૦૩૦ સુધીમાં ૩૦ થી ૪૦% થી વધુનો વધારો થશે. આ સર્વાંગી માંગને પહોંચી વળવા માટે સરકારે નવા જળ સ્ત્રોતો અને પાણી પુરવઠાના માર્ગો તાત્કાલિક બનાવવા પડશે.રાજ્યના મુખ્ય જિલ્લાઓમાં પણ પાણીની માંગમાં તીવ્ર વધારો થવાનો અંદાજ છે. અમદાવાદ જિલ્લાની વર્તમાન માંગ ૧,૪૮૪ એમએલડી છે, જે ૨૦૩૦ સુધીમાં વધીને ૧,૯૧૩ એમએલડી થવાની ધારણા છે. તેવી જ રીતે, સુરતમાં ૧,૨૨૯ એમએલડીની માંગ વધીને ૧,૫૮૯ એમએલડી અને રાજકોટમાં ૫૨૪ એમએલડીની જરૂરિયાત વધીને ૬૮૦ એમએલડી થવાનો અંદાજ છે.

સત્તાવાર માહિતી મુજબ, ૨૦૩૦ સુધીમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં પાણીની માંગમાં મોટો ઉછાળો જોવા મળશે, અને ૨૦૫૦ સુધીમાં તો તે વર્તમાન જરૂરિયાત કરતાં ૧૦૦% થી વધુ થઈ જશે.ગુજરાતને નર્મદાના પાણીએ મોટી રાહત આપી છે, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર, નર્મદા વોટર ટ્રિબ્યુનલનું સંશોધન ચાલુ હોવાથી જો રાજ્યને નર્મદાના પાણીની ફાળવણીમાં વધારો નહીં મળે, તો વધતી માંગને પહોંચી વળવું અશકય બની શકે છે. ભૂતકાળમાં સરદાર સરોવર પ્રોજેક્ટ પૂર્ણ ન થવાને કારણે રાજ્યે વર્ષો સુધી સતત મુશ્કેલીઓ સહન કરી હતી. જો નજીકના ભવિષ્યમાં કોઈપણ અરાજક પરિસ્થિતિ ટાળવી હોય, તો સરકારે તાત્કાલિક ધોરણે તમામ પ્રકારની પાણીની માંગણીઓ પર વ્યાપક વિચારણા કરીને જળ સંરક્ષણ અને નવા સ્ત્રોતોના નિર્માણની યોજનાઓ બનાવવી પડશે.આ અભ્યાસ રાજ્ય સરકાર માટે એક ચેતવણીરૂપ સંકેત છે. જળ સંસાધનોમાં પ્રમાણસર વધારો કર્યા વિના, ગુજરાતને ફરી એકવાર પાણીની કટોકટીનો સામનો કરવો પડી શકે છે. જળ સંચય, વરસાદી પાણીનો સંગ્રહ, ગ્રે વોટર રિસાયકલિંગ, દરિયાઈ પાણીનું ડિસેલિનેશન અને પાણીના કાર્યક્ષમ ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવું એ સમયની માંગ છે. ૨૦૫૦ સુધીમાં સવાઈ પાણીની ખપત ઊભી થશે તે હકીકતને ધ્યાનમાં રાખીને, ગુજરાત સરકારે હવેથી જ પાણી વ્યવસ્થાપન માટે લાંબા ગાળાની, સંકલિત વ્યૂહરચના બનાવવાની અને તેનું કડક અમલ કરવાની જરૂર છે જેથી રાજ્યની પ્રગતિને પાણીના અભાવે અટકાવવી ન પડે.

# કોટડાસાંગાણીના શિશક ગામના રસ્તાઓ ‘હાડકા તોડ’: ઉગ્ર આંદોલનની ચિમકી

## તાલુકા કોંગ્રેસના પ્રમુખ પંકજ ગોંડલીયાએ ૧૦ માસ પહેલા કરેલી રજૂઆતનું પરિણામ શૂન્ય

**અબતક,રાજકોટ**

કોટડાસાંગાણી તાલુકાનું શિશક ગામ થી શ્રીનાથગઢ તેમજ શિશક ગામ થી કોઠાધાર જતો રોડ અત્યંત ખરાબ હાલત છે. આ અંગે અનેક રજૂઆત કરવા છતાં રોડ બનેલો નથી. રોડ માં મસમોટા ખાડા પડેલ છે તેને લીધે વારંવાર અકસ્માત થાય છે તેમજ શિશક ગામ ના ગ્રામજનો ને હાલ માં જીવન જરૂરિયાત વસ્તુ લેવામાં માટે વારંવાર જવાનું થાય છે જેમાં તેઓ ને ખુબ મુશ્કેલી નો સામનો કરવો પડે છે. જેથી આવનાર દિવસોમાં આ રસ્તાનું કામ ઝડપથી ચાલુ કરવામાં નહિ આવે તો ગ્રામજનોને સાથે રાખી ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવું કોટડાસાંગાણી તાલુકા કોંગ્રેસ પ્રમુખ પંકજભાઈ ગોંડલિયા એ જણાવ્યું હતું. કે શીશક અને શ્રીનાથગઢ ને જોડતો રસ્તો લગભગ ઘણા સમય પહેલા બનાવમાં આવ્યો તો અત્યારે આ રસ્તો વધારે પડતો ખરાબ થઈ ગયો છે અને ડામર પણ ઊખડી ગયો છે. હાલ આ રસ્તા ની હાલત વધારે પડતી ખરાબ થઈ ગઈ છે. આ રસ્તો ગામ લોકો માટે ઘણો ઉપયોગી છે. ખેડૂતો માટેની સહકારી મંડળી, બેક, તેમજ પેટ્રોલપંપ જેવી બધી જ સુવિધા નજીકમાં શ્રીનાથગઢ ગામે આવેલી છે. આ રોડ થી અમરેલી - બાબરા - ભાવનગર તરફ જવાની બસ પણ ત્યાથી જ મળે છે. હાલ ખુબજ ખરાબ હાલત માં આ રોડ પર નાના મોટા અકસ્માત પણ થતાં રહે છે. અને આ રોડ ફરીથી વાહન વ્યવહાર માટે યોગ્ય બને તે માટે આ રોડ નું સમાર કામ સત્વરે કરાવી આપવા પણ તેઓએ જિલ્લા પંચાયતનાં કાર્યપાલક ઈજનેરને ૧૦ માસ પૂર્વે રજૂઆત કરી હતી.

# જામનગરના બેડી ગેટ નજીક આવેલી ઈમારતની માલિકીનો વિવાદ ૫૪ વર્ષે ઉકેલાયો

## સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિને ખાદી ગ્રામોદ્યોગ માટે ભાડે આપેલી મિલકત પાછી મેળવવા માટે ૧૯૭૧માં કાનૂની લડાઈ શરૂ થઈ’તી

**અબતક, રાજકોટ**

જામનગરના બેડી ગેટ પાસે આવેલી બે માળની ઈમારત ખાલી કરવા અને તેનો કબજો બે મહિનાની અંદર પરિવારને સોંપવાનો ટ્રસ્ટને હાઈકોર્ટે આદેશ આપતાં ૫૪ વર્ષ જુનાનો વિવાદનો અંત આવ્યો છે.

સમગ્ર મામલાની પ્રાપ્ત વિગત અનુસાર ૧૯૫૬માં ખાદી ગ્રામોધ્યોગ ભંડાર ચલાવતી સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિને ભાડે આપેલી મિલકત પાછી મેળવવા માટે ૧૯૭૧માં કાનૂની લડાઈ શરૂ થઈ હતી. જ્યારે મિલકત ખાલી કરવામાં ન આવી, ત્યારે મહેતાએ બોમ્બે રેન્ટ્સ, હોટેલ અને લોજિંગ હાઉસ રેટ્સ એક્ટ ૧૯૪૭ હેઠળ સિવિલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. જેમાં જણાવ્યું હતું કે તેમના પરિવારને રહેઠાણ અને વ્યવસાયિક હેતુઓ માટે જગ્યાની જરૂર છે.૧૯૮૧માં, સિવિલ કોર્ટે ટ્રસ્ટને ફક્ત પહેલો માળ ખાલી કરવાનો આદેશ આપ્યો હતો જ્યારે ગ્રાઉન્ડ ફ્લોર પર કબ્જો જાળવી રાખવાની મંજૂરી આપી હતી. મહેતાએ આ નિર્ણયને પડકાર્યો હતો અને ૧૯૯૯માં, જામનગરની એપેલેટ કોર્ટે તેમના પક્ષમાં ચુકાદો આપ્યો હતો અને તેમને સંપૂર્ણ ઈમારતનો કબજો આપ્યો હતો.ટ્રસ્ટે ૨૦૦૦માં ખાલી કરાવવાના આદેશને પડકારવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. ૨૫ વર્ષની કાર્યવાહી પછી મંગળવારે હાઈકોર્ટે મહેતા પરિવારની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. કેસની કાર્યવાહી દરમિયાન અરજદારણ અવસાન પછી ફુલચંદ મહેતાના વારસદારો દાવામાં જોડાયા હતા.હાઈકોર્ટે નીચલી કોર્ટના નિર્ણયને સમર્થન આપ્યું કે, મહેતા પરિવારે મિલકતની વાસ્તવિક જરૂરિયાત સ્થાપિત કરી હતી. પરિવારે દલીલ કરી હતી કે, તેઓએ વિવિધ સ્થળોએ વ્યવસાય કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, જેના કારણે ભાડાની જગ્યાનો કબજો જરૂરી બન્યો હતો. ન્યાયાધીશ એસ.જે. ઠાકરે અપીલ કોર્ટના ચુકાદાને સમર્થન આપતા નોંધ્યું કે, અપીલ કોર્ટ યોગ્ય રીતે આ નિષ્કર્ષ પર આવી છે કે વાદીને પોતાના માટે કબજા માટે દાવાની જગ્યાની વ્યાજબી અને પ્રમાણિક જરૂર છે અને જો ખાલી કરાવવાનો હુકમનામું મંજૂર કરવામાં ન આવે તો વાદીને વધુ મુશ્કેલી પડશે અને તેથી અપીલ કોર્ટ દ્વારા એવી કોઈ ભૂલ થઈ નથી જેના માટે હાઈકોર્ટના હાથે સુધારણાની જરૂર હોય.

# સાળંગપુર મંદિરે હરિભકતે અર્પણ કરી આધુનિક મેડિકલ સુવિધાસભર એમ્બ્યુલન્સ

## ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ પુજન કરીને એમ્બ્યુલન્સનું લોકાર્પણ કર્યુ

**અબતક, રાજકોટ**

સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે આજે કાળીચૌદસ નિમિત્તે એક હરિભકતો દ્વારા હાઈટેક એમ્બ્યુલન્સને મંદિરને અર્પણ કરવામાં આઆવી હતી. મહત્વનું છે કે તહેવારના દિવસો, મંગળવાર, શનિવાર અને રવિવાર જેવા દિવસોમાં લાખોની સંખ્યામાં અહીં ભકતો આવતા હોય છે. આ દરમિયાન જો કોઈ ઈમર્જન્સી સર્જાય અથવા તો કોઈને મેડિકલ ઈમરજન્સીની જરૂર પડે તો તાત્કાલિક તેમને આ એમ્બ્યુલન્સ દ્વારા સુવિધા મળી જાય એ હેતુથી



એક હરિભક્તો દ્વારા હાઈટેક અર્પણ કરવામાં આવી હતી.

દાદા ગામમાં અર્પણ કરવામાં આવેલી આ હાઈ ટેક એમ્બ્યુલન્સની વાત કરીએ તો, આ એમ્બ્યુલન્સ એરબેગથી સજ્જ છે, આ સાથે તેમાં એબીએસ બ્રેક સિસ્ટમ પણ છે. આઈ એમ્બ્યુલન્સ ટ્રેચર અને ઓક્સિજન સિલિન્ડર સહિતની સુવિધાઓ પણ અવેલેબલ છે. તો આઈ એમ્બ્યુલન્સમાં દર્દી સહિત બે થી ત્રણ ડોક્ટરોની ટીમ પણ સારવાર કરી શકે છે. મંદિર પરિસરમાં આ એમ્બ્યુલન્સ દાદાને અર્પણ કરાઈ ત્યારે કોઠારી સ્વામીશ્રી વિવેકસાગરદાસજી, શા.સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ પૂજન અર્ચન કરીને આ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કર્યું હતું. આ પછી એમ્બ્યુલન્સ દાદાના દર્શને આવતા ભક્તોની જરૂરિયાત માટે સેવારત કરી હતી.

# કષ્ટભંજનદેવના દર્શન કરીને ધન્યતા અનુભવતા પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માએ આજે સાળંગપુરધામ ખાતેના સુપ્રસિદ્ધ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરે દર્શન કરીને ધન્યતા અનુભવી જગદીશભાઈ વિશ્વકર્માએ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ ખાતે કાળી ચૌદશ સમૂહ યજ્ઞપૂજન મહોત્સવ નિમીતે ચાલી રહેલ સમૂહ મારુતિયજ્ઞ પૂજન-અર્ચન-શ્રીફળ હોમ કરી અને રાજ્યની જનતાના કલ્યાણ માટે દાદા સમક્ષ પ્રાર્થના કરી હતી. મંદિરમાં દર્શન



કરીને શાંતિ અને ઊર્જાનો અનુભવ કર્યો હતો. કષ્ટભંજનદેવ એવં સંતોના આશીર્વાદ ગ્રહણ કર્યા હતા.તેમજ કેબીનેટ મંત્રી રમણભાઈ સોલંકી તેમજ ભાજપના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. મંદિરના વહીવટકર્તા કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી, શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)અને સ્વામી શુકદેવપ્રસાદદાસજી-નાર તેમનું ફૂલહારથી સ્વાગત કરી શુભેચ્છા પાઠવી હતી.

## ‘ચંદ્રેશ જુગારી છે’ લખાણના ડખ્ખામાં યુવાનની લોથ ઢળી

# લુડોના જુગારના વહીવટમાં નિવૃત પોલીસ કર્મીના પુત્રની હત્યા: એક સકંજામાં

### રાજકોટના જામનગર રોડ પર આવેલ સીએલએફ ક્વાર્ટરનો બનાવ: છરી વડે તુટી પડનાર હત્યારો પુત્ર ઝડપાયો, પિતાની શોધખોળ

### રીક્ષાચાલક યુવાનના મોતથી આઠ વર્ષીય દીકરીએ પિતાની છત્રછાયા ગુમાવી

ઘટનામાં પ્રાપ્ત વિગત અનુસાર મૃતક યુવાન કમલ બિપીનભાઈ મૂલીયાણા રીક્ષા ડ્રાયવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેમના પિતા સીઆઈડી ક્રાઈમના પટ્ટાવાળા તરીકે નિવૃત થયાં હતા. અગાઉ તેઓ સરકારી કર્મચારી હોવાથી તેમને સીએલએફ ક્વાર્ટરમાં આવાસ ફાળવવામાં આવ્યું હતુ પણ તેઓ નિવૃત થતાં ક્વાર્ટર ખાલી કરી ગાંધીગ્રામ વિસ્તારમાં રહેવા ચાલ્યા ગયા હતા. જો કે, અગાઉ સીએલએફ ક્વાર્ટરમાં રહેતા હોવાથી મૃત્તક ત્યાં અવાર નવાર બેસવા જતો હતો. મૃતકણે સંતાનમાં એક આઠ વર્ષની પુત્રી હોવાનું સામે આવ્યું છે.

**અબતક, રાજકોટ**

રાજકોટના જામનગર રોડ પર સીએલએફ ક્વાર્ટરમાં લુડોના જુગારે નિર્દોષ યુવાનનો જીવ લીધો હતો. પૈસાની લેતી-દેતીમાં દીવાલ પર ચંદ્રેશ જુગારી છે તેવું લખવાની ના પાડનાર નિવૃત પોલીસમેનના પુત્ર પર રૈયા રોડ પર રહેતા પિતા-પુત્રની જોડી છરી વડે તૂટી પડી હતી. હત્યાને અંજામ આપી બંને પિતા-પુત્રો ફરાર થઇ ગયા હતા. બનાવને પગલે ડીસીપી, એસીપી, પીઆઈ, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે હત્યારા પુત્રને દબોચી લીધો હતો જયારે પિતાની શોધખોળ શરૂ કરી હતી.

સમગ્ર બનાવ અંગે ગાંધીગ્રામ વિસ્તારના અક્ષરનગર-૪ માં રહેતી ૨૭ વર્ષીય મહિલા કાજલબેન કમલભાઈ બીપીનભાઈ મુલીયાણાએ આરોપી તરીકે રૈયા રોડ પે બ્રહ્મસમાજ ચોકમાં રહેતા અમિત કોળી અને તેના પુત્ર અમન કોળીનું નામ આપતાં પ્ર.નગર પોલીસની ટીમે હત્યા સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

મહિલાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું પતિ કમલભાઈ, દીકરી બંસી (ઉવ-૮), સાસુ-સસરા અને દિયર દેવ સાથે રહુ છુ. ગત તા.૨૦-૧૦-૨૫ ના રોજ સાંજે સાડા પાંચેક વાગ્યે હુ ઘરે હતી. ત્યારે મારા દીયર દેવએ મને વાત કરેલ કે, મને કૃષ્ણનો ફોન આવેલ કે, કમલભાઈને છરી લાગી ગઈ છે તમે જામટાવર ચોક પાસે સીએલએફ કવાર્ટર ખાતે આવો. જેથી હુ અને મારો દીયર દેવ બંને જણા સીએલએફ ક્વાર્ટરએ પહોચેલ હતા. જ્યાં મે જોયેલ કે, મારા પતિ કમલ લોહી-લુહાણ હાલતમાં પડેલ હતા. ત્યા હાજર મારા ફઈના દીકરા અમિત કિશોરભાઈ લીડીયાએ મને કહેલ કે, સાંજના પોણા પાંચ વાગ્યાની આસપાસ જામટાવર ચોક



પાસે સીએલએફ ક્વાર્ટર બાપાસીતારામ ઓટા પાસે હતા. ત્યારે અમે બધા મોબાઈલમા લુડો રમતા હતા. દરમિયાન પૈસાની લેતી દેતી બાબતે બોલાચાલી થયેલ હતી. ત્યારે અમિત કોળીનો દિકરો અમન આવીને અમિતને લઈ ગયેલ હતો.થોડીવાર બાદ અમિત અને અમન પાછા આવેલ હતા. ત્યારે અમિતએ તેના દીકરા અમનને કહેલ કે, દિવાલ ઉપર ચંદ્રેશ જુગારી છે તેમ લખવા જણાવ્યું હતું. જેથી અમન દિવાલ પર ચંદ્રેશ જુગારી છે તેવુ લખવા જતો હતો ત્યારે ચંદ્રેશભાઈ હાજર ન હતા. ત્યારે કમલએ દીવાલ પર આવું લખવાની ના પાડેલ હતી. જેથી અમિત કોળી અને તેના દીકરો અમન ઉશ્કેરાઈને ગાળો આપવાં લાગેલ હતા. ત્યારે કમલએ ગાળો આપવાની ના પાડતા અમિત કોળી અને તેનો દીકરો અમન વધારે ગાળો બોલી ઝગડો કરવા લાગેલ હતા. ઝગડા દરમ્યાન કમલને અમિત કોળીએ પડખાના ભાગે અને ગળાના ભાગે છરીના ઘા મારેલ હતા. જયારે અમિતનો દીકરો અમન પણ ગાળો આપતો હતો. છરીની ઘા વાગતા કમલ બીપીનભાઈ મુલીયાણાનુ મૃત્યુ થયેલ હતું. આ બનાવ બનેલ ત્યારે મારા પતિ કમલ સાથે કિશોરભાઈ, અફઝલભાઈ, અશોકભાઈ, કેયુરભાઈ હાજર હતા તેવુ મારા ફઈનો દીકરો અમિત લીડીયાએ જણાવેલ હતું. બનાવને પગલે ડીસીપી ક્રાઈમ જગદીશ બંગરવા, ડીસીપી રાકેશ દેસાઈ, એસીપી ક્રાઈમ બી બી બસિયા, રાધિકા ભારાઈ, પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ વી આર વસાવાની ટીમો, ક્રાઈમ બ્રાન્ચની ટીમો તેમજ એલસીબી ઝોન-૨ ટીમ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પ્ર.નગર પોલીસે ઘટનાને પગલે હત્યાની કલમો હેઠળ અમિત કોળી અને અમન કોળી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. બીજી બાજુ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર અને સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ એન પરમારની ટીમે ગણતરીની કલાકોમાં જ હત્યારા પિતા-પુત્ર પૈકી પુત્ર અમન કોળીને દબોચી લીધો હતો જયારે છરીના ઘા ઝીંકનાર પિતા અમિત કોળીની શોધખોળ શરૂ કરી હતી.

### તહેવાર ટાંકણે ફક્ત ૧૫ કલાકમાં ચાર લોથ ઢળતા લોકોની સલામતી પર સવાલો ઉઠ્યા

દિવાળીના પર્વ દરમિયાન રાજકોટમાં ફક્ત ૧૫ કલાકમાં જ ચાર લોથ ઢળતા લોકોની સલામતી પર સવાલો ઉભા થયાં છે. કાળી ચૌદશની રાત્રે અને દિવાળીની શરૂઆતે આંબેડકરનગરમાં વાહન અથડાવવા બાબતે સુરેશ વશરામભાઈ પરમાર(ઉવ ૪૫) અને વિજય વશરામભાઈ પરમાર(ઉવ ૪૦) ની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા નીપજાવી દેવામાં આવી હતી. જયારે સામાપક્ષે ગંભીર રીતે ઘવાયેલા અરુણ બારોટ(ઉવ ૨૫)એ પણ સારવાર દરમિયાન દમ તોડી દેતા ઘટના ટ્રિપલ મર્ડરમાં તબદલી થઈ ગઈ હતી. જે ઘટનાની ફક્ત ૧૫ કલાકમાં જ જામનગર રોડ પર સીએલએફ ક્વાર્ટરમાં યુવાનની હત્યા નીપજાવી દેવામાં આવી હતી.

### ઘટનાને પગલે ડીસીપી, એસીપી, સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબીની ટીમો દોડી ગઈ

# દિવાળીની બોણી કરતા તસ્કરો : સોની વેપારીના ઘરમાંથી રૂ.૪૦.૩૦ લાખની મતાની

### ભક્તિનગર સોસાયટીમાં રહેતો સોની પરિવાર મકાનને તાળુ મારી પેલેસ રોડ પર આવેલ દુકાને ચોપડા પૂજન કરવો ગયો’તો અને પાછળથી તસ્કરો ત્રાટક્યા

### સોનાના ઘરેણાં અને રોકડ સહિત લાખોનો મુદ્દામાલ તસ્કરો ઉઠાવી જતાં સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબી સહિતની ટીમો દોડી ગઈ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં તસ્કરોએ દિવાળી ઉજવી હોય તેમ ભકિતનગર સોસાયટીમાં સોની વેપારીના ઘરમાંથી ૪૦.૩૦ લાખની ચોરી કરી નાસી છૂટતાં શહેરભરની પોલીસ દોડતી થઈ હતી. ભકિતનગર સોસાયટીમાં રહેતો સોની પરિવાર મકાનને તાળુ મારી પેલેસ રોડ પર આવેલ દુકાને ચોપડા પૂજન કરવાં ગયાં અને પાછળથી તસ્કરોએ હાથફેરો કરી લીધો હતો.

બનાવ અંગે રાજકોટમાં ભક્તિનગર સોસાયટી શેરી ન- ૦૫ પોસ્ટ ઓફીસની સામે રહેતાં દિશાંતભાઈ જયેશભાઈ રાણપરા (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને પેલેસ રોડ ઉપર ઘડામણ ફાઈન ક્રાફટીંગ નામથી સોનાના દાગીનાની દુકાન ચલાવે છે. ગઈ કાલ તેઓ અને તેમના પિતા, બહેન, માતા અને પત્ની ઘરે હાજર હતા અને દીવાળીના તહેવારના લીધે દુકાને ચોપડા પુજનની વિધી હોવાથી રાત્રીના સાડા સાતેક વાગ્યે તેઓના માતા પિતા ઘરેથી દુકાને જવા માટે નીકળેલ હતા. ત્યાર બાદ થોડીવારમા રાત્રીના પોણા આઠેક વાગ્યાની આસપાસ તેઓ તેમના પત્ની અને બહેન ઘરેથી દુકાને જવા માટે નીકળેલ હતા. ઘરના તમામ દરવાજા બંધ કરી તેના ઉપર તેઓએ જાતે તાડા મારી દુકાને જતા રહેલ હતા.

રાત્રીના સાડા અગીયારેક વાગ્યાની આસપાસ ચોપડા પુજનની વિધી પુર્ણ થઈ જતા દુકાનેથી ઘરે આવવા માટે નીકળેલ હતા. તેઓ અને તેમના પત્ની પહેલા ઘરે પહોંચેલ હતા, પરંતુ ઘરના દરવાજાના તાળાની ચાવી મમ્મી પાસે હતી અને તે પણ પાછળ પાછળ ઘરે આવતા હોય, જેથી તેઓએ મકાન પાસે ઉભું રાખેલ અને તેઓ અને તેમના પત્ની ત્યા થોડીવાર ઉભા રહેલ ત્યારે બહેન તથા મમ્મી પણ આવી ગયેલ અને માતાએ બહેનને મકાનની ચાવી આપતા બહેને ઘરના મેઈન દરવાજાનુ તાળું ખોલી તેઓ ઘરમા ગયેલ અને ફરીયાદી બહાર ઉભો હતો ત્યારે માતા દોડતા દોડતા આવેલ મને કહેલ કે, દિશાત ફટાફટ અંદર આવ તેમ કહેતાં પુછેલ કે, શું થયુ તો તેને ઘરમા ચોરી થઈ હોય તેવુ લાગે છે તેમ વાત કરી હતી. તેઓ તુરત ઘરમા ગયેલ અને જોયુ તો મકાનમા નીચે હોલમા પ્લાસ્ટીકની કોથળીઓ વેરવીખેર હાલતમાં પડેલ અને હોલની પાછળ મકાનનો પાછળનો દરવાજો ખુલ્લેલ હાલતમાં જોવામા આવેલ હતો. જેથી મકાનના ઉપરના માળે ગયેલ અને ત્યા જોયુ તો પિતાના રૂમની લાઈટ ચાલુ હતી અને બધો સામાન વેરવીખેર હાલતમાં પડેલ હતો. બહેનનો રૂમ હોય જે પણ ખુલ્લેલ હતો અને ત્યાં પણ રૂમમા રહેલ તીજોરી ખુલ્લી હાલતમાં હતી, અને બધો સામાન વેરવીખેર હાલતમાં પડેલ હતો. તેમજ પિતાના રૂમ ઉપર બીજા માળે તેઓનો રૂમ આવેલ છે ત્યા ગયેલ અને જોતા ત્યા પણ બધી સામાન વેરવીખેર હાલતમાં પડેલ હતો, લાકડાનો કબાટ ખુલેલ હતો અને કબાટની અંદર નાનુ ખાનુ હતુ તે જોતા તેને તોડવાની કોશીશ કરેલ હોય તેવા નીશાન જોવામા આવેલ હતા.

મકાનની ઉપર સીડી રૂમનો પણ દરવાજો ખુલ્લો હતો જેથી અમારા ઘરમા ચોરી થયેલ હોય તેવુ સામે આવ્યું હતું. જેમાં તપાસ કરતાં સોના ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૪૦.૩૦ લાખની મતા ચોરી થતા ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ભકિતનગર પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી હતી. જ્યારે બનાવની ગંભીરતા જોઈ એલસીબી અને ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમોએ પણ તપાસમાં ઝંપલાવ્યું હતું.

# ૪ બોલમાં ૪ વિકેટ લઈ બાંગ્લાદેશનાં મુખે આવેલ જીતનો પ્યાલો ઝુટી લેતું લંકા

### કેપ્ટન અથાપથુએ જાતે જ બોલિંગ કરી ૪ વિકેટે ૪૨ રન સાથે પરિણામ પલટાવી નાખ્યું: જીતથી શ્રીલંકા ચાર પોઈન્ટ સાથે સ્ટેન્ડિંગમાં છઠ્ઠા સ્થાને પહોંચ્યું

**અબતક, રાજકોટ**

શ્રીલંકાની મહિલા ક્રિકેટ ટીમે નવી મુંબઈના મેદાન પર બાંગ્લાદેશ સામે ઐતિહાસિક વિજય મેળવીને મહિલા વર્લ્ડ કપમાં પોતાનું ખાતું ખોલાવ્યું છે. આ મેચ માત્ર જીત-હારનો સવાલ નહોતી, પણ હારના મુખમાંથી વિજયને છીનવી લાવવાની એક અવિશ્વસનીય ગાથા હતી, જ્યાં શ્રીલંકાની સુકાની ચમારી અથાપથુએ પોતાની કારકિર્દીની સર્વશ્રેષ્ઠ બોલિંગ કરીને ઈતિહાસ રચ્યો. જ્યારે બાંગ્લાદેશને અંતિમ ઓવરમાં માત્ર નવ રનની જરૂર હતી, ત્યારે અથાપથુએ જાતે બોલિંગ સંભાળીને માત્ર બે રનમાં પાંચ વિકેટનો પતન કરાવ્યો અને ટીમને સાત રનથી રોમાંચક વિજય અપાવ્યો. હસિની પરેરાની પ્રથમ વનડે અડધી સદીએ ટીમના લડાયક સ્કોરનો પાયો નાખ્યો, જે અંતે ચાર પોઈન્ટ સાથે શ્રીલંકાને સેમિફાઈનલની રેસમાં જીવંત રાખવા માટે નિર્ણાયક સાબિત થયો.

શ્રીલંકાની મહિલા ક્રિકેટ ટીમે સોમવારે નવી મુંબઈમાં રમાયેલી એક અત્યંત રોમાંચક મેચમાં



બાંગ્લાદેશને સાત રનથી હરાવીને મહિલા વર્લ્ડ કપમાં પોતાની પ્રથમ ઐતિહાસિક જીત નોંધાવી છે. આ જીત નાટકીય વળાંકોથી ભરેલી હતી, જેમાં સુકાની ચમારી અથાપથુએ અંતિમ ઓવરમાં અવિશ્વસનીય પ્રદર્શન કરીને શ્રીલંકાને હારના મુખમાંથી બહાર કાઢ્યું.મેચના પરિણામનો સંપૂર્ણ પલટો છેલ્લી ઓવરમાં આવ્યો. બાંગ્લાદેશને જીતવા માટે ફક્ત નવ રનની જરૂર હતી અને તેની પાંચ વિકેટો બાકી હતી, પરંતુ સુકાની ચમારી અથાપથુએ જાતે બોલિંગની ધૂરા સંભાળી. તેણે અંતિમ ઓવરમાં ફક્ત બે રન આપીને ચાર વિકેટ ઝડપી, જેના કારણે બાંગ્લાદેશે માત્ર ત્રણ રન બનાવ્યા અને તેની અંતિમ ચાર બોલમાં ચાર વિકેટો પડી ગઈ. આ ઓવરમાં કુલ પાંચ વિકેટ માત્ર બે રનના ઉમેરા સાથે ગુમાવી. દબાણ હેઠળ અત્યંત શાંત રહીને બોલિંગ કરનાર અથાપથુએ ૪-૪૨ના તેના કારકિર્દીના શ્રેષ્ઠ આંકડા સાથે મેચ પૂરી કરી. તેણે પોતાની અંતિમ ઓવરમાં નવ રન બચાવવાની લગભગ અકલ્પનીય સિદ્ધિ મેળવી. તેની ચુસ્ત બોલિંગને કારણે બાંગ્લાદેશની બેટિંગ લાઈન-અપ ધ્વસ્ત થઈ ગઈ, જેમાં રાબેયા ખાનની એલબીડબ્લ્યુ વિકેટથી નાટકની શરૂઆત થઈ, ત્યારબાદ એક રન આઉટ થયો.

શ્રીલંકાના સુકાનીની અસર એટલી જબરજસ્ત હતી કે બાંગ્લાદેશની કેપ્ટન નિગાર સુલ્તાના (જેણે લડાયક ૭૭ રન બનાવ્યા હતા) પણ લોંગ-ઓફ પર કેચ આઉટ થઈ ગઈ, જેનાથી બાંગ્લાદેશની જીતની આશાઓને મોટો ફટકો પડ્યો. ત્યારબાદ તરત જ મારુફા અખ્તરને એલબીડબ્લ્યુ આઉટ જાહેર કરવામાં આવી, જેનાથી બાંગ્લાદેશનો પરાજય થયો અને અથાપથુએ ઓવરમાં ફક્ત એક જ રન આપીને પોતાની ટીમને શાનદાર જીત અપાવી.

આ રોમાંચક વિજયમાં બેટિંગમાં હસિનીપરેરાનું યોગદાન નિર્ણાયક સાબિત થયું. પરેરાએ તેની પ્રથમ વન-ડે આંતરરાષ્ટ્રીય (વન-ડે) અડધી સદી ફટકારતાં ૯૯ બોલમાં ૧૩ ચોગ્ગા અને એક છગ્ગા સહિત ૮૫ રન બનાવ્યા. તેના આ પર્ફોર્મન્સે શ્રીલંકાના કુલ સ્કોરને ૨૦૨ રન સુધી પહોંચાડ્યો અને તે પોતે ૧,૦૦૦ વન-ડે રનના માઈલસ્ટોન સુધી પણ પહોંચી.

શ્રીલંકાને હસિની પરેરા અને નીલક્ષિકા ડી સિલ્વા વચ્ચે ૭૪ રનની ભાગીદારીથી મજબૂત શરૂઆત મળી હતી, પરંતુ એક તબક્કે તેમની છ વિકેટ માત્ર ૨૮ રનના ઉમેરા સાથે પડી ગઈ. જોકે, શ્રીલંકાની ટીમે સંકટનો સામનો કરીને લડત ચાલુ રાખી અને અંતિમ ઓવરોમાં વિજય હાંસલ કરવા માટે પોતાનું મનોબળ ટકાવી રાખ્યું.મેચ બાદ સુકાની અથાપથુએ કહ્યું, ‘‘અમે દબાણને સારી રીતે સંભાળ્યું. અમને ખબર હતી કે જો અમે રમતને ઊંડાણમાં લઈ જઈશું, તો ટીમો તૂટી શકે છે.‘‘ તેણીએ સ્વીકાર્યું કે બેટિંગનું પતન અને કેચ છોડવાથી ટીમને નુકસાન થયું હતું, પરંતુ તેણે ઉમેર્યું કે ‘‘નસીબ આજે અમારા પર સ્મિત કરે છે.‘‘ શ્રીલંકાના અભિયાન માટે આ જીત એક મોટી રાહતરૂપ છે.આ જીત સાથે શ્રીલંકા ચાર પોઈન્ટ સાથે સ્ટેન્ડિંગમાં છઠ્ઠા સ્થાને પહોંચી ગયું છે, જે ન્યુઝીલેન્ડ અને ભારતની બરાબરી પર છે. જોકે, સેમિફાઈનલના અંતિમ સ્થાન માટે તેમને અન્ય મેચોના પરિણામો પર નિર્ભર રહેવું પડશે, કારણ કે ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડ પહેલાથી જ છેલ્લા ચારમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી ચૂક્યા છે.


# ધીરગુરૂદેવના વ્યાખ્યાન સંગ્રહ સુપર સે ઉપર ભાગ-રની વિમોચન

**અબતક, રાજકોટ**

વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર રાજકોટ સંસ્કારિત શાસનપ્રગતિ (માસિક) સુપરસે ઉપર ભાગ - ૨ (ઓપન - ૨ એકઝામ)ની વિમોચન વિધી તા. ૨૨ ને બુધવારે સવારે ૮ કલાકે નૂતન વર્ષ માંગલિક સમારોહ મધ્યે કરવામાં આવશે.

શાસનપ્રગતિના સભ્યોને નૂતનવર્ષ જ્ઞાન ઉપહાર તરીકે મોકલવામાં આવશે.

પરમ કલ્યાણના ૪૦ બોલ ઉપર વિવેચના સભર વ્યાખ્યાન છે. જેમાં શોધવા જેવી શાંતિ, આપવા જેવી ક્ષમા, રાખવા જેવી



ધીરજ, મેળવવા જેવી મુકિત, ફોટોગ્રાફમાં માત્ર સ્માઈલ પ્લીઝ રાખવા શીખી જાઓ.

સંસ્કારના કેટલાક સંબંધો ઓન લાઈન જેવા, કેટલાક ઓફ લાઈન, જેવા અને કેટલાંક લાઈટ લાઈન જેવા હોય છે. વેલ્ડિગમાં પહેલા અને વોડીંગમાં પછી તણખા ઝરે છે. સરલ અને સુબોધ શૈલીમાં ૨૩૬ પેજનું પુસ્તક જ્ઞાનાર્થે અલ્પમૂલ્યમાં વૈશાલીનગર, જન-પ્રેમ- ધીર સંકુલ ખાતેથી બુધવારથી મળશે. વધુ વિગત માટે મો. નં. ૯૯૭૯૨ ૩૨૩૫૭ નો સંપર્ક કરવો.

# રાજકોટ: જલારામ જન્મોત્સવ સમિતિ દ્વારા જલારામ બાપાની ધર્મ ઝંડીઓનું વિતરણ

**અબતક, રાજકોટ**

જલારામ જન્મોત્સવ સમીતી રાજકોટ દ્વારા દેવપરા શાક માર્કેટ ચોક વિસ્તારમાં જલારામ બાપાની ઝૂંડીઓનું વિતરણ કરાયું તથા ફોર વ્હીલર્સ રીક્ષાઓમાં ઝંડીઓ લગાવાઈ સર્વ જલારામ ભકતોને જલારામ શોભાયાત્રામાં જોડાવવા જાહેર આમંત્રણ સાથે મહાઆરતી જલારામ મહાપ્રસાદ સાથે લેવા તથા લોકસાહિત્યકાર રવિરાજ રઘુવંશી તથા જગદીપ ખુમાણ પ્રસ્તુત લોકડાયરમાં પધારવા જાહેર નિમંત્રણ પાઠવાયું છે.



શોભાયાત્રાનો પ્રારંભ તા. ૨૯ ને બુધવારે સાંજે ૪ કલાકે ચૌધરી હાઈસ્કુલથી પ્રારંભ પ્રસ્થાન થશે. શોભાયાત્રા સાંજે ૭.૧૫ કલાકે વિરાણી હાઈસ્કુલ પટાંગણમાં વિરામ પામશે.

જલારામ જન્મોત્સવ સમીતી દ્વારા મહાઆરતી સાંજે ૭.૩૦ કલાકે મહાપ્રસાદ સાંજે ૭.૪૫ કલાકે થી શરુ થઈ જશે સાથે જયદીપ ખુમાણ દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. જે માટે રઘુવંશી પરિવાર ચે. ટ્રસ્ટ દ્વારા સમગ્ર આયોજન તથા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જલારામ શોભાયાત્રામાં જોડાવવા માટે સંસ્થાના કાર્યાલય કેશરીયા લોહાણા મહાજન વાડી કરણપરા ચોક, રાજકોટનો દરરોજ રાત્રે ૯.૩૦ થી ૧૧ દરમ્યાન સંપર્ક થઈ શકશે. જેમાં વાહનની સુવિધા વિનામૂલ્યે કરી આપવામાં આવશે જે માટે જલારામ જન્મોત્સવ સમીતીની ટીમ સતત કાર્યરત છે.

# તહેવારોમાં ખરીદીની આતશબાજી: વેપારીઓના ચહેરા ચમક્યાં



## લીમડાલાઈન-ટાઉનહોલ વિસ્તારમાં ખરીદી માટે ધસારો જોવા મળ્યો

જામનગરમાં દીવાળીના દિવસે અને નવાવર્ષની છેલ્લી છેલ્લી ઘડીની ઘરાકી નીકળતા બજાર ખરીદદારોથી ઉભરાઈ જવા પામી હતી. આવી ઘરાકીની અસર શહેરના ટ્રાફીક ઉપર પણ પડતા શહેરના સંખ્યાબંધ વિસ્તારોમાં ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ હતી.

શહેરના ખરીદીના કેન્દ્રના વિસ્તારો એવા અંબર ટોકીઝ રોડથી પટેલ કોલોની શેરી નંબર-૯ સુધીના બ્રાન્ડેડ શો-મો અને ઈલેક્ટ્રોનિક ગુડઝના શો-મો આવેલા છે. તેથી તે વિસ્તારમાં અને મોબાઈલ બજાર બનેલા લીમડાલાઈન-ટાઉનહોલ વિસ્તારમાં ખરીદીની ધુમ જોવા મળી હતી.

પરંપરાગત ખરીદી માટેના જુના શહેરી વિસ્તારોની વાત કરીએ તો ટાઉન હોલ, ત્રણ બત્તી, બેડી ગેઈટ, રણજીત રોડ, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝ ગલી, પંચેશ્વર ટાવર રોડ, ચાંદી બજાર, રાજેન્દ્ર રોડ, દરબાર ગઢથી તાકવાળી બજારથી લીંડી બજાર, બર્ધન ચોક, જુમા મસ્જીદની પાછળની ગલી, મોચી બજાર, માંડવી ટાવર રોડ, સિંધી માર્કેટ, સેન્ટ્રલ બેન્ક રોડથી હવાઈ ચોક સુધીના વિસ્તારોમાં ઈલેક્ટ્રોનિક, ઈલેક્ટ્રીકલ આઈટમો, સુશોભનની વસ્તુઓ, ફટાકડા, કપડા, ચપ્પલો, રેડીમેઈડ લેડિઝ ડ્રેસીઝ, કટલેરી, હોઝિયેરી, મુખવાસ, મીઠાઈ, રસોડાની સામગ્રી, વાસણોની બજાર, સંઘાડીયાઓ પાસેની લાકડાની આઈટમોની ખરીદી માટે હજારો લોકો ખરીદીમાં ઉમટયા હતા.

## ડિજિટલ યુગમાં ચોપડા અને પંચાંગ ધૂમ વેચાણ

આજના ડીઝીટલ યુગમાં પણ જામનગરમાં દિવાળીના તહેવારમાં રોજમેળ, ખાતાવહી, દિવાળી ડાયરી, કેલેન્ડર સહિતની ધુમ ખરીદી થઈ રહી છે. ગત વર્ષ કરતા પણ ચાલુ વર્ષે રોજમેળ સહિતના વેચાણમાં વધારો થયો હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.

જામનગરમાં દિવાળી પર્વની ઉજવણીમાં પરંપરાગત વસ્તુઓની લોકો ખરીદી કરી રહ્યા છે. ત્યારે આજના મોબાઈલના યુગમાં પંચાગ, તારીખીયા, કેલેન્ડર તેમજ ખાતાવહી સહિતની સુવિધાઓ પ્રાપ્ત થઈ રહી છે. તેમ છતાં આ વસ્તુઓનું ધુમ ખરીદી લોકો કરી રહ્યા છે. હાલ જામનગર શહેરની બજારમાં તારીખીયા રૂ.૩૦ થી ૩૦૦ સુધીના તેમજ કેલેન્ડર રૂ.૫૦થી વધુ, પંચાગ રૂ.૧૫ થી ૧૦૦, રોજમેળ રૂ.૧૬૦ થી ૧૦૦૦, ખાતાવહી રૂ.૧૬૦થી ૫૫૦ તેમજ દિવાળી ડાયરી રૂ.૧૫૦થી ૫૦૦ સુધીની કિંમતના મળી રહ્યા છે. વેપારીઓ સહિતના લોકો પોતાનો હીસાબ-કીતાબ રાખવા માટે ખાતાવહી અને રોજમેળની ખરીદી કરી રહ્યા છે.

આજના ડીઝીટલ યુગમાં દર વર્ષે ખાતાવહી, રોજમેળ, પંચાગ સહિતની વસ્તુઓનું વેચાણ થઈ રહ્યું છે. નવા વર્ષથી લોકો પોતાનો હિસાબ-કિતાબ નવી ખાતાવહીમાં ઉપયોગ કરે છે. જેથી આજના યુગમાં પણ ચોપડા, પંચાગ સહિતનો ક્રેઝ જોવા મળી રહ્યો છે.



ચાર પેઢીથી પંચાગ, ખાતાવહી સહિતના ચોપડાનું વેચાણ કરતા વેપારી ગોપાલભાઈ ચંદારાણા જણાવે છે કે, દર વર્ષે ચોપડાઓ તેમજ પંચાગ સહિતની વસ્તુઓનું વેચાણ વધી રહ્યું છે. તો અમુક ચોપડામાં જ નજીવો ભાવ વધારો જોવા મળે છે.

ભાવમાં નજીવો ભાવ વધારો જોવા મળ્યો

## 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત

# ૧૯ મોબાઈલ ફોન શોધીને મૂળ માલિકને પરત કરતી સિટી પોલીસ

પોલીસ એ પ્રજાનો મિત્ર છે' એ સૂત્ર જામનગર જિલ્લાના પોલીસ તંત્રએ ફરી એક વખત સાર્થક કરીને બતાવ્યું છે, અને જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી જુદા જુદા નાગરિકોના ગુમ થયેલા ૧૯ જેટલા મોબાઈલ ફોન પોલીસે બે મહિનાની કવાયત હાથ ધરીને શોધી કાઢી તેના મૂળ માલિકને પરત અપાયા છે.



જિલ્લા પોલીસવડા અને સિટી ડી.વાય.એસ.પી. ના માર્ગ દર્શન હેઠળ ગઈકાલે સિટી એ.ડિવિઝન પોલીસ મથક ના પી.આઈ. ની કચેરીમાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો હતો, જેમાં પોલીસ ઈન્સ્પેક્ટર ની હાજરીમાં તમામ મોબાઈલના મૂળ માલિકોને બોલાવીને મોબાઈલ ફોન સુપ્રત કરી દેવાયા હતા.

જામનગર જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈની ની આગેવાની હેઠળ શહેર જિલ્લાના નાગરિકોના ગુમ થયેલા મોબાઈલ ફોન શોધવા માટેની પોલીસ દ્વારા વિશેષથી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જેના ભાગરૂપે જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી છેલ્લા ૩ મહિનાના સમયગાળા દરમિયાન આશરે ૧૯ જેટલા વ્યક્તિઓના અલગ અલગ વિસ્તારમાંથી મોબાઈલ ફોન ખોવાઈ ગયા અથવા ગુમ થયા હોવા ની જાણકારી પોલીસ તંત્રને મળી હતી. જે તમામ મોબાઈલ ફોન તેના મૂળ માલિકને પરત મળી જાય, તે માટે પોલીસ વિભાગ દ્વારા વિશેષ ઝુંબેશ ચલાવવા માટે અલગ અલગ ટુકડીને કાર્યરત કરવામાં આવી હતી. જેના ભાગરૂપે જામનગરના એસ.પી. ડો. રવી મોહન સૈની, અને શહેર વિભાગના ડી.વાય.એસ.પી. જે.એન. ઝાલા ના માર્ગદર્શન હેઠળ સીટી એ. ડિવિઝનના પી.આઈ. એન. એ. ચાવડા વગેરેની આગેવાનીમાં એક વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે કાર્યક્રમમાં જામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તાર સહિતના કુલ ૧૯ વ્યક્તિઓ, કે જેઓના મોબાઈલ ફોન ગુમ થયા હતા, તે તમામને પોલીસ મથકે બોલાવાયા હતા, અને પ્રત્યેક મોબાઈલ ધારકોને ખરાઈ કરીને તેઓનો ગુમ થયેલો મોબાઈલફોન પર ત સોંપી દઈ 'પોલીસ એ પ્રજાનો મિત્ર છે' તે સૂત્રને સાર્થક કરી આપ્યું હતું.

# દ્વારકા: હરિના ધામમાં હરિકુંડની દુર્દશા

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દ્વારકા યાત્રાધામમાં આવેલ દ્વારકાધીશ જગતમંદિર તથા આસપાસના ટુરીઝમ ડેસ્ટીનેશન પર હાલમાં ચાલુ દિવાળી વેકેશનમાં લાખો ભાવિકો દશ'નાર્થે' આવી રહયા છે ત્યારે દ્વારકામાં આવેલ હેરિટેજ હરિકુંડમાં લાંબા સમયથી વ્યાપક ગંદકી જોવા મળી રહી છે. જગતમંદિરની તન નજીકમાં આવેલાં અને મહાપ્રભુજીની બેઠક પાસેના પૌરાણિક હેરિટેજ દરજજો ધરાવતા હરિકુંડમાં સ્નાનનું પણ અનેરૂ મહત્વ છે ત્યારે લાંબા સમયથી હરિકુંડ પ્રત્યે તંત્ર બેજવાબદાર હોય તેમ




યોગ્ય સફાઈના અભાવે વ્યાપક ગંદકીના લીધે અહિં દશ'નાર્થે' તથા સ્નાનાર્થે' આવતા ભાવિકોમાં ભારે કચવાટની લાગણી જોવા મળી રહી છે. વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મેળવતી નગરપાલીકા તથા સંલગ્ન વિભાગો હરિકુંડની સાફસફાઈ તથા સતત મોનીગરીંગ કરે તે જરૂરી જણાઈ રહયુ છે.

# મેટોડા: વડ વાજડી ગામે ૩૦મીએ સુંદરી ભવાની માતાજીનો નવરંગો માંડવો

**અબતક, બી.એમ.ગોસાઈ, મેટોડા**

વડ વાજડી લખમણભાઈ અરજણભાઈ રાઠોડના આંગણે ભાવેશભાઈ તેમજ અશ્વિનભાઈ રાઠોડ દ્વારા દેવોના દેવ મહાદેવ ઈષ્ટદેવ કૃષ્ણ કુળદેવી સુંદરી ભવાની માતાજી રાઠોડ પરીવારના સુરાપુરાદાદા લૈયારા વાળાની કૃપાથી સુંદરી ભવાની માતાજીનો ૨૪ કલાકના નવરંગા માંડવાનું આયોજન કરવામાં આવેલ છે. મંડપના અવસર ૩૦/૧૦ના સવારે શુભ ચોઘડીયે થાંભલી રોપણ માતાજીના સામૈયા તેમજ કરના



ભુવા સ્વ.કરશનભાઈ મેરામણભાઈ રાઠોડના આશિર્વાદ સાથે કલમના ભુવા સામતભાઈ ડાભી મેલડી માતાજી વાગુદડ તેમજ રાત્રે નવરંગા માંડવા માં રાવળદેવ કાળુભાઈ (ધરવાળા) નિલેશભાઈ (ચોગઠ) હરેશભાઈ (ટંકારા) વિજયભાઈ (કરદેજ) ભવદિપભાઈ (આંબલા) વિરાભાઈ (ટંકારા) સહિતના રાવળદેવો ના ડાકની ડણક માતાજી ની આરાધના સાથે માતાજી ના ભક્તો ને રાજી કરશે પંચના ભુવાઓ સુંદરી ભવાની માતાજીના નવરંગા માંડવા ની ઉપસ્થિત રહિને શોભામા અભિવૃધ્ધિ કરશે તેમજ આમંત્રિત મહેમાનો સગા સ્નેહીઓ મિત્રો માટે સાંજે ૬:૩૦ કલાકે પ્રસાદ વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

# સ્લમ વિસ્તારના બાળકો સાથે ફટાકડા ફોડી દિવાળીની ઉજવણી કરતા ધારાસભ્ય દિવ્યેશ અકબરી

## દર વર્ષની જેમ દિવ્યેશ અકબરીએ બાળકોને મીઠાઈ અને ભેટ આપી

જામનગર શહેરના ૭૯ વિધાનસભાના ધારાસભ્ય દિવ્યેશ અકબરીએ દિવાળી પર્વની ઝૂંપડપટ્ટીના બાળકો સાથે અનોખી ઉજવણી કરી હતી. આ વેળાએ તેઓએ બાળકોને ફટાકડા અને મીઠાઈ પણ અર્પણ કરી હતી.





પ્રકાશ અને ખુશીઓના પર્વ દિવાળી નિમિત્તે જામનગર દક્ષિણના ધારાસભ્ય દિવ્યેશ અકબરીએ આ વર્ષે પણ ગરીબ બાળકો સાથે દિવાળીની ખુશીઓ વહેંચી હતી.દિવ્યેશ અકબરીએ બાળકોને મીઠાઈ અને ભેટ આપી તેમની સાથે આનંદપૂર્વક દિવાળીની ઉજવણી કરી હતી. દર વર્ષે જેમ, આ વર્ષે પણ તેમણે સમાજના જરૂરિયાતમંદ વર્ગ સાથે ઉત્સવ ઉજવી માનવતા અને સહભાગિતા નો સુંદર સંદેશ આપ્યો હતી. આ પ્રસંગે બાળકોના ચહેરા પર ખુશી છલકાઈ ઉઠી હતી.

ધારાસભ્ય દિવ્યેશ અકબરીએ પોતાના વિસ્તારમાં ઝુપડપટ્ટીના નાના ગરીબ લોકોના બાળકો સાથે દિવાળી પર્વની ઉજવણી કરી હતી.. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જે નેમ છે કે છેવાળાના માન્ય સુધી પહોંચવું અને અંત્યોદય માહોલમાં છેવાડાના માનવી દિવાળી ઉજવી શકે તે અંતર્ગત તેઓએ વિસ્તારમાં આવેલા ઝૂંપડપટ્ટીના બાળકો સાથે દિવાળી પર્વની ઉજવણી કરી છે, બાળકો સાથે ફટાકડા ફોડી અને મીઠાઈનું વિતરણ કર્યું હતું. દિવાળી પર્વની હર્ષ અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.

# દ્વારકામાં સમુદ્ર મધ્યે બિરાજતા ભડકેશ્વર મહાદેવ મંદિરે અન્નકુટ મનોરથ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દ્વારકાના સમુદ્રની જળરાશિ વચ્ચે ઘેરાયેલા ઐતિહાસિક શિવાલય ભડકેશ્વર મહાદેવના મંદિરે આજે સાંજે ૪ થી ૯ દરમ્યાન ભવ્ય અન્નકુટ મનોરથનું આયોજન કરવામાં આવેલ છે. આ દર્શન મનોરથનો લાભ લેવા મંદિરના પૂજારી રેખાબેન રમણગીરી ગોસ્વામી દ્વારા શિવભકતોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે.



# ભાવનગર: કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ દિવાળીએ વૃધ્ધાશ્રમના વડીલોના લીધા આશિર્વાદ

**અબતક, આનંદ રાણા, સિહોર**

દેશભરના દિવાળીની ઉજવણીના માહોલમાં કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ ભાવનગર આંબાવાડી વૃધ્ધાશ્રમ ટ્રસ્ટના વૃધ્ધાશ્રમમાં દિવાળીએ વડીલોના આર્શિવાદ લીધા હતા.

અંધકાર પર ઉજાસનાં વિજયના મહાપર્વ પ્રસંગે દિપાવલી નિમિત્તે પરંપરાગત હર વર્ષની જેમ આ વખતે પણ વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ - આંબાવાડી, ભાવનગર ખાતે



વડીલઓનું મોં મીઠું કરાવી આર્શીવાદ મેળવી સૌને આવનારા નૂતન વર્ષ માટે શુભકામના પાઠવી હતી. ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ દ્વારા આમ જ નિરાધાર અને વયોવૃદ્ધોની સંવેદના સાથે સેવાની અવિરત જ્યોત પ્રજ્જલિત કરી સતત પ્રેરણાદાયી સામાજિક કાર્યો કરતા રહે તેવી શુભકામનાઓ મંત્રી દ્વારા પાઠવવામાં આવી હતી.

મંત્રીએ કહ્યું હતું કે, સાંસ્કૃતિક અને ઐતિહાસિક મૂલ્યો તેમજ સામાજિક પરંપરાને નિભાવવાનો અને આનંદ- ઉલ્લાસના આ દિપોત્સવી અવસરે આપણે સહુ યથાશક્તિ સમાજોધ્ધારમાં યોગદાન આપીએ તેમજ દુઃખીયાઓના જીવનમાં પણ સુખરૂપી દીપક પ્રગટાવવા જોઈએ

મંત્રીની મુલાકાત વેળાએ ભાવનગરના મેયર ભરતભાઈ બારડ, સંસ્થાના ટ્રસ્ટીઓ, નગરસેવકો, સ્થાનિક પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જગત મંદિરે દીપોત્સવ પર્વે દ્વારકાધીશ બન્યાં શામળા શેઠ





## વેકેશનમાં ઠાકોરજીના દર્શને ભાવિકોની ભીડ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં સવારે રૂપ ચતુર્દશી તથા દિપાવલી પર્વ નિમિત્તે ઠાકોરજીને હાટડી દર્શન તથા દિપમાલા દર્શન યોજવામાં આવ્યા હતા. સાંજે દિપાવલી પર્વ નિમિત્તે ઠાકોરજીને સોનેરી રંગના વિશેષ વાઘા સાથે સંપૂર્ણ સોના-ચાંદી હિરાજડિત આભુષણો તથા શ્રીમસ્તક પર સુવર્ણજડિત મુગટ સાથેનો અલૌકિક શૃંગાર કરવામાં આવ્યો હતો. દિપાવલી પર્વે સાંજે નિજ સભાખંડમાં આકર્ષક રંગોળી તથા દિપમાલા દર્શન યોજવામાં આવ્યા હતા. યાત્રાધામ દ્વારકામાં હાલમાં ચાલી રહેલા દિવાળીના મીની વેકેશનમાં હોટલ, ગેસ્ટહાઉસમાં ધૂમ બુકીંગ નોંધાયા છે. યાત્રાધામ દ્વારકા, બેટ દ્વારકા, નાગેશ્વર જ્યોતિર્લિંગ તથા પર્યટન સ્થળો શિવરાજપુર બીચ, સુદર્શન સેતુ, ભડકેશ્વર બીચ, હર્ષદ (ગાંધવી), ગોપી તળાવ, રૂક્ષ્મણી મંદિર વગેરે સ્થળોએ દર્શનાર્થીઓ તથા પ્રવાસીઓની વ્યાપક ભીડભાડ જોવા મળી રહી છે જે સમગ્ર દિવાળી વેકેશન દરમ્યાન રહેશે. દિવાળીના તહેવારો દરમ્યાન દ્વારકા, ખંભાળીયા, મીઠાપુર, રાવલ, ઓખા, સુરજકરાડી, કલ્યાણપુર, ભાટીયા સહિતના શહેરી ક્ષેત્રો તથા ગ્રામીણ વિસ્તારોમાં પણ દીવા, રોશની, ઈલેકટ્રીક ઉપકરણો, રંગવાળા, કંદોઈ, ફટાકડા, નાસ્તા તથા ઠંડાપીણાની દુકાનો પર વ્યાપક પ્રમાણમાં ગ્રાહકોની ભીડભાડ જોવા મળી રહી છે.

## ઠાકોરજી સમીપ ત્રાજવા - તોલા સાથે ચોપડા અને સોના ચાંદીના સિકકાનું પુજન કરાયું

જગતમંદિરમાં હાટડી દર્શન યોજાયા હતા. જેમાં દ્વારકાધીશજી શામળા શેઠ સ્વરૂપ ધારણ કરી વેપારી બન્યા હતા. ઠાકોરજીને તમામ પ્રકારની મીઠાઈઓની હાટડી ભરી, ત્રાજવા-તોલાં સાથે બિરાજી ચોપડા પૂજન તેમજ લક્ષ્મી સ્વરૂપના સોના-ચાંદીના સિકકાનું પૂજન કરવામાં આવ્યું હતું. ગઈકાલે સવારે જગતમંદિરમાં રૂપ ચતુર્દશી તથા સાંજે દિપાવલી પર્વ ઉજવવામાં આવ્યો હતો જેમાં સવારે ૫:૩૦ કલાકે મંગલા આરતી, રાત્રે ૭:૧૫ કલાકે હાટડી દર્શન તેમજ દિપમાલા દર્શન યોજવામાં આવ્યો હતો જેનો હજારો ભાવિકોએ પ્રત્યક્ષ રીતે તેમજ લાખો કૃષ્ણભક્તોએ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી લાભ લીધો હતો.



આજ તા.૨૧ ઓકટોબરને મંગળવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ગોવર્ધન પૂજા તથા સાંજે ૫ થી ૬ કલાક સુધી ઠાકોરજીને ભવ્ય અન્નકુટ મનોરથ યોજવામાં આવશે. તા.૨૨મી ઓકટોબરને બુધવારે નૂતન વર્ષ તથા તા.૨૩મી ઓકટોબરને ગુરૂવારે ભાઈબીજ પર્વની ઉજવણી કરવામાં આવનાર છે.

શુભ દિપાવલી
નૂતન વર્ષાભિનંદન
આ દિવાળી આપ સૌના જીવનમાં
ખુશી, સુખ,શાંતિ,આરોગ્ય અને સમૃદ્ધિ લાવે
તેવી મંગલકામનાઓ
એક શુભેચ્છક

ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ.બેંક લી.-વેરાવળ
વહીવટી ઓફીસ : 'વૃંદાવન', શુભમ ટાવર્સ સામે, બસ સ્ટેશન પાસે, વેરાવળ.
ફોન : ૦૨૮૭૬ - ૨૪૪૦૭૭, ૨૨૧૨૦૧, ૨૪૪૧૨૩
૬૬ વર્ષથી ગ્રાહક સેવામાં 1959.. 2025 આપણી બેંક ડીજીટલ બેંક
ડીજીટલ ઈન્ડીયા મુવમેન્ટના ભાગરૂપે
ગ્રાહક સેવાર્થે વિના મુલ્યે...
જાણકાર બનીયે સતર્ક રહીયે.
આકર્ષક થાપણના વ્યાજદર
સરળ ઝડપી ધિરાણની પ્રક્રિયા
ATM Network સાથે જોડાણ..
POS Debit Card ઓફલાઈન શોપીંગ
Mobile Banking મોબાઈલ દ્વારા ફંડ ટ્રાન્સફર
RTGS - NEFT ત્વરીત ફંડ ટ્રાન્સફર
M. પાસબુક
QR Code સરળતાથી નાણા ટ્રાન્સફર
SMS Service દરેક ટ્રાન્ઝેક્શનના એલર્ટ
ચેરમેન પ્રકાશભાઈ જે. તન્ના
મેનેજીંગ ડિરેક્ટર રમેશચંદ્ર ડી. ઠકરાર
જનરલ મેનેજર પરેશ એન. રાયમગીયા
www.vpcbank.com Email : headoffice@vpcbank.com

દિપાવલીની શુભકામનાઓ
નૂતન વર્ષાભિનંદન
અતુલ એસ. કોટેચા
પ્રમુખ અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ - વેરાવળ ગીર સોમનાથ
સોમનાથ ટુડે સાપ્તાહિક પરિવાર
જરૂરિયાત સાપ્તાહિક પરિવાર

Real TASTE
11 am to 3 pm
7 pm to 11 pm
PUNJABI - CHINESE - SOUTH INDIAN - CONTINENTAL
Opp. Bus Stand, Veraval,
Dist. Gir Somnath, Ph. : 02876-221737
શુભ દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદન

ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
Wish You a Very Happy Diwali & Prosperous New Year
તહેવારનો ઉમંગ.... VMCB બેન્કને સંગ...
આકર્ષક વ્યાજદરે ત્વરીત ધિરાણ
હોમ લોન
કાર લોન
ગોલ્ડ લોન
સોલાર લોન
MSME LOAN
એજ્યુકેશન લોન
જન સમૃદ્ધિ લોન
ફ્રી ડિજીટલ સેવાઓ
✓ કોઈપણ છુપા ચાર્જ વગર ધીરાણ
✓ પેનલ્ટી વગર રીપેમેન્ટ
✓ ઘટતી જતી બાકી ઉપર વ્યાજ
UPI + Mobile Banking
24*7 Free Balance Alert
909 909 4400
ફિક્સ ડિપોઝીટ પર ૭.૭૫*% વ્યાજ દર (મુદત ૧ વર્ષ માટે)
Atul D. Shah CEO & M.D.
Bhavnaben A. Shah Vice Chairman
Navinbhai H. Shah Chairman
& all Bord of Directors & Board of Management
• Veraval, Main : 99090 45101 • Rayon : 99090 45102 • Somnath : 63580 24101
• Haveli - 63580 24102 • Una : 99090 45103 • Junagadh : 99090 45105 • Zzrd. Rd. - 99090 45110
• Bedi (Rajkot) - 99090 45109 • Rajkot - 99090 45106 • Keshod : 99090 45107
• Sutrapada : 99090 45104 • Manavadar - 99090 45108 • Dared (Jamnagar) - 99090 45112

શુભ દિપાવલી
તથા નૂતન વર્ષાભિનંદન
શ્રી લખમ ડી. ભેંસલા
સ્થાપક, ગોપાલ ગ્રુપ
ખારવા સમાજ અગ્રણી ઉદ્યોગપતિ

મુકેશભાઈ ચોલેરા
વેરાવળ
શુભ દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદન

દિપાવલીની હાર્દિક શુભકામનાઓ સહ...
નૂતન વર્ષાભિનંદન...
(ઉદ્યોગપતી)
શ્રી જગદીશભાઈ વેલજીભાઈ ફોફંડી
ચેરમેન : મરીન પ્રોડક્ટ ડેવલપમેન્ટ ઓથોરીટી (M.P.E.D.A.)
પૂર્વ પ્રમુખ : વેરાવળ - પાટણ સંયુક્ત નગરપાલિકા

શુભ દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદન
Avsar RESORT PARTY LAWN & BANQUET

શુભ દિપાવલી તથા
નૂતન વર્ષાભિનંદન
લક્ષ્મણભાઈ સોલંકી
પૂર્વ પ્રમુખ
તાલુકા પંચાયત
વેરાવળ

કુરેશી બાગ & નર્સરી
અહીંથી નસીબના વાવેતર કરો છોડવા માંથી ઝાડવા થશે.
દિપાવલી અને નૂતન વર્ષની શુભકામના.
શું આપ કુદરતી પ્રકૃતિ-પર્યાવરણને ચાહો છો...
શું આપ પૃથ્વીને ગ્લોબલ વોર્મીંગથી બચાવવાની ઇચ્છા ધરાવો છો...
શું આપને વિવિધ પ્રકારના વૃક્ષો-વનસ્પતિઓના રોપા-કલમો જોઈએ છે...
શું આપ લુપ્ત થઈ રહેલી દેશી પ્રજાતિનાં ઔષધિય છોડ વિશે જાણવા માંગો છો...
શું આપને એક સાથે એક જગ્યાએ ૨૦૦ થી વધારે જાતના આંબાના વૃક્ષો જોવા છે...
જો ઉપરના પ્રશ્નો માટે આપનો જવાબ "હા" હોય તો... એક વખત અવશ્ય મુલાકાત લો
અનેક એવોર્ડ મેળવનાર ગફારભાઈ કુરેશી દ્વારા સંચાલિત
જ્યાં આપને મળશે
વધુ માહિતી માટે સંપર્ક
કુરેશી બાગ એન્ડ નર્સરી
ગફારભાઈ કુરેશી : ૯૪૨૮૪ ૬૫૫૫૮ આદીલ જી. કુરેશી : ૯૯૦૯૦ ૨૪૬૦૫
હાજી રહીમભાઈ કુરેશી : (૦૨૮૭૭) ૨૨૩૨૦૯ પરવેઝ જી. કુરેશી : ૯૯૨૪૦ ૪૦૭૦૬

ASHOKBHAI: 98247 52655
V. J. INTERIOR MALL
HAPPY Diwali
BOMBAY PLYWOOD
All type of Plywood,
Flushdoor, Decoraive
Laminates
V.J. INTERIOR MALL Junagadh Highway, Nr. Hotel Daksh,
Opp. Baliya Hanuman Temple, VERAVAL (GIR SOMNATH) GUJARAT
E-mail: Bombay_plywood@gmail.com